gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૨




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# 'સન્ડે ઈ–મહેફીલ'

## ઈ–બુક

ભાગ–002

'સ.મ.' ક્રમાંક 026 થી 050

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :


Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com



Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'વીદાય–સલામ' 155-1 : 18-05-2008). આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી ‘સ.મ.’માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર ‘સ.મ.’ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો’કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી ‘સ.મ.’ મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર ‘સ.મ.’ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને ‘લેક્સીકોન’ નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી ‘ઈ–બુક’ વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નોલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – 02


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 026 | બાળકનું સ્વતંત્ર વ્યક્તીત્વ સ્વીકારો | પ્રા.રમણ પાઠક | 04-12-2005 | 11 |
| 027-1 | 'છે..નથી !'(કાવ્ય) | રાજીવ સવાણી(બ્રીટન) | 11-12-2005 | 18 |
| 027-2 | પ્રસન્ન દામ્પત્ય | સંકલીત | 11-12-2005 | 19 |
| 028 | સુખ | 'અજ્ઞાત' | 18-12-2005 | 21 |
| 029 | ઉઘાડી આંખ(વાર્તા) | બળવંત પટેલ | 25-12-2005 | 23 |
| 030 | વૃદ્ધોનો આદર | વલ્લભ ઈટાલીયા | 01-01-2006 | 30 |
| 031 | ખોવાયેલો ભગવાન | સ્વ. અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ | 08-01-2006 | 37 |
| 032 | ભારેલા અગ્નીના તણખા (રસાસ્વાદ) | યશવંત મહેતા | 15-01-2006 | 45 |
| 033 | ઝરુખડે દીવા બળે | રોહીત શાહ | 22-01-2006 | 51 |
| 034-1 | ઈ–શબ્દકોશ લોકાર્પણ..(અહેવાલ) | બળવંત પટેલ | 29-01-2006 | 57 |
| 034-2 | ઈ–શબ્દકોશ લોકાર્પણ..(પ્રવચન) | ધીરુબહેન પટેલ | 29-01-2006 | 66 |
| 035 | આપણી દુર્બળતાઓ | સ્વામી સચ્ચીદાનંદજી | 05-02-2006 | 77 |
| 036 | સહજ સમાધ..'માધવ ગોર' | ડૉ. કનુભાઈ જાની | 12-02-2006 | 87 |
| 037 | નવવધુ–સાસુમા (કાવ્યો) | જયંત ગો. ગાંધી | 09-02-2006 | 94 |
| 038 | પેટોબા....(આરોગ્ય) | ડૉ.મહેરવાન ભમગરા | 26-02-2006 | 97 |

| | | | | |
|---|---|---|---|---|
| 039 | સંસ્કારીતાની ઈજારાશાહી હોય ? | સુધા મુર્તી | 05-03-2006 | 105 |
| 040 | ઉંઝાજોડણી વીશે | બળવંતભાઈ પટેલ | 12-03-2006 | 113 |
| 041 | કથા–વ્યથા એક દીકરીની...(વાર્તા) | 'હરીશ્ચંદ્ર' | 19-03-2006 | 122 |
| 042 | રતીલાલ ચંદરયા સાથે મુલાકાત | સંકલીત | 26-03-2006 | 127 |
| 043 | સાહીત્યનું ઈનામબજાર | ચન્દ્રકાંત બક્ષી | 02-04-2006 | 146 |
| 044 | પ્રસંગવીશેષ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ | 09-04-2006 | 154 |
| 045 | ડેડી : એક સર્વનામ | રીવા બક્ષી(પુસ્તક પરીચય) | 16-04-2006 | 157 |
| 046 | મારા દાદા–મારાં દાદી (કાવ્યો) | બળવંત પટેલ | 23-04-2006 | 164 |
| 047 | ખોટું અને ખરાબ | ચન્દ્રકાંત બક્ષી | 30-04-2006 | 167 |
| 048 | એલોપથીને વગોવશો નહીં(આરોગ્ય) | ગુણવંત શાહ | 07-05-2006 | 174 |
| 049 | ચાણક્ય અને ચાર્વાક | ચન્દ્રકાંત બક્ષી | 14-05-2006 | 181 |
| 050 | આનંદઘન કો ક્યા?..(વાર્તા) | મધુકાન્તા ગજ્જર | 21-05-2006 | 189 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

026 : 04-12-2005

# બાળકનું સ્વતંત્ર વ્યક્તીત્વ સ્વીકારો..

–પ્રા. રમણ પાઠક ‘વાચસ્પતી’

અનુક્રમણીકા

To solve the problem of education, children must be surrounded with equity and must be equitably treated. And each and everyone, parent or child, must be understood to be an individual, and must have his or her individual rights equitably respected.

--Joslah Warren (અમેરીકન ચીન્તક)

નાનું બાળક જ્યારે પણ કંઈક સારું કે ખરાબ વર્તન કરે, ત્યારે ની:શંક સમજી લેજો કે એ ગુણ કે અવગુણ તે ખુદ બાળકનો તો નથી જ; કારણ કે શીશુ યા નાનકડું ભુલકું જ્યારે આ દુનીયાની ગતીવીધી સમજવા–શીખવા પ્રયત્નનો પ્રારંભ કરે છે, ત્યારે તે હમેશાં પોતાનાં વડીલોના વીચાર અને ખાસ–વીશેષ તો ઘરનાં, કુટુંબનાં મોટેરાંનાં વર્તનને અનુસરતું હોય છે. માટે બાળકની ભુલ કે અનુચીત વર્તન એ હકીકતમાં તો માબાપનો જ વાંક યા દોષ હોય છે. બાળક એ પ્રાણીજગતમાં સૌથી વધુ અનુકરણશીલ પ્રાણી છે. તે મોટેરાંના દાખલાનું રસપુર્વક સતત નીરીક્ષણ કરતું રહે છે અને પછી એ જ

પ્રમાણે વ્યવહાર કરવાનો પ્રયત્ન કરતું રહે છે. એ સારું કે ખરાબ? એટલો વીવેક કરવાની નીજી ક્ષમતા તો બાળક કદી ધરાવતું હોતું જ નથી. એને મન તો વડીલ જે કરે છે તે કાર્ય કરવા યોગ્ય જ પ્રતીત થાય અને પછી એ પ્રમાણે તે કરવાનો પ્રયત્ન કરે.

દા.ત. જ તમે બાળકને મારશો, પીટશો તો તે સમજશે કે, અમુક સંજોગોમાં સામી વ્યક્તીને મારવી જોઈએ, અને પછી તે બાળક અન્ય એવાં એનાં બાળસાથીને અથવા તો ખુદ વડીલોને મારતું થઈ જશે. બાળક મારતું થાય, તો સમજી જ લેવું કે એના ઘરનાં વડીલોમાંથી કોઈ વ્યક્તી પોતે મારકણી હશે! જો તમે તમારા બાળક પર કડક શાસન અને શીસ્તનો દોર ચાલુ રાખશો, તો એ બાળક પોતે પણ બીજા પર હુકમ ચલાવતું અને આજ્ઞાપાલન કરાવતું બની રહેશે.

દા.ત. મેં નજીકથી નોંધેલું કે એક બાળકી પોતાનાં નાનેરાં ભાઈભાંડું ઉપર હુકમ ચલાવવાની મનોવૃત્તી ધરાવતી અને રીતસર પીડાયે આપતી! નીરીક્ષણથી જાણવા મળ્યું કે, ખુબ નાની શીશુવયે એ બહેન ઉર્ફે બાળકી પોતે નોકરચાકરની તથા માતાપીતાની હુકમશાહીનો ભોગ બનેલી.

જો આપણે બાળકના અધીકારનો અને ખાસ કરીને, એના વ્યક્તીત્વનો આદર કરતાં રહીશું, તો બાળક પણ એનાં બાળમીત્રો તેમ જ એના વડીલોના વ્યક્તીત્વને માન આપતું

થઈ જશે. મતલબ કે જો તમારું નાનકડું સંતાન ઉદ્ધત પ્રકૃતી દર્શાવતું હોય, તો આત્મ–નીરીક્ષણ કરજો, કદાચ તમે પોતે જ ઉદ્ધત સ્વભાવના હોઈ શકો! ઉત્તમ રસ્તો એ જ છે કે બાળકના સ્વતંત્ર વ્યક્તીત્વનો પુર્ણતઃ સ્વીકાર કરો અને અન્ય પુખ્ત કુટુંબીઓ જેવો જ વ્યવહાર એના પ્રત્યેય દર્શાવો, તો બાળક આપોઆપ વીનયથી, વ્યવસ્થીત તથા સુસંસ્કારી કે સદવર્તનશીલ થવા માંડશે.

જો કે સૌથી મોટી સમસ્યા જ બાલમંદીરો કે શાળાઓની છે. ઘરનાં વડીલો ધારો કે નાનકડી શીશુવયથી જ બાળકના સ્વતંત્ર વ્યક્તીત્વનો સ્વીકાર કરીને, એના પ્રત્યે આદર–પ્રેમભર્યું વર્તન દાખવી, એનામાં સારા માણસપણાના ઘડતરની સંપુર્ણ કાળજી દાખવે; તો પણ શાળા–બાળમંદીરના શીક્ષકો પણ તે બાળક પ્રત્યે વ્યક્તીત્વના સુંદર ઘડતરના એવા જ હેતુવાળો, વ્યવહાર દાખવશે કે કેમ? એ પ્રશ્નનો આપણી પાસે જવાબ હોય, તોય ઈલાજ તો નથી જ નથી. ફુલની કળી જેવું, કાચી અને નમનીય સામગ્રી રુપ બાળક આપણને સોંપવામાં આવ્યું છે, માટે એનું ઉત્તમોત્તમ સુવીકસીત સ્વરુપ ઘડવાની આપણી ફરજ બની રહે છે, એવું ગંભીરપણે વીચારી, તદનુસાર વ્યવહાર કરનારા શીક્ષકો આપણે ત્યાં કેટલા? અરે, છે ખરા? આપણા લગભગ તમામ શીક્ષકો અણઘડ હોય છે. પાલતુ પ્રાણી કે સરકસનાં રીંછ–

સીંહને તાલીમ આપનારા નીષ્ણાતો અનીવાર્ય મનાય છે, અને અનીવાર્ય જ હોય છે; પરંતુ બાળકને તાલીમ આપનાર તે પુરેપુરો તાલીમબદ્ધ હોય, એટલું જ નહીં, એક પ્રકારની સ્વયંસ્ફુરીત ફરજભાવનાવાળો હોય, એની પુરી કાળજી સમાજ સેવતો નથી. પરીણામે કદાચ તમે સુધારેલાં તમારાં જ બાળકને શાળા બગાડે છે!

ટુંકમાં, બાળકના વ્યક્તીત્વને જ નહીં; એના અધીકારોને પણ માન આપો અને તમારું બાળક એક સરસ–સુંદર વ્યક્તી તરીકે જ નહીં, સંભવત: એક ઉમદા જવાબદાર નાગરીક તરીકે પણ ઝળહળી ઉઠશે. આજે આવા નાગરીકોની આ દેશમાં ખોટ પડી છે; કારણ કે, સજાગ, સભાન, જવાબદાર તથા કુશળ અને સુસજ્જ વડીલોની જ વાસ્તવમાં ખોટ પડી છે.

હું ઈશ્વરને હાડોહાડ ધીક્કારું છું, કારણ કે જો તેવી કોઈ શક્તી હોય તો એણે મારપીટ નામક પીડાકારી પ્રક્રીયાનું નીર્માણ જ શા માટે કર્યું છે?

શારીરીક માર એ એક ભયાનક અને ક્રુર–જંગલી વ્યવહાર છે અને સંસારમાં જબરો નબળાને યથેચ્છ મારે, મારીઝુડીને ગમે તેવું કામ એવા નબળા માણસ કે પ્રાણી પાસેથી લે, એ કેવી ભયંકર, કમકમાટી–પ્રેરક, કમઅક્કલ વ્યવસ્થા છે! આવી વ્યવસ્થાનો પ્રયોજનાર જો કોઈ ભગવાન

હોય તો તે, અથવા તો પ્રકૃતી–કુદરત ભક્તીને યોગ્ય નહીં; નફરતને લાયક ગણાય. શારીરીક અને માનસીક પીડા તથા પીડન એ મારે મન આ સજીવ સૃષ્ટીની કરુણતમ સમસ્યા છે અને એમાં બાળકનું પીડન અને તેય વળી જ્યારે ખુદ માતાપીતા કે વડીલો જ આચરતાં હોય, ત્યારે કોને રાવ કરીએ? કોની સમક્ષ જઈને રડીએ?

અરે, એવું દુષ્કૃત્ય અટકાવવાનોય આપણને તો અધીકાર નહીં!

તે દીવસે એકદોઢ વર્ષના એક બાળકને એની ગમાર માતા કચરો ખાવા બદલ મારતી–પીડતી હતી; ક્રોધપુર્વક ચીખીને પ્રશ્ન કરતી હતી કે, ‘બોલ, હવે કચરો ખાશે?’ જોરજોરથી આક્રંદ કરતું તે બાળક માથું ધુણાવી ના..ના..નો વણસમજ્યો ઉત્તર આપ્યે જતું હતું. મારાથી એ જોયું ન ગયું. સાવ અજાણ મહીલા છતાં, મેં રોકાઈને એ બહેનને વીનવ્યાં કે, ‘બહેન, શા માટે આ બાપડાને મારો છો? એ બીચારું હજી કશું સમજતુંય નથી..’ બહેન કહે, ‘નથી કેમ સમજતું? બધુંયે સમજે છે!’ અને એમ આગળ તાડનલીલા ચાલુ જ..

હવે, એકદોઢ વર્ષના બાળકને વળી કચરો શું અને ખાદ્ય શું ને અખાદ્ય શું? રસ્તામાં પડેલી કોઈ પણ ચીજ એ ઘણી વાર મોંમાં મુકી દેવા પ્રેરાય: જે માતાપીતાએ યા વડીલોએ શાંતીથી કાઢી લેવાની જ હોય. મારપીટ સજારુપ છે

યા પુન: એવું દુષ્કૃત્ય નહીં કરવાની એ ચેતવણી છે–એવું કશું જ સમજવા એ બાળક હજી સદંતર અશક્ત, અજ્ઞાન હોય છે. પેલું બાળક ના..ના..ની અદામાં જે માથું ધુણાવતું હતું, તે કચરો નહીં ખાવાના ફરમાન કે ઉપદેશના સ્વીકારરુપે હતું જ નહીં.

બાળક તો ફક્ત એટલા જ માટે માથું ધુણાવતું હતું કે, એમ કરવાથી માર ઓછો પડે યા બંધ થાય; જેમ ચાબુક કે પરોણી ફટકારવાથી ઘોડો કે બળદ દોડવા લાગે છે એ જ રીતે! એ લાચાર પ્રાણીઓને લેશમાત્ર સમજ કે ખબર નથી હોતી કે શા માટે આવો માર ખાવાનો અને શા માટે આમ દોડ્યા કરવાનું? ચાબુકના ફટકારથી ઘોડો દોડવા લાગે, વધુ વેગે દોડે, એથી એમ નથી જ સમજવાનું કે, એ ઘોડો સુધરી ગયો! બાળક બાબતે પણ એમ જ સમજવું.

બાળકને મરાય જ નહીં, કારણ કે તમને એવો કોઈ અધીકાર જ નથી. ખલીલ જીબ્રાન યોગ્ય જ કહે છે કે : બાળક તમારા દ્વારા આ સંસારમાં આવે છે, એનો અર્થ એવો નથી જ કે, તે તમારું પાલતુ પ્રાણી છે, અથવા તો તમારી માલીકીની કોઈ ચીજ છે કે જેથી એની સાથે તમે તમારો મનફાવતો વ્યવહાર કરો. બાળક કદી પોતાની ઈચ્છાથી આ દુનીયામાં આવતું નથી, એ તો વાસ્તવમાં તમારી જ ઈચ્છાઓનો ભોગ બની ગયેલું એક લાચાર પ્રાણી છે. માટે એને મારવા–

પીટવાનો તમને શેનો અધીકાર? અને આમેય, કોઈ પણ નાનકડું, સુકોમળ, મીઠડું અને વહાલસોયું, નાદાન અને લાચાર, અણસમજુ અને આશ્રીત, પ્રેમવાત્સલ્ય ભરપુર વરસાવવા યોગ્ય એ મુંગા પ્રાણી જેવા બાળકને મરાય જ કેમ? માબાપો અને શીક્ષકો, કૃપા કરીને તમારા બાળકને મારશો નહીં..1

## ભરતવાક્ય

એક વાર મેં સુરતના બાળરોગ–નીષ્ણાત ડૉ. બીપીન દેસાઈને પુછયું કે, બાળક માટે મોટામાં મોટી આફત કઈ? ગંભીરમાં ગંભીર બીમારી કઈ?

જવાબમાં એ બાળકરુણા–પીડીત સંવેદનશીલ તબીબ સખેદ બોલ્યા, ‘સ્ટુપીડ પેરન્ટ્સ!’

–પ્રા. રમણ પાઠક ‘વાચસ્પતી’

સુરતના ‘ગુજરાતમીત્ર’ દૈનીકના તા. ૧૯ નવેમ્બર, ૨૦૦૫ના અંકમાંની, લેખકની કટાર ‘રમણભ્રમણ’માંથી લેખકના સૌજન્યથી સાભાર..ઉત્તમ ગજ્જર..

@

027-1 : 04-12-2005

# છે–નથી!

– રાજીવ સવાણી

અનુક્રમણીકા

માનવ પાસે આંખ છે, દૃષ્ટી નથી.

માનવ પાસે કાન છે, શ્રવણવીવેક નથી.

માનવ પાસે નાક છે, આબરુ નથી.

માનવ પાસે જીભ છે, શબ્દસંયમ નથી.

માનવ પાસે મગજ છે, જ્ઞાન નથી.

માનવ પાસે હૃદય છે, સંવેદના નથી.

માનવ પાસે હાથ છે, આવડત નથી.

માનવ પાસે પગ છે, દીશા નથી.

માનવ પાસે જીવ છે, ચેતના નથી.

માનવ પાસે જીવન છે, ધ્યેય નથી.

–રાજીવ સવાણી

ઈ–મેઈલ : rajiv_savani@yahoo.co.in

(હાલ લંડન..)

૧ સપ્ટેમ્બર, ૨૦૦૩ના ‘નયામાર્ગ’માંથી સમ્પાદકશ્રીના સૌજન્યથી સાભાર...

@

027-2 : 04-12-2005

# પ્રસન્ન દામ્પત્ય

અનુક્રમણીકા

“ભાઈ, તમારું દામ્પત્ય ખુબ પ્રસન્ન મધુર છે; અમને એનું રહસ્ય નહીં કહો?”

“બહુ સાદી વાત છે એ તો. અમે નીયમ કર્યો છે કે બધી મહત્ત્વની બાબતોનો નીર્ણય મારે કરવો અને મારી પત્નીએ તે મંજુર રાખવો; એ જ રીતે બધી સામાન્ય બાબતોનો નીર્ણય મારી પત્ની કરે અને મારે તે મંજુર રાખવો. આથી અમારું ગાડું સરસ ચાલે છે ને મઝા આવે છે.”

“દાખલા તરીકે?”

“બહુ સરળ વાત છે. જેમ કે, ઘરમાં ફ્રીઝ લેવું કે નહીં, રસોઈ શી કરવી, બાળકોએ શું પહેરવું, કયાં સગાં સાથે કેવો સમ્બન્ધ રાખવો, કયું પેપર મંગાવવું, મુડીનું રોકાણ શેમાં કરવું વગેરે સામાન્ય બાબતો મારી પત્ની નક્કી કરે છે અને તે હું ચુપચાપ સ્વીકારી લઉં છું.”

“તો તમારે કઈ વાત નક્કી કરવાની?”

“હું બધી મહત્ત્વની બાબતોનો નીર્ણય કરું છું, જે મારી પત્ની ચુપચાપ સ્વીકારી લે છે. જેમ કે, રાસાયણીક કારખાનાં દેશના કયા ભાગમાં નાખવાં, વીએટનામના યુદ્ધમાં અમેરીકાએ કયું વલણ રાખવું, કવીતા છાંદસ હોવી જોઈએ કે અછાંદસ વગેરે પ્રશ્નો વીશે મારો નીર્ણય આખરી રહે છે.”

–મહેન્દ્ર મેઘાણી સંપાદીત– “અરધી સદીની વાચનયાત્રા” ભાગ–૧ના પાન ૧૧૦ ઉપરથી સમ્પાદકશ્રીના સૌજન્યથી સાભાર..

@

028 : 18-12-2005

# સુખ

અનુક્રમણીકા

## HAPPINESS

There can never be success without happiness and no man can be happy without dispensing happiness to others. The dispensation must be voluntary and with no objects in view than of spreading sunshine to those whose hearts are heavy-laden with burdens.

Unhappiness, is not knowing what we want and killing ourselves to get.

Until you have learnt to be tolerant with those who don't always agree with you; until you have cultivated the habit of saying some kind words for those whom you don't admire; until you have formed the habit of looking for the good instead of the bad in others, you will neither be successful nor happy.

The most important thing to bear in mind is that, happiness is not a station you arrive at, but a manner of travelling.

--Unknown.

# સુખ

સુખ વીના સફળતા સંભવે નહીં અને અન્યને સુખ વહેંચ્યા વીના કોઈ વ્યક્તી સુખી થઈ શકે નહીં. સુખનું વીતરણ સાવ સ્વૈચ્છીક હોવું ઘટે અને તે, જેમનાં હૃદયો અનેક ભારણોથી લદાયેલાં છે તેમના સુધી, સુખના સુર્યનો કેવળ પ્રકાશ પ્રસરાવવા સીવાયના, અન્ય કોઈ હેતુ વીનાનું હોવું ઘટે. આપણને શું ઈચ્છીત છે તેના પુરા ભાન વીના તે મેળવવાનો જીવલેણ પ્રયાસ તે જ દુ:ખ.

તમારી સાથે ઘણુંખરું સંમત ન થનારાઓના મતને સહી શકવાનું તમે ન શીખો ત્યાં સુધી; જેની તમે કદર ન કરો તેવા માટે થોડાક સહાનુભુતીભર્યા શબ્દો વાપરવાની ટેવ તમે ન કેળવો ત્યાં સુધી; અન્યોમાં ખરાબને બદલે કંઈક સારું શોધતા રહેવાની આદત તમે ન પાડો ત્યાં સુધી તમે ન કદી સફળ થઈ શકો, ન સુખી.

ધ્યાનમાં રાખવા જેવી અત્યંત મહત્ત્વની બાબત એ છે કે, સુખ એ મંઝીલનું નામ નથી કે જ્યાં તમે પહોંચો; પણ એ તો જીન્દગીની મુસાફરીની કળાનું નામ છે..

..અજ્ઞાત..

@

029 : 25-12-2005

# ઉઘાડી આંખ

–બળવંત પટેલ

અનુક્રમણીકા

આઈ સર્જન થઈ વીજય ધર્માદા સાર્વજનીક ટ્રસ્ટની હૉસ્પીટલમાં જોડાયો, બધાને અચરજ થયું અને થાય તે સ્વાભાવીક હતું. અભ્યાસમાં તેજસ્વી, યુનીવર્સીટી ગોલ્ડ મેડાલીસ્ટ, પૈસે પહોંચતું કુટુંબ, વીદેશ વધુ અભ્યાસ માટે જશે તેવી બધાને ધારણા. પણ દેશમાં અનુભવી નીષ્ણાતના હાથ નીચે પાકો બે વરસનો અનુભવ મેળવ્યા બાદ જ વીદેશમાં વધુ અભ્યાસ માટે જવું તેવો વીજયનો પાકો સંકલ્પ, જેમાં તે મક્કમ રહ્યો. શહેરના નામી ડૉક્ટરોએ તેને સામે ચાલીને પોતાને ત્યાં આવવા જણાવ્યું; પણ તેણે તો સામેથી માગણી કરીને ધર્માદા દવાખાનામાં જોડાવાનું જ પસંદ કર્યું.

વીજયની આ કંઈ ધુન ન હતી, છેલ્લા વરસમાં તેણે પુરી તપાસ કરી હતી. બે કારણે તેની પસંદગી આ હૉસ્પીટલ પર ઉતરી હતી. વીના મુલ્યે અહીં સારવાર થતી, તેથી બધા પ્રકારનો અનુભવ મળે, દર્દીઓનો ધસારો પણ ખાસ્સો રહેતો. જાતજાતના લોકો સાથે કામ પાડવાની હથોટી પણ બેસે. પણ

એથી વીશેષ તો ત્યાંના ડૉક્ટર હતા. દર્દીને તપાસવાની, તેમની સાથે વાતચીત કરવાની ઢબછબ, દર્દીમાં વીશ્વાસ ઉત્પન્ન કરવાનું કૌશલ્ય, તેમનો બહોળો અનુભવ અને તેમની જાણકારી. આ બધું તેને પ્રભાવીત કરી ગયેલું. આસીસ્ટન્ટ ડૉક્ટરની જગ્યા તેણે સ્વીકારી લીધી.

ડૉકટરે તેને આવકાર્યો, ‘‘દીકરા, ઓછા વેતનને કારણે અમને કોઈ ડૉક્ટર મળતો નથી. તારા આવવાથી મને પણ ખાસ્સી રાહત મળશે.’’ પ્રથમ બે માસ ડૉકટર દર્દીને તપાસે અને વીજય તેમની સાથે રહે, ત્યાર બાદ વીજય દર્દીને તપાસે અને ડૉક્ટર જરુર લાગે ત્યાં તેને સુચન કે માર્ગદર્શન આપે તેમ ગોઠવ્યું ને તે બરાબર ચાલવા માંડ્યું. બીજા માસના છેલ્લા અઠવાડીયાના ત્રીજા દીવસે દર્દીઓની લાંબી લાઈનમાં એક સુટેડ–બુટેડ જેન્ટલમૅનને ઉભેલા જોઈ ડૉક્ટરની આંખો પહોળી થઈ. વીજયને આશ્ચર્ય પણ થયું! આવો સાધનસંપન્ન જણ દર્દી તરીકે કદી દેખાયો ન હતો! ડૉક્ટરે બે–ત્રણ દર્દી તપાસ્યા બાદ વીજયને તેમની પાસે મોકલ્યો, કહેવડાવ્યું, ‘‘આ હૉસ્પીટલ ધર્માદા છે, આપે કોઈ ખાનગી નીષ્ણાત પાસે જવું હોય તો ડૉક્ટર વૈષ્ણવ શહેરના વીખ્યાત આઈસર્જન છે.’’

વીજયે સંદેશો કહ્યો. તેમણે નમ્રતાથી કહ્યું, ‘‘થેન્ક્સ. મને ખ્યાલ છે. હું આ શહેરનો જ છું. મારા વતી ડૉક્ટર સાહેબને કહો કે મારો વારો આવશે ત્યારે હું તેઓ જેમ સલાહ આપશે તેમ કરીશ.’’

ડૉક્ટર અને વીજયે પોતાનું કામ ચાલુ રાખ્યું. પેલા સજ્જનનો વારો આવ્યો. ડૉક્ટરે તેમની સલાહ તાજી કરી. સજ્જને કહ્યું, ‘‘ડૉ. વૈષ્ણવની ખ્યાતીની મને જાણ છે; પણ મારે તમારી પાસે જ ઈલાજ કરાવવો છે.”

ડૉક્ટર : ‘‘એ તો જાણે ઠીક; પણ ભલા માણસ, આ ધર્માદા હૉસ્પીટલ પર બોજા રુપ શા માટે થાવ છો?’’

સજ્જન : ‘‘એવી વાત નથી. મારે આપની પાસે જ દવા કરાવવાની ઈચ્છા છે.’’

ડૉક્ટર : ‘‘ઠીક. તો પછી દર્દીની દવા કરવાની તો ડૉક્ટરથી ના ન પાડી શકાય! ભાઈ, પણ...’

ડૉક્ટર વાક્ય પુરું કરે તે પહેલાં સજ્જને શરુ કર્યું, ‘‘પણ બરાબર છે, આપની વાત હું સમજું છું. આજે હું સુટેડ–બુટેડ છું; પણ સાહેબ, મને એ દીવસો યાદ છે જ્યારે હું પણ તુટેફુટે કપડે અહીં લાઈનમાં ઉભો રહેતો હતો. ભાગીને વીદેશ ગયો, નસીબ આગળનું પાંદડું ખસી ગયું. માલામાલ થયો,

વીસ વરસે દેશ આવ્યો છું. આંખ દુખવા આવી ને આપની યાદ આવી.''

''અમેરીકામાં છો?"

''ના, ન્યુઝીલેન્ડમાં. ત્યાં પણ આંખ દુ:ખે તો આપ અચુક યાદ આવતા. દર વરસે 'આપનો દરદી' એમ લખી દીવાળી કાર્ડ મોકલું છું, મળતું હશે. મારું નામ તો રમેશ; પણ એક દરદી તરીકે જ ઓળખ આપવી ઠીક લાગતું.'' ડૉક્ટર પણ ભાવભીના થઈ ગયા. સજ્જનના હાથ પકડી લીધા. ''ભાઈ, હું પણ દીવાળી કાર્ડ મળ્યે તમને મનોમન દુવાઓ દઉં છું. વરસોથી દર્દીઓને તપાસું છું; પણ માત્ર આપ જ દીવાળી પર મને આ રીતે યાદ કરો છો. આ મારો આસીસ્ટન્ટ, મારાય કાન કાપે તેવો છે. ભણ્યો છેય મારાથી વધુ અને સારું. વીજય જ તમને તપાસશે."

બાજુના ખંડમાં જ્યાં આંખની તપાસનાં સાધનો હતાં ત્યાં રમેશભાઈને લઈ જઈ તપાસવા ડૉક્ટરે વીજયને સુચના આપી. ત્યાં જવા બન્ને બારણાની બહાર પગ મુકતા હતા, ત્યાં ડૉક્ટરે વીજયને બોલાવી કાનમાં કહ્યું: ''ચકાસજે, રમેશભાઈ કલર બ્લાઈન્ડ હશે. હોય તો આજે ન કહેતો, કાલે ફરી આવે ત્યારે કહીશું."

વીજયને આશ્ચર્ય થયું. રમેશભાઈ ખરેખર કલર બ્લાઈન્ડ નીકળ્યા! આંખ તપાસી, દવા આપી અને બીજે દીવસે આવવા કહ્યું. વીજયે ડૉક્ટરને જણાવ્યું કે આપની વાત ખરી છે. રમેશભાઈ કલર બ્લાઈન્ડ છે.

પણ વીજય માટે મોટો કોયડો ઉભો થયો. રમેશભાઈ કલર બ્લાઈન્ડ હોવાની બાબત ડૉક્ટરને કેવી રીતે ખબર પડી! આખો દીવસ તેના મગજમાં ઘડભાંજ ચાલ્યા કરી; પણ કોઈ ઉત્તર ન મળ્યો. બે ચાર વાર ડૉક્ટરને પુછવાનું મન થયું; પણ ન પુછ્યું. તેને થયું હું જાતે જ તેનો તાગ કાઢું. આખી રાત મોટાં મોટાં થોથાં ફેંદ્યાં; પણ બધું પાણીમાં. ઉત્તર ન મળ્યો. સવારે બે–ચાર આંખના અનુભવી નીષ્ણાતોને ફોનથી પુછી જોયું. બધાનો એક જ જવાબ : ચકાસણી દ્વારા જ જાણી શકાય. દર્દીને રંગ ઓળખવા કહેવું પડે, તેના પરથી ખબર પડે. ડૉક્ટરે તો આવી કોઈ ચકાસણી કરી ન હતી! તેઓ જાણી શક્યાકેવી રીતે!

સવારથી ડૉક્ટર સાથે વીજય કામે તો લાગી ગયો; પણ તેના મનમાં તો આ પ્રશ્ન જ ચકરાયા કરતો હતો. કલાક થયો, બે કલાક થયા. તેનાથી ના રહેવાયું. તેને લાગ્યું કે

પુછ્યા સીવાય બીજો કોઈ આરો નથી. આનો નીવેડો લાવ્યા વીના મનને ચેન નહીં પડે.

તેણે પુછ્યું કે તરત ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા. કહ્યું : "તપાસ્યા વીના ખબર ન જ પડે; પણ અનુમાન થઈ શકે. ગઈ કાલે તમે બન્ને જતા હતા ત્યારે અચાનક મારી નજર રમેશભાઈનાં મોજાં પર પડી, તો એક લાલ અને બીજું ભુરું! તારી નજર પડી હોત તો તને પણ ખ્યાલ આવત."

વીજયની આંખો પહોળી થઈ ગઈ! કેવો સાદો ઉકેલ! પણ જવાબ મળ્યો ન હતો ત્યાં સુધી કોયડો કેવો જટીલ લાગતો હતો! ડૉક્ટરે કહ્યું : "વીજય, આંખ ઉઘાડી રાખવી, કાન ઉઘાડા રાખવા અને મન ઉઘાડું રાખવું. આ ત્રણ દ્વારા વૈદકશાસ્ત્રમાં ઘણી મદદ મળી રહેતી હોય છે. માત્ર શક્ય તેટલું મોં બંધ રાખવું."

ડૉક્ટર આ વાક્ય પુરું કરે છે ત્યાં તો રમેશભાઈ બારણામાં પગ મુકતા હતા. વીજયની નજર તેમના પગ પર પડી. આજે પણ મોજાં જુદા જુદા રંગનાં જ હતાં!

–બળવંત પટેલ,

'શબ્દસેતુ', ગાંધીનગર સમાચારપત્રમાં પ્રકાશીત થયેલી આ કૃતી તેમના સૌજન્યથી સાભાર..

સમ્પર્ક: Plot 253/1, Sector 7/A, GANDHINAGAR -382 007 Home : ( 079 ) 2324 6209 Mobile : 990 971 8403

@

030 : 01-01-2006

# વૃદ્ધોનો આદર – એ જ યુવાપેઢીની શોભા

–વલ્લભ ઈટાલીયા

અનુક્રમણીકા

શરીર અને સમય બન્ને વફાદારીપુર્વક પોતાનો ધર્મ પાળે છે. બાલ્યાવસ્થા સમય જતાં વૃદ્ધાવસ્થાને આંબે એ કુદરતનો કાનુન છે. કોઈ કુટુંબ કેટલું સંસ્કારી છે, એ જાણવા એ કુટુંબનાં બાળકો કેટલું હેત અને વૃદ્ધો કેટલો આદર પામે છે તે જાણી લેવું. આપણા સમાજમાં વૃદ્ધોની કેટલી કાળજી લેવાય છે એના પર આજની યુવાપેઢીની ખાનદાની નીર્ભર છે.

જે ઘરમાં વૃદ્ધોને અશાંતી હોય એ ઘરમાં શાંતી હોવાની સંભાવના નહીંવત હોવાની. કેટલાંક ઘરો પર ‘માતૃકૃપા કે પીતૃકૃપા’ લખેલું તો હોય; પરંતુ એ ઘરનાં વૃદ્ધોને મળીએ ત્યારે ખબર પડે કે માતા અને પીતા તો સંતાનોની કૃપા ઉપર જીવી રહ્યાં છે! ઘડપણમાં ગમતું નથી અને સમય કેમ કાઢવો? આવા સમયના ખાલીપાને પુરવાની સમસ્યા પાયાની બની જાય છે. આવા સમયે વૃદ્ધો પરીવારજનોનાં કેવળ સ્નેહ અને હુંફ ઝંખે. કેટલીક વાર તો મનગમતો ખોરાક ન મળે ત્યારે પણ વૃદ્ધોની હતાશા વધી જાય છે. કેટલીક વાતો ખુબ નાની હોય; પરંતુ વૃદ્ધોની સમસ્યા ઉકેલવા પુરતી હોય છે.

બાળપણ મળ્યું એટલે માણસને ઘડપણ મળે એવી પુરી સંભાવના રહેલી છે. માણસે વૃદ્ધાવસ્થાની તૈયારી યુવાવસ્થા કે પ્રૌઢાવસ્થાથી કરવી જોઈએ. વૃદ્ધોએ પોતાના નીર્વાહ પુરતી બચત પુર્વાવસ્થામાં જ કરી રાખવી જોઈએ. ખાવા–પીવા, રહેવા–પહેરવાની વ્યવસ્થા થાય એટલી બચત હોય તો તો પોતાનો બોજો સંતાનો પર ન આવી પડે. ધ્યાનમાં રાખજો, સંતાનો તથા વૃદ્ધોનું જીવન ઝઘડાખોર અથવા કડવું બનાવી દેનારું સૌથી પ્રથમ અને સૌથી મજબુત કારણ 'આર્થીક બોજ' છે. વૃદ્ધાવસ્થામાં આર્થીક વ્યવસ્થા વગર જીવવું એ ઘણીવાર બોખા મોઢે ચણા ચાવવા જેવું કઠીન બની જાય છે.

શરીરથી યુવાન લાગતો માણસ પણ મનથી હોઈ માંદો હોઈ શકે અને શરીરથી વૃદ્ધ માણસ પણ મનથી યુવાન અને તંદુરસ્ત હોઈ શકે. શરીરથી ઘરડો થયેલો માણસ આનંદમાં રહી શકે; મનથી ઘરડો થયેલો નહીં. બુઢાપામાં માણસ પોતાના મન અને વૃત્તીઓ પર કાબુ રાખી શકે, સંયમ અને આત્મનીયંત્રણ જાળવી શકે તો સુખી થવાનું બહુ અઘરું નથી. ૬૫ વર્ષ વટાવી ચુકેલા ઘણા યુવાન વૃદ્ધોને હું નીકટથી જાણું છું. અન્યને ઉપયોગી બની જીવન જીવવાના નીતનવા ઉમળકાથી છલકાતા યુવાન વૃદ્ધો! દેહધર્મને વફાદારીપુર્વક પાળવામાં આવે તો વૃદ્ધત્વમાં પણ યુવાનીનો એહસાસ જળવાઈ રહેવો અશક્ય

નથી. શારીરીક પક્ષાઘાત કરતાં માનસીક પક્ષાઘાત માણસ માટે ઓછો હાનીકર્તા નથી હોતો.

મીત્રો, આપણે ભલે પથ્થરની પુજા કરીએ; પરંતુ આપણા ઘરના પાયાનો પથ્થર તો છે વૃદ્ધો. ઘરડાં માબાપને તરછોડી, ઈશ્વરને પામવા મથતો માણસ, પરમાત્માને પામે એ વાતમાં માલ નથી. દરેક સાસુ–સસરા પોતાની પુત્રવધુને દીકરી સમજીને વ્યવહાર કરે અને દરેક વહુ તેનાં સાસુ–સસરાને માતા–પીતા માને તો ઝઘડાને કેટલો અવકાશ બચે?

વણમાગી સલાહ આપ્યા કરવાની વૃદ્ધોની કુટેવને કારણે યુવાપેઢીને ઝડપથી અરુચી અને અપચો થાય છે. માણસ જ્યાં સુધી કુટુંબના ઉપયોગમાં આવે છે ત્યાં સુધી જ તેના હુકમનો અમલ થાય છે; પછી વીસ્ફોટ થાય છે! આપણી વાતો સામેના માણસને ક્યારે કંટાળો આપે છે એ સવાલનો જવાબ વૃદ્ધોને શોધતાં આવડી જાય, તો ઘણી સમસ્યાઓ ઉકલી જાય. વૃદ્ધોએ યુવાનો માગે તો જ અને તે બાબતે જ સલાહ આપવા જેટલી કરકસરની ટેવ પાડવા જેવી છે. કુટુંબના સભ્યોને સલાહની જરુર પડે ત્યારે હોંશેહોંશે દોડતાં ભલે આવે. એટલા વીલંબથી આપેલી સલાહ કદી કોઈને કઠે ખરી? વૃદ્ધોએ જાણી રાખવા જેવું છે કે, થોડા જ વખતમાં તેઓ તો કાયમી વીદાય લઈ જ લેવાના છે અને તે પછીય સંતાનોનું જીવન તો તેમની શક્તી, સમજ તથા સામર્થ્ય અનુસાર ચાલવાનું જ છે. પછી એ

બાબતે વૃદ્ધોએ જીવતાં જ અનાસક્તી કેળવવી એ ડહાપણભર્યો માર્ગ છે.

માણસ ઘરડો થાય એટલે માથાના વાળ રેશમ જેવા ધોળા થઈ જાય, ચામડી સાંઢીયાના હોઠની જેમ લબડી પડે, ચહેરા પર ચોળાઈ ગયેલા કાગળની જેમ ઠેકઠેકાણે કરચલીઓ પડી જાય, દાંત મોઢામાંથી ફરવા નીકળી જાય, પગ ડગલાં માંડે ત્યાં ધડ પડુંપડું થાય, આંખો જાડા કાચના ડાબલાની આરપાર માંડ થોડું ભાળે, શરીરનાં જોર બધાં અંગો એકપછી એક કમજોર થવા માંડે; પણ જીભ એવી માયા છે કે, એ ઘડપણમાં વધારે જોર પકડે! જે માણસ ઘડપણમાં પોતાની જીભને કાબુમાં રાખી શકે છે, એ ૯૦ ટકા સંજોગોને પોતાના કાબુમાં રાખી શકે છે. જે વૃદ્ધો ક્યારે બોલવું, કેટલું બોલવું, શું બોલવું અને કેવી રીતે બોલવું આટલું ન જાણી રાખે, તેને દુ:ખી થવાનો અધીકાર છે. મારો દીકરો થોડોક સમજણો થાય એટલે મારે કહી રાખવું છે કે, હું ઘડપણમાં બહુ ફેંકાફેંક કરું કે, મેં તો યુવાનીમાં આમ કરેલું ને તેમ કરેલું–એવી ડંફાસો મારું તો મને મારો આ લેખ એકવાર સામે જરુર ધરજે..

સમય મળે ત્યારે યુવાનોએ વૃદ્ધ વડીલ પાસે જઈ બેસવું અને તેમને અનુકુળ હોય તેવી વાતો કરવી, તો વૃદ્ધને પારાવાર માનસીક પ્રસન્નતા પ્રાપ્ત થાય. વૃદ્ધો પ્રત્યે આદર, સ્નેહ અને ઉષ્માભર્યો વર્તાવ રાખવો એ યુવા પેઢીની

જવાબદારી જ નહીં; ધર્મ પણ છે. શક્ય હોય ત્યાં સુધી ઘરડાં દાદા–દાદીનો એક રુમ અલાયદો રહેવો જોઈએ. વૃદ્ધોને પણ નરવી અંગતતા જોઈએ. અંગતતા એક અત્યંત જરુરી અને એટલી જ પવીત્ર ચીજ છે. વૃદ્ધ દાદા–દાદી એક ઓરડીમાં સાથે ન સુઈ શકે એવા વીચારો સોળમી સદીમાં શોભે; એકવીસમી સદીમાં નહીં!

પાછલી ઉંમરે માણસ ઘરભંગ થાય, વીધુર કે વીધવા બને ત્યારે તેના જીવનમાં ખાલીપો વધારે વીકરાળ બની જાય છે. તોફાનગ્રસ્ત દરીયામાં નાવીક વગરની નાવ ફંગોળાતી રહે તેમ, જીવનસાથી વગરની વૃદ્ધોની જીન્દગી સંસારમાં ફંગોળાતી રહે છે. અચાનક આવી પડેલી એકલતા અસહ્ય લાગવા માંડે છે. માણસે માત્ર સાથે (બેકલા) જીવવાની જ નહીં; એકલા જીવવાની પણ માનસીક તૈયારી કરી રાખવી જોઈએ.

જીવનમાં મોટા ભાગની સમસ્યાઓનું મુળ હોય છે– અપેક્ષા. મને ગણો, મને પુછીને જ બધું કરો, મને મહત્ત્વ આપો, મારી સાથે ચર્ચા–વીચારણા કરીને જ સઘળાં વ્યાવહારીક કાર્યો કરો – વૃદ્ધોની આવી જીદ અને અધીકારવૃત્તી કેટલીકવાર ઘરમાં ઝઘડાનાં મુળ રોપે છે. જીવનમાંથી દુખનાં મુળીયાં ઉખેડી નાખવાં હોય તો પહેલાં અપેક્ષાનાં મુળીયાં ઉખેડી નાખવાં પડે. અપેક્ષાઓના સ્થાને સ્વજનો પ્રત્યે કેવળ નીર્વ્યાજ સ્નેહ અને સાચકલો પ્રેમ પ્રગટે તો સુખી થવાનું અઘરું

નથી. માણસ વધેલા નખ કાપે છે એમ, વધેલી અપેક્ષાઓને પણ કાપતા રહેવું જોઈએ!

વૃદ્ધોએ પોતાની એકલતા દુર કરવા સમાનવયસ્કોની સોબત–કંપની બનાવી લેવી એ બહેતર માર્ગ છે. આ ભાગદોડના યુગમાં સંતાનો પાસેથી સોબત માટે સમય માગવો એ વૃદ્ધો પાસેથી ખોરાકી માગવા જેવું છે!

સમવયસ્કો સાથે દોસ્તી–સોબત વધારવા ઉપરાંત વૃદ્ધોએ મનપસંદ એવા રસો પણ કેળવી લેવા જોઈએઃ ખાસ કરીને વાચન, સંગીત–ભજન, જેવા શોખ. શાકભાજી લાવવાં–ફોલવાં–છોલવાં જેવું ઘરનું અમુક હળવું કામ વડીલો કરે તો વૃદ્ધોનો સમય પસાર થાય અને એને ઘરમાં પોતાની ઉપયોગીતા વરતાય. ડોસીમા તો ઘણાં ઘરકામમાં જોડાઈ શકે, પણ પશ્ન ડોસાજીનો છે! વડીલો–વૃદ્ધો માટે ઉત્તમોત્તમ કામ તો બાળકોને રમાડવાનું હોય. માતાથી માંડીને શીક્ષક સુધીની ભુમીકા અદા કરવી એ ‘અદા’ માટે અઘરી વાત નથી. લાડકાં બાળકો અને વત્સલ–પ્રેમાળ દાદા–દાદી એ સંસારનું એક માણવા લાયક દૃશ્ય છે.

બુઢાપામાં ઘરમાં કોઈ સંભાળ ન રાખે, સ્વભાવથી સ્વજનો સાથે મેળ ન બેસે ત્યારે કેટલાક વૃદ્ધજનોને ઘરડાંઘરનું શરણું શોધવું પડે છે. જીવનભરના પરીશ્રમથી જે ઘરનો માળો બાંધ્યો હોય એવા દીર્ઘપરીચીત ઘરને પળવારમાં ત્યજી

વૃદ્ધાશ્રમમાં જતાં વૃદ્ધોને કેટલી વેદના થતી હશે? હું વૃદ્ધ ન હોવા છતાં માત્ર કલ્પનાથી વૃદ્ધની વેદના સમજી શકું છું. દીકરી ઘર છોડે અને દીકરો તરછોડે ત્યારે દુનીયામાં કોઈ બાપનું હૈયું નીચોવાયા વીના અને આંખો ભીંજાયા વીના રહી શકે? મીત્રો, રાજા હોય કે રંક, સૌથી વધારે સુખી તો એ છે, જે પોતાના ઘરમાં શાંતી મેળવી શકે.

ભારતમાં આઠેક કરોડ જેટલાં વૃદ્ધો હયાત હોવાનો અંદાજ છે. આટલી મોટી સંખ્યામાં જીવી રહેલાં વૃદ્ધો યુવાપેઢી તરફથી આદર પામતાં થાય તો દેશનો ખુબ મોટો વૃદ્ધસમાજ તેમના જીવનનું અંતીમપર્વ–ઉત્તરાવસ્થા આનંદપુર્વક ગાળી શકે. એને માટે બન્ને પક્ષે બાંધછોડ કરવી જરુરી છે. બાંધછોડ વગરનો માણસ એટલે બ્રેક વગરનો ખટારો!

–વલ્લભભાઈ ઈટાલીયા

74–હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત–395 006

ઈ–મેઈલ : vallabhitaliya@gmail.com

મોબાઈલ : 98258 85900

સુરતના દૈનીક ‘લોકસમર્થન’ના તા. 3 જુલાઈ 2003ના અંકમાંથી સહેજસાજ ટુંકાવીને સાભાર..

@

031 : 08-01-2006

# ખોવાયેલો ભગવાન

(રેખાચીત્ર)

–અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ

અનુક્રમણીકા

બીલીમોરા કૉલેજ–કેન્ટીનમાં ઉનાળાની એક સવારે થોડા મીત્રો સાથે વાત કરતો હું બેઠો હતો ત્યાં ટેબલની નીચે કંઈક સળવળાટ થયો ને મારો બુટ કોઈ હલાવતું હોય એવું લાગ્યું. વાંકો વળીને જોઉં તો નવ–દસ વર્ષનો એક છોકરો હાથમાં બુટપૉલીશનું બ્રશ લઈને બુટ સાફ કરતો હતો.

'શું કરે છે?'

'શાયેબ, બુરાશ મારતો છું.'

'તને કોણે કહ્યું બુરાશ મારવાનું?'

જાણે કંઈક ગુનો થઈ ગયો હોય એવો ભાવ એના મોં પર આવી ગયો ને એ કંઈ પણ બોલ્યા વીના ટેબલ નીચેથી નીકળી ઉભો રહ્યો. હસી પડતું મોં પરાણે ગંભીર રાખવા એ પ્રયત્ન કરતો હતો એ હું જોઈ શક્યો. એના ચહેરાની નીર્દોષ તા ગમી જાય એવી હતી.

'ચા પીશે?'

'પીવડાવવી હોય તો પીવા.'

'તારું નામ?'

'ભગલો.'

'ક્યાં રહે છે?'

'બંદરે.'

ચા પીધા પછી ફરીવાર 'બુરાશ' મારીને એ 'જાઉં, શાયેબ' કહેતો દોડ્યો. સીસોટી વગાડતો છુટ્યો હતો, કુતરું વછુટે એમ. ખભે બુટપૉ લીશના ડાઘાવાળી મેલી થેલી. એમાં થોડી ડબ્બીઓ ને 'બુરાશ.' થોડે દુર બસ ઉભી રહેલી એમાં કંડક્ટર સાથે કંઈક વાત કરીને એ ચડી ગયો.

બપોરે કૉલેજથી ઘેર જવા હું નીકળ્યો ત્યારે રસ્તા પર ચીખલી તરફથી આવતી બસમાં એ પાછો ફર્યો હતો અને ચાલુ બસમાંથી 'આવજો શાયેબ'ની હસતો હસતો બુમ મારતો હતો!

પછી થોડા દીવસો સુધી એ દેખાયો નહીં. એક વેળા મારી ચેમ્બરમાં હું લખતો બેઠો હતો ને એ આવ્યો:

'સલામ, શાયેબ.'

'ક્યાં હતો તું?'

'મુંબઈ ગેયલો ઉતો.'

'કેમ?'

'કમાવા.'

'કેટલું કમાયો?'

'પંદર રુપીયા.'

'ક્યાં ખર્ચ્યા?'

'માને આઈપા.'

એને નવી મા હતી. બાપ ત્રીજી વાર પરણેલો. ભગુ બીજીનો. ભગુને એની નવી મા સવાર થતાં જ ઘરની બહાર ધકેલે. રાતે પાછો આવે ત્યારે રોજ એણે એક રુપીયો લઈને જ

આવવાનું. ન લાવે તો માર પડે. ઘરે ખાવાનું નહીં. ટ્રેનોમાં ફેરીયાઓનાં પગરખાં ને હૉટલોમાં માલીક–ગુમાસ્તાઓનાં બુટ–ચંપલોને પૉલીશ કરીને પેટનો ખાડો પુરાય એટલું મેળવી લે. કો’કવાર આખો દીવસ ભુખ્યા રહેવું પડે. આ બધી વાતો સાવ સ્વાભાવીક હોય એવી રીતે એણે મને કરેલી. એનો બાપ એક ટૉકીઝ પાસે ભીંતના છાંયડે બેસીને લોકોનાં બુટ–ચંપલની સીલાઈ કરે.

ગામમાં કૉલેજ થઈ એટલે ભગુનું નસીબ ખુલ્યું. કૉલેજનાં છોકરા–છોકરીઓ પાસે રીસેસમાં એ પહોંચી જાય. કો’કવાર બસસ્ટૅન્ડ પર પણ પકડે. પાંચ–દસ પૈસા કરતાં કરતાં એનો રુપીયો તૈયાર થઈ જાય ને વાપરવા જોગ થોડું પરચુરણ પણ મળી રહે.

એક વેળા હું કંઈક લખવા બેઠેલો ને કૉલેજમાં જ થોડું મોડું થઈ ગયેલું. મને થયું કે હવે તો બસ ઉપડી ગઈ હશે. બીજું કોઈ વાહન ત્યાં મળે નહીં એટલે ચાલી નાખવાનું રહે. પણ જોઉં તો બસ ઉભી રહેલી ને ભગુ મને બહાર નીકળીને હાથ હલાવીને બોલાવે. બસમાં બેઠો ત્યારે વીદ્યાર્થીઓએ કહ્યું કે, ‘શાયેબ નથી આયા, બસ લેટ કરો’નું બુમરાણ ભગુએ મચાવેલું! ડ્રાઈવર એક પારસીબાવા. અવ્વલકુંવારા. કૉલેજની છોકરીઓ તરફ તાકી રહે. બસ દસેક મીનીટ મોડી ઉપડે તો સારું એવું એય મનથી ઈચ્છે! પણ ભોળીયો જીવ. ‘બઢાં બેહી ગીયાં, ડીકરા,’ એમ પુછે પછી હંકારે. ભગુ ડ્રાઈવરબાવાની બાજુમાં ગોઠવાઈ જાય. ‘જોવા સરખી જોડી’ એ પ્રેમાનંદની પંક્તી મને યાદ આવે. બસ ચાલે એટલે ભગુને થતો પ્રાકૃત આનંદ એના

ખુલી ગયેલા મોં પર દેખાય. આગળનો દાંત તુટી ગયેલો, બાકીના પીળા. શરીરે મેલના થર. બસ રેલવે સ્ટેશને પહોંચે ત્યારે ‘આવજો શાયેબ’ કહીને સીસોટી વગાડતો એ ઉભેલી કોઈ પણ ટ્રેનમાં ચડી જાય. સુરત–વલસાડ વચ્ચે ટ્રેનોમાં ઘરાકી માટેનો એનો ‘એરીયા.’ ઘરમાં ખેંચ પડે ત્યારે નવી મા ભગુને મુંબઈ કમાવા મોકલે.

દર શનીવારે બપોરે હું બીલીમોરાથી નવસારી એમ.એ.ના વર્ગ લેવા જાઉં. ભગુ સ્ટેશને મારી રાહ જુએ. ગાડી ઉપડે એટલે ‘ફસ્ કીલાસ’માં ચડી આવે. ટીકીટ ચેકરના બુટને ‘બુરાશ’ મારે. ચાલુ ટ્રેને જ બીજા ડબ્બામાં પહોંચે. હું સમજાવું પણ ન માને. ક્યારેક ચાલુ ટ્રેને બહાર સળીયો પકડીને લટકતો ઉભો હોય. પછી મેં એની સાથે કડક હાથે કામ લેવા માંડ્યું. કહ્યું કે હવે તને ટ્રેનમાં લટકતો જોઈશ, નાહ્યા વીનાનો આવીશ, દાંત ચોખ્ખા નહીં રાખે તો કૉલેજના કંપાઉન્ડમાં પગ મુકવા નહીં દઉં.

એક વેળા સાંજે હું બંદર પર ફરવા નીકળેલો. સુરજ આથમવાની તૈયારી. ભગુ નદીના કાંઠે બેસીને શરીર ધુએ. મને એની તકલીફ સમ જાઈ. ગામમાં નળ ત્યારે નહોતા. કુવેથી ખેંચીને કોણ એને પાણી આપે? એની નવી મા એને ઘરે નહાવાનું પાણી નહીં આપતી હોય. નદીમાં નહાય તો ચડ્ડી પલળે ને બદલવા માટે બીજી ચડ્ડી તો હોય નહીં! એટલે થીંગડીયું ને ફાટેલું ખમીસ કાઢીને શરીરે પાણી ચોપડીને મેલ ઉતારે. મેં ચડ્ડી–ખમીસ એને લાવી આપ્યાં. પણ બીજા દીવસે એના મુળ લેબાસમાં જ દેખાયો. કહે કે નવી માએ નાના ભાઈ

માટે રાખી લીધાં છે! મને થયું કે એના બાપને વાત કરું. ભગુ ગભરાઈ ગયો. કહે કે, કહેશો તો મને મારશે. મેં કહ્યું કે તું ઘેર જાય છે જ શા માટે? કહે કે વચ્ચે બે દીવસ નહોતો ગયો ને રસ્તે બાપ જોઈ ગયો તે મારીને અધમુઓ કર્યો. રાત્રે એણે બાપને સીલાઈના કામમાં મદદ કરવાની.

ભગુ ‘પ્રૉબ્લેમ ચાઈલ્ડ’ નહોતો. સ્વભાવે સરળ. એની કપરી પરીસ્થીતી એને મન તો સ્વાભાવીક જ હતી. એથી મને એક તરફથી નીરાંત લાગતી ને બીજી તરફથી દુ:ખ થતું. ચોરી કરવાનું કે ખીસ્સાં કાતરવાનું એ શીખ્યો નહોતો. પણ એક વાર મેં એને મારામારી કરતો જોયો. બીલીમોરાના એસ.ટી. સ્ટેન્ડે એની ઉંમરના ત્રણ–ચાર બુટપૉલીશવાળા છોકરાઓ ઝનુનપુર્વક લડે. ભગુ જીવ પર આવીને ડબ્બીઓ અને બ્રશ ભરેલી એની થેલી વીંઝે. હું પહોંચ્યો. ફરીયાદના અવાજમાં ભગુ કહે પેલો રવલો કહે છે કે ‘સવતંતર પક્ષ જીતશે; તમે જ કયો શાયેબ, એ માર ન ખાય?’

‘સ્વતંત્ર પક્ષ શું છે?’ મેં પુછ્યું. એ મોં વકાસીને મારી સામે જોઈ રહ્યો. આ બનાવને થોડા દીવસ વીત્યા હશે ને મેં એને એક સરઘસમાં ‘સ્વતંત્ર પક્ષ ઝીંદાબાદ’ના નારા લગાવતો જોયેલો! એક સાંજે હું ચીખલીના બસ સ્ટેન્ડ સામે ઉભો રહેલો. કોઈ નવું પીક્ચર પડ્યું હશે તેની જાહેરાતનાં પાટીયાં ઉંચકીને ઢોલક સાથે સીનેમાનું ગીત ગાતાં પાંચેક છોકરાઓ ત્યાંથી પસાર થયા. એમાં ભગુ! ગળાની નસો ખેંચાઈ આવે એટલો અવાજ ખેંચીને એ ગાતો હતો: ‘મોરી નાજુક કલઈયાં મરોડ ગયો રે…’ હાથમાં પાટીયું ઉંચકેલું. મને જોઈને દોડતો આવ્યો:

'ટુરીંગમાં જોવા મલહે આજે પીચ્ચર.' પાછો ટોળીમાં ભળી ગયો. બરાબર છોકરી જેવો તીણો રાગ કાઢીને ગાય.

એક બપોરે કૉલેજમાંથી રસ્તા પર આવીને બસની રાહ જોતો હું ઉભો હતો. વીદ્યાર્થીઓને છુટવાની દસ–પંદર મીનીટની વાર હતી. ભગુ બાજુની એક વાડીમાંથી કુટી નીકળ્યો. 'બુરાશ મારવા ગયો હતો?'ના ઉત્તરમાં એણે ચડ્ડીના ખીસ્સામાંથી બે ચીકુ કાઢીને બતાવ્યાં. એક પારસી કુટુંબની વાડીમાં ખોદકામ કરવા જાય પણ એ જાય. ચીકુ એની ચડ્ડીમાં સેરવીને એ મુંગો મુંગો ઉભો રહ્યો. મારી સામે જુએ પણ બોલી ન શકે. મેં પુછ્યું: 'પૈસા જોઈએ છે?' ઉત્તરમાં એણે ડોકું હલાવી 'ના' કહી. પછી હીંમત એકઠી કરીને એણે પુછ્યું: 'શાયેબ, તમારે બેનને ચીઠ્ઠી મોકલવી હોય તો કહેજો.' હું ચોંક્યો!

'કયાં બહેન?'

'કો'ક તો ઓહે ને?'

હું તો ખડખડાટ હસી પડ્યો.

'તું કેટલાની ચીઠ્ઠી પહોંચાડે છે?'

'બઉ બઢાની.'

'તોય.......'

'કૉલેજીયા તો બઉ પૈહા આલે.'

બસ આવી એટલે અમારી વાત ત્યાં અટકી.

એક વહેલી સવારે હું વાંચતો હતો ને બહારથી અવાજ આવ્યો:

'શાય...બ...' મેં બારણું ખોલ્યું. ભગુ બુટને 'બુરાશ' મારવા બેસી ગયો. પછી સ્લેટપેન લઈને એકડો ઘુંટે. થોડા

www.gujaratilexicon.com

દીવસમાં તો વાંચતાં શીખી ગયો. પછી મેં બીલીમોરા છોડ્યું. પાંચેક વરસ પછી એક સાંજે સુરત સ્ટેશને એનો ભેટો થઈ ગયો.

'અહીં ક્યાંથી?'

'અવે હુરેટ રઉં.'

'મા–બાપ અહીં રહેવા આવ્યાં?'

'ના, છુટો થેઈ ગીયો.'

'બાપ મારતો નથી?'

'એકવાર આવેલો. મેં એવી તો ફેંટ મારી કે પછી ની દેખાયો.'

ભગુ મોટો થઈ ગયો હતો. પગમાં ટાયરનાં ચંપલને બદલે ચામડાનાં હતાં. ખભે થેલી નહોતી. બાજુમાં એક છોકરી ઉભેલી. દસબાર વરસની હશે. કોઈકે એનું સ્વરુપ બાળપણમાં જ વીકસાવી મુકેલું. મોં પર શીળીનાં ચાઠાં. વાન શ્યામ.

'આ કોણ?'

'શાડી કીઢી.'

'ક્યારે?'

'પાંચ દી' થયા.'

'ક્યાં રહો છો બન્ને જણાં?'

'આના બાપને ઝુંપડે.'

'માણસ સારો હશે.'

'મઈને ચાલી રુપીયા આલટો છું.'

'ધંધો?'

'અંઈ ટેશનની શામ્ભે જ જગા મલી. દુકાન શારી ચાલટી છે.' વાતમાંથી મને સમજાયું કે દુકાન એટલે ફુટપાથ પર મુકેલી બુટપૉલીશની પેટી!

'ક્યાં જશો?'

'નહારી. આશાપુરીની બાઢા રાખેલી.'

એ વાતને વરસેક થયું હશે. હું સુરત સ્ટેશને ઉતરીને એકવાર ભગુની 'દુકાન' જોવા ગયો. બેત્રણ બુટપૉલીશવાળાઓને પુછ્યું તો કહે કે ભગલો હવે અહીં નથી રહેતો. એની વહુ કો'ક ટ્રક–ડ્રાઈવર સાથે ભાગી ગઈ અને એ નસીબ અજમાવવા મુંબઈ ગયો છે. મુંબઈ જાઉં ત્યારે વીચાર આવે કે ભગલો ભગવાનદાસ બનીને મને ક્યાંક દેખાશે. પણ એ દેખાયો જ નથી.

મહાનગરમાં મારો ભગવાન ક્યાંક ખોવાઈ ગયો છે એવું કહું છું ત્યારે મીત્રો બીજો ભગવાન સમજે છે!

–સ્વ. અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ

સને ૧૯૮૧માં, આર.આર. શેઠની કંપની, મુંબઈ –૪૦૦ ૦૦૨ દ્વારા પ્રકાશીત, લેખકના ચરીત્રનીબંધોના પુસ્તક 'નામરુપ'માંથી સાભાર..

@

032 : 15-01-2006

# 'ભારેલા અગ્નીના તણખા'

–રસાસ્વાદ: યશવંત મહેતા

અનુક્રમણીકા

પ્રા. જે. પી. મહેતાનું વતન મહુવા(સૌરાષ્ટ્ર). તેઓ એમ. એ.(ગુજરાતી) થઈ  પ્રાધ્યાપક બન્યા. મુંબઈ અને મહુવામાં અધ્યાપન કરી નીવૃત્ત થયા. દરમીયાન વાચન–વીચારને પ્રતાપે રૅશનલ(વીવેકબુદ્ધીવાદી) બન્યા. ઘણાં વર્ષોથી હવે વૈજ્ઞાનીક વીચારસરણીનો પ્રચાર–પ્રસાર કરે છે. અગાઉ ગૌતમ  બુદ્ધ, ચાર્વાક , કબીર , એન .  એમ.  રૉય, રાહુલ સાંકૃત્યાયન આદી મનીષીઓએ જે કામ કર્યું તેને પ્રા. મહેતા આગળ વધારી રહ્યા છે.

આજકાલ આપણી આસપાસ ધર્માંધતા, ધર્મને નામે દુર્વ્યય, તોડફોડ, ઈર્ષ્યા–અલગાવ, ધીક્કાર અને ભયાનક ઘોંઘાટ વધી ગયાં છે. ધર્મને બહાને કત્લેઆમ ચાલે છે. ધર્મને નામે પુરોહીત વર્ગ તાગડધીન્ના કરે છે, એશઆરામ કરે છે, ભોગવીલાસ કરે છે. ધર્મ આમજનતાને કશું જ આપ્યા વગર એની આસ્થા, એનો સમય, એનું ધન અને ક્યારેક તો એની અસ્મત લુંટે છે. પ્રા. જે. પી. મહેતા માને છે કે આ સર્વગ્રાહી લુંટથી બચવું હોય તો 'વીવેકબુદ્ધી'થી વર્તવું રહ્યું.

હમણાં પ્રા. મહેતાની એક નાનકડી પુસ્તીકા મળી. એ છે ‘રૅશનલ દુહાવલી’ અથવા ‘ભારેલા અગ્નીના તણખા’. આમાં એમણે ધાર્મીક અંધશ્રદ્ધા છોડીને વીચારશીલતા અને સ્વવીવેક દાખવવાનો અનુરોધ કરતા ૨૧૩ દુહા તેમ જ કેટલીક અન્ય સામગ્રી પ્રગટ કરી છે. નવું વર્ષ નવી પ્રતીજ્ઞા લેવાનું, નવાં કાર્યો શરૂ કરવાનું, નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું ટાણું ગણાયું છે. નવું વર્ષ શરૂ થયું છે ત્યારે આ દુહાવલીમાંથી કેટલાક દુહા વાંચીએ. એકદમ જુદા પ્રકારનું આ વાચન બનશે:

સંપ્રદાયના વાદથી રોજ વીતંડા થાય,
લડીલડી ધર્માંધ સૌ અંત પાળીયા થાય.

માનવતાને માનવી માને જીવનસાર,
નીર્દંભી નીશ્ચીંત થઈ કરશે બેડો પાર.

આત્મા ને પરમાત્મા કેવળ મનોતરંગ,
કોઈએ જોયો–જાણ્યો ના તેનો એકે રંગ.

તું ઘેટું તો છે નહીં, કોઈને ના અનુસર,
તારી વીવેકબુદ્ધી કહે, તેવું તું આચર.

કરોડ–કીમતી મગજને, કોઈને ચરણે ન ધર,
વૈજ્ઞાનીક વીચારથી તું જ નીર્ણય કર.

યજ્ઞ કર્યે વરસાદ હો, તો કર ભર ઉનાળે,
એકે ટીપું વાદળું નહીં તને પલાળે.

જોશીડા જો ભાવીને જાણી શકતા હોત,
કદીય તેના કુટુંબમાં અકસ્માત ન હોત.

નંગ–વીંટીથી ફાયદો તને કદી નહીં થાય,
સોનીડો લુંટી તને, ઘી ને કેળાં ખાય.

એકે બાવા–બાપુએ કરી નથી કંઈ શોધ,
પાડે પસીનો પ્રયોગમાં, વીજ્ઞાનવીરને ખોજ.

રાત–રાત ભર જાગીને ભજન કર્યે નહીં સાર,
દીવસ દીવસભર કર્મથી કુટુંબ–દેશને તાર.

કોઈ કહે તે માન ના, વીવેકબુદ્ધી વીચાર,
સ્વનીર્ભર બન, તો જ તું પામીશ જીવનસાર.

સુર્યમંત્રના જપ તજી, સુર્યકુકર અપનાવ,
સુર્યપુજાનો માર્ગ એ સત્ય, સમજ, સમજાવ.
કથાકારના ટાંટીયા કેમ પુજો, હે મુઢ!
તેના જીવનભેદ તો ઘણા ગુપ્ત ને ગુઢ.
બાળકની નીર્દોષતા જીવનમાં અપનાવ,
છળ–કપટો–ઈર્ષા–અહંના છોડી દે દાવ.

સંસારીને વખોડીને સંસારીનું જ ખાય,
આવા બાવા–બાપુથી ઢોંગી સમાજ થાય.

ધ્યાન, સમાધી, ધુણવું, મનોરોગ–નીશાન,
ડૉક્ટર પાસે જઈ કરો તેનું સત્ય નીદાન.

ચરણ કોઈના ‘કમળ’ નથી, બધે ટાંટીયે ધુળ,
લાંબા થઈ દંડવત્ કરી કદી ન કરશો ભુલ.

પ્રેમ હોય તો ભેટજો, માન આપવા નમન,
ગંદા ઝાલી ટાંટીયા કદી ન જાશો શરણ.

શંકાની ગુરુચાવીથી, ખુલે સત્ય–તાળાં,
પ્રશ્ન કરે તેને બધા મળશે સરવાળા.

ગલીએ ગલીએ મંદીરો, ભગવાનની દુકાન,
ધર્મ બન્યો ધંધો હવે, જાગ જાગ ઈન્સાન.
દોરા–ધાગા, હવન–જપ, કરે ન કોઈ ગોરા,
તોયે સ્વર્ગસુખ માણતા, વીચાર તું ભોળા!
માળા તો કરમાં ફરે, જીભમાં બડબડ ગાળ,
ઘરે ઘરે આ ડોશીઓ અભીશાપરુપ ભાળ.

મંદીર કેરે ઓટલે ગામ તણી પંચાત,
નવરાં, નીવૃત્ત ડોસલાં, ઢોંગી કેરી જાત.

પોથીમાંનાં રીંગણાં પંડીતથી જ ખવાય,
ચીજવસ્તુ હરામની તેને ઘેર ભરાય.

બાવાની પગચંપીમાં બધી સેવીકા હોય,
અંધારે એ શું કરે, પુછજો કદીક કોઈ.

લસલસતા ઘી–લાડુથી પાડા સમ અલમસ્ત,
બાવાથી બીએ બધો યુવતીસમુહ સમસ્ત.

‘પથ્થર પુજે હરી મીલે, તો મૈં પુજું પહાડ’
પથ્થર છે ઈશ્વર અગર, તો કેમ મંદીરે ધાડ?

સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વીવેક;

સાદું, કર્મઠ જીવન જીવ, કર ન કદી અતીરેક.

તારા જીવનની પળો તું જ ઘડી લે, ભાઈ,

પરાવલંબી બન નહીં, તુજ તાકાત સવાઈ.

‘વીવેકબુદ્ધી’ શ્રેષ્ઠ છે, વીજ્ઞાનવાતો સત્ય,

ધર્મો તણી ભવાઈમાં, ભારોભાર અસત્ય.

સર્જક સમ્પર્ક:

–પ્રા. જે. પી. મહેતા, બી/૪–રાધીકા એપાર્ટ., ગાંધીબાગ રોડ, મહુવા–૩૬૪ ૨૯૦–સૌરાષ્ટ્ર; મુલ્ય : રુપીયા ૧૦, ‘ઉંઝાજોડણી’(એક જ ‘ઈ–ઉ’)માં પ્રગટ થયેલું પ્રકાશન..

છેક ૧૯૯૯થી ‘ઉંઝાજોડણી’માં એકધારી રીતે પ્રકાશીત થતા ક્રાંતીકારી અને લોકપ્રીય પાક્ષીક ‘નયામાર્ગ’ના, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૦૫ના અંકમાંથી સાભાર...

@

033 : 22-01-2006

# ઝરુખડે દીવા બળે!

–રોહીત શાહ

અનુક્રમણીકા

એકાદ સારું પુસ્તક વાંચવા મળી જાય તો પછી સંસારની સઘળી ઉપાધીઓ જખ મારે છે. તાજગીભર્યો પ્રત્યેક વીચાર ફુલ જેવો હોય છે. ફુલને જોઈને કોઈ વ્યક્તી અપ્રસન્ન થાય એવું કદી બને ખરું? જગતમાં એવી બે જ ચીજ છે જે માણસને પ્રસન્નતાથી હર્યોભર્યો રાખી શકે: એક ફુલ અને બીજો તાજગીભર્યો મૌલીક વીચાર.

‘શબ્દોનો સ્વયંવર’ પુસ્તક વાંચતી વખતે એમ જ લાગ્યું કે જાણે તાજગીથી તરબતર વીચારપુષ્પોનું આખું ઉપવન મળી ગયું! આ પુસ્તકની અનુમક્રણીકા કેટલી સમૃદ્ધ છે એ તો જુઓ! (૭) ૐ વીજ્ઞાનદેવતાય નમ: (૮) પ્રેમપત્ર એટલે દીલનો દસ્તાવેજ! (૯) એન. આર. આઈ. નોન રીલાયેબલ ઈન્ડીયન (૧૨) સમસ્યાઓની બાણશૈયા પર લોહીલુહાણ મારો દેશ! (૧૯) ચાલો, દીકરાને પારકું ધન ગણીએ! (૨૫) મૃત્યુ, જીવનજરુરીયાતની ચીજવસ્તુ છે (૪૧) સત્ય સુરુચીની સરહદોમાં શોભે છે (૪૫) પ્રેમમાં ઉત્કટતા કરતાં પરીપક્વતા વધુ જરુરી છે!

જુદા જુદા લેખોનાં આ શીર્ષકો વાંચ્યા પછી લેખક દીનેશ પાંચાલના વીચારોની તાજગી છુટક છુટક માણી લઈએ:

- ‘માણસ ઈશ્વરની એસેટ્સ. યાદ રહે, માણસને ઈશ્વર વીના પરવડી શકે કદાચ; પણ ઈશ્વરને માણસ વીના કદી ચાલવાનું નથી. અબજોપતી શેઠીયો તેના નોકર–ચાકર ય વીના લાચાર બની જાય છે.’
- ‘કુદરતે માણસના પેટમાં ભુખનો ટાઈમબૉમ્બ ગોઠવ્યો છે. તે માણસને સતત પ્રવૃત્તીશીલ રાખે છે. દુનીયાની પ્રગતીનાં મુળ દાળ–રોટીમાં પડ્યાં છે.’
- ‘દરેક પુસ્તકને બે કીમ્મત હોય છે: એક તેના પુંઠા પર છપાયેલી હોય છે અને બીજી, વાંચતી વેળા વાચકોનાં દીલમાં અંકાતી હોય છે. ઘણીવાર પુસ્તકોનું પુંઠું પાકું હોય; પણ અંદરનું લખાણ કાચું હોય તેવાં પુસ્તકો ઉધઈ સીવાય કોઈનો ઉદ્ધાર કરી શકતાં નથી.’
- ‘માનવીનાં મૃત્યુ પછીય સત્કાર્યો તેને જીવાડે છે. દુષ્કર્મો જીવતે જીવત મારી નાખે છે. દેશનાં અનેક શહેરોમાં મહાત્મા ગાંધી માર્ગ છે. દાઉદ ઈબ્રાહીમ માર્ગ જોવા નહીં મળે! કોઈ યુનીવર્સીટીનું નામ ગોડસે યુનીવર્સીટી હોય એવું સાંભળ્યું છે?’
- ‘પુરુષને બાલ્યાવસ્થામાં દુધ માટે માતાની જરુર પડે છે. યુવાવસ્થામાં પ્રેમ કરવા માટે પ્રેમીકાની જરુર પડે છે. રાખડી માટે બહેનની જરુર પડે છે. ગધાપચીસીમાં મજાક–મશ્કરી

કરવા માટે કૉલેજમાં કન્યાની જરુર પડે છે. દામ્પત્યજીવન માટે પત્નીની જરુર પડે છે. વારસદાર માટે તેની કુખની જરુર પડે છે. પત્નીથી ઉબાઈ ગયા બાદ બગડવાની ઈચ્છા થાય ત્યારે રુપજીવનીની જરુર પડે છે અને અંતે પોતાના મૃત્યુ પર બંગડી તોડીને પોક મુકનાર એક વીધવાની પણ જરુર પડે છે! પુરુષજીવનમાં આવું મહત્ત્વ ધરાવતી સ્ત્રી ઉપર પુરુષો રીઝે ત્યારે કહે છે, ‘ઔરત મહાસતી હૈ’ અને ખીજાય ત્યારે કહે છે, ‘તું પૈરકી જુતી હૈ.’

• ‘જીવનનાં સર્વ સુખો પૈસામાં સમાયાં નથી. પૈસા ન હોવાનાં કેટલાંક સુખો હોય છે. મોંઘવારીનો આંક ગમે તેટલો ઉંચો જાય, ભીખારીઓને તેની ચીંતા હોતી નથી. એમને ત્યાં ઈન્કમટૅક્સની રેડ પડતી નથી. એમનાં સંતાનો વચ્ચે પ્રોપર્ટીના ઝઘડા થતા નથી. પેટ્રોલ કે રાંધણગેસ મળતાં બંધ થઈ જાય તોય એમનું રંવાડુંય ફરકતું નથી. આવી નીરાંત હોવા છતાં માણસ ભીખારી બનવાનું પસંદ કરતો નથી. આળસુ માણસ પણ કદી એવી પ્રાર્થના કરતો નથી કે, ‘હે પ્રભુ! મેં મન, વચન અને કર્મથી તારી ભક્તી કરી હોય તો મને ભીખારી બનાવજે!’ ભીખારી બનવા માટે ઈશ્વરની મહેરબાનીની જરુર નથી. ઘણી બાબતોમાં માણસ સ્વાવલંબી હોય છે.’

• ‘દરેક માએ દીકરીઓને હવે જયાપાર્વતી વ્રતને બદલે જુડો–કરાટેના વર્ગમાં તાલીમ આપવાનો આગ્રહ રાખવો જોઈએ.

એકવીસમી સદીમાં પ્રવેશી ચુક્યા પછીય સ્ત્રી આટલી અસલામત હોય તો એને સંસદમાં સ્થાન મળે તે કરતાં સમાજમાં સલામતીભર્યું સ્થાન મળે તે વધારે જરુરી છે!'

• 'પુસ્તકો મધની શીશી જેવાં હોય છે. મધમાખીની મહેનતમાં માણસનું મૅનેજમેન્ટ ભળે ત્યારે થોડું મધ શીશીમાં ઠલવાય છે. કલ્પના કરો એક શીશી મધ માટે કેટલી મધમાખીઓ કામે લાગતી હશે? લેખકની કેટલીય રાતોની મહેનત પર પ્રકાશક ઈંડાં સેવતી મરઘીની જેમ મહેનત કરે ત્યારે એક પુસ્તક તૈયાર થાય છે.'

• 'શ્રાદ્ધ એટલે આત્મચીંતનની ઘડી. પુર્વજોની સંસ્કાર–સૌરભને આપણા જીવનમાં કેટલી મહેકતી રાખી શક્યા છીએ, તે અંગેના આત્મચીંતનની ઘડી... ખુદનું જીવન રળીયાત કરવાની રીમાઈન્ડર નોટીસ...!'

• 'સમાજની માનસીકતા ટાલીયા જેવી છે. ટાલીયાઓની વસતીમાં કોઈને માથે વાળ ઉગે, તો બીજા ટાલીયાઓ એને પોતાનું અપમાન સમજે છે.'

• 'કમાવું અને ઘર ચલાવવું એ બે વચ્ચે ફુલ ચુંટવું અને ફુલનો ગજરો બનાવવા જેટલો ફરક છે.'

• 'ઘણાં દંપતીઓની દશા એક ખુંટે બંધાયેલાં બે ઢોર જેવી હોય છે. તેઓ જીન્દગીભર શીંગડાં ભેરવતાં રહે છે; પણ ખુંટો તોડી શકતાં નથી.'

• 'સત્યમાં એક સેન્ટીમીટરનોય કાપ મુક્યા વીના તે રજુ કરવું એ ઉમદા ગુણ કહેવાય; પણ દુનીયાદારીની ડીક્ષનરીમાં એ મુર્ખતા ગણાય છે.'

• 'મહેમાનોને બગીચો બતાવવાનો હોય, ખાળકુવાનું ઢાંકણ ખોલીને ન બતાવાય!'

• 'પ્રેમને સમજવો અને ખુદ પ્રેમ કરવો, એ બે વચ્ચે રસગુલ્લાં બનાવવાં અને રસગુલ્લાં ખાવાં જેટલો તફાવત છે.'

દીનેશ પાંચાલના પુસ્તક 'શબ્દોનો સ્વયંવર'માંથી આટઆટલાં વીચાર–પુષ્પોની મહેક અહીં પ્રસરાવ્યા પછી મારે શા માટે એમ કહેવું જોઈએ કે આ પુસ્તક વાંચવા જેવું અને તમારે વસાવવા જેવું છે? સમાજજીવનનાં કેટકેટલાં ક્ષેત્રો પર લેખકની કલમ આપણને વીચાર–વીહાર કરાવે છે! નવી પેઢી અને જુની પેઢી વચ્ચે વધતા જતા વીસંવાદના સંદર્ભમાં લેખક લખે છે કે, *'આજની યુવાપેઢીને શાળામાંથી જ એ શીખવવા જેવું છે કે ભગવાનની મુર્તી આગળ અગરબત્તી સળગાવવાને બદલે ઘરડાં મા–બાપના રુમમાં કાચબા છાપ અગરબત્તી સળગાવશો તો વધારે પુણ્ય મળશે!'*

'શબ્દોનો સ્વયંવર' પુસ્તક વાંચ્યા પછી તમે જડભરત રહી શકો; વીચારહીન રહી શકો એ વાતમાં માલ નથી.

(‘શબ્દોનો સ્વયંવર’ : લેખક : દીનેશ પાંચાલ, પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧ પૃષ્ઠ: ૨૦૦ મુલ્ય: રુપીયા – ૮૫)

અમદાવાદથી પ્રકાશીત ‘જયહીન્દ’ દૈનીકની પુર્તીમાં, ‘પુસ્તક–સમીક્ષા’ની કટાર લખતા સમીક્ષક શ્રી રોહીત શાહનો આ લેખ, લેખકના સૌજન્યથી સાભાર..

–રોહીત શાહ

લેખક–સંપર્ક : ડી–11, રમણકળા એપાર્ટમેન્ટ, સંઘવી સ્કુલના રેલવે ક્રૉસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ–380 013

ફોન : 079-2747 3207

ઈ–મેઈલ : rohitshah.writer@gmail.com

@

034-1 : 29-01-2006

# ‘ગુજરાતીલેક્સિકોન.કૉમ’નું લોકાર્પણ

(ગુજરાતી ઈ–શબ્દકોશ: વિશ્વની ઐતિહાસિક ઘટના)

–બળવંત પટેલ (ગાંધીનગર)

અનુક્રમણીકા

ગુજરાતી ભાષાના ઇતિહાસમાં ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ સીમાસ્તંભ દિવસ તરીકે આલેખાશે. તે દિવસે ગોરજ ટાણે, ચર્ચગેટ , મુંબઈ સ્થિત, ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સના, વાલચંદ હીરાચંદ સભાગૃહમાં, વિશ્વના કોઈપણ પ્રદેશમાં વસતા ગુજરાતી ભાષકને, ચંદરયા ફાઉન્ડેશન અને ઉત્કર્ષ દ્વારા સમર્પિત કરાયો ગુજરાતી શબ્દકોશનો મહાપ્રકલ્પ http://gujaratilexicon.com/ વેબસાઈટ દ્વારા. આ વિરાટ પ્રકલ્પનું લોકાર્પણ સીમાસ્તંભ રૂપ એટલા માટે કે સહુ પ્રથમ વાર, ભાષાનું મહત્ત્વનું અંગ–તેનો શબ્દકોશ, ડિજિટલ સ્વરૂપે, આધુનિક સ્વરૂપે, ૨૧મી સદીની જરૂરિયાતોને પહોંચી વળે તેવા સ્વરૂપે, લોકોને ઉપલબ્ધ કરાયો. કમ્પ્યૂટર પર માત્ર ક્લિક કરવાથી ભાષકની સમક્ષ લહેરાશે શબ્દોનો મહાસાગર, જેમાં છે:

ગુજરાતીથી ગુજરાતી: શબ્દ અને અર્થ: ૧૪૯૭૦૯

ગુજરાતીથી અંગ્રેજી: શબ્દ અને અંગ્રેજી સમશબ્દ: ૪૭૯૩૬

અંગ્રેજીથી ગુજરાતી: શબ્દ અને ગુજરાતી સમશબ્દ: ૫૫૩૪૦

ગુજરાતી થિસોરસ: શબ્દ અને તેના પર્યાય: ૧૨૪૦૫

ગુજરાતી વિરુદ્ધાર્થકોશ: શબ્દ અને તેના વિરુદ્ધાર્થ શબ્દો: ૫૬૬૪

રૂઢિપ્રયોગો: ભાષાની લાક્ષણિક અભિવ્યક્તનાં શબ્દઝૂમખાં: ૧૫૬૯૪

આ તો વાત થઈ માત્ર કમ્પ્યૂટરની એન્ટ્રીભૂત ચાવી સમા શબ્દોની સંખ્યાની. પરંતુ ચાવીરૂપ શબ્દો સામે અર્થ માટે ઉપલબ્ધ સંખ્યા છે વીસ લાખ! એક મહાનગરની માનવવસતી જેટલા! એક હળવા ટકોરે આ વિશ્વમાં પહોંચી શબ્દશોધ સિદ્ધ કરવાની ક્ષમતા બક્ષી આ આશિષસમ પ્રકલ્પે!

આ લોકાર્પણ થયું ગુજરાતીનાં પ્રતિષ્ઠિત લેખિકા અને તાજેતર સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ધીરુબહેન પટેલના મંગળમય હસ્તે અને આ સમગ્ર પ્રકલ્પ ફળદાયી કરવા, સતત વીસ વરસથી તન, મન, ધનથી મંડી રહેલા અને જનની, જન્મભૂમિની જેમ જ જન્મભાષા–માતૃભાષાને પણ એટલી જ ગરિયસી માનતા રતિલાલ ચંદરયા પ્રત્યે અહોભાવભર્યા વિનમ્ર હૃદયે. તે વેળા સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોનો અહોભાવ પણ તેમાં ભળ્યો.

સમારંભનાં અધ્યક્ષ ધીરુબહેન પટેલ, અતિથિવિશેષ ઈન્ડિયન મર્ચન્ટ્સ એસોશિયેશનના પ્રમુખ શ્રી દીપક પારેખ અને મંચસ્થ મહેમાનો દ્વારા દીપપ્રાગટ્યથી સમારંભનો પ્રારંભ થયો.

સભાનું સંચાલન લંડનસ્થિત એનઆરઆઈ, ગુજરાતીના આકંઠપ્રેમી અને વિચારપત્ર 'ઓપિનિયન' ગુજરાતી માસિકના તંત્રી વિપુલ કલ્યાણીએ ખૂબ કુશળતાથી રસપ્રદ રીતે કર્યું.

મંચસ્થ મહેમાનોનો પરિચય પણ વિપુલભાઈએ આપ્યો. રતિભાઈનો પરિચય આપતાં તેમણે આ પ્રકલ્પના પ્રયોજન તથા રતિભાઈમાં પ્રકલ્પનાં બીજ નંખાયાં ત્યારથી બે દાયકાના અથાગ પ્રયત્નોથી તે ફળદાયી વૃક્ષ કેવી રીતે બન્યો તેની ઝાંખી કરાવી. સાથે સાથે ચંદરયા પરિવારની અછડતી પણ મહત્ત્વની ઓળખ પણ આપી. ઉદ્યોગ અને વ્યાપારક્ષેત્રે વિશ્વના બાસઠ જેટલા દેશોમાં વિસ્તરેલ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં રત ગુજરાતી ડાયસ્પોરાનો એક સંયુક્ત, સંપીલો, તેજસ્વી પરિવાર જે ઉદ્યોગ સાથોસાથ સમાજપ્રત્યેનું ઋણ અદા કરવામાં પણ એટલો જ તત્પર રહી ચંદરયા ટ્રસ્ટ અને અનાર્ડે ફાઉન્ડેશન જેવી પરિવાર પ્રસ્થાપિત સંસ્થાઓ દ્વારા માતૃભાષા ગુજરાતી અને ભારતનાં ગ્રામવિસ્તારોનાં પરિવારો (સને: ૨૦૦૪–૨૦૦૫માં ૧૮,૨૩,૪૧૨ લાભાર્થી, આર્થિક કદ રૂ. ૧૦૧૯ કરોડ)

ને બેઠાં થવામાં ૧૯૭૫થી સહાયભૂત થાય છે. રતિભાઈ આ પરિવારના નબીરા, ચંદરયા પરિવારના સપુત, ૮૪ વર્ષે થોડી શારીરિક તકલીફો છતાં આ પ્રવૃત્તિઓમાં સક્રિય.

અભ્યાસ માત્ર હાઈ સ્કૂલ સુધીનો. બીજા વિશ્વયુદ્ધજનિત સંજોગોને કારણે ૧૯૪૦–૪૬નાં છ વર્ષ કેન્યા છોડી મુખ્યત્વે મુંબઈ–જામનગરમાં રહેવું પડ્યું. રેમિંગ્ટન ટાઈપ રાઈટર નજરે પડ્યું, સેકન્ડ હેન્ડ, ખરીદ્યું, ટકાટક ટકાટક કરતાં જાતે જ ટાઈપિંગ શીખી લીધું. ત્યારથી જ ગુજરાતી ભાષાને આધુનિક ઉપકરણોનો લાભ મળવો જોઈએ તેવી ભાવના જાગી, તે માટે પ્રવૃત્ત થવાનાં બીજ નંખાયાં. યુદ્ધ સમાપ્ત થતાં પરત આફ્રિકા જઈ, ધંધામાં પૂરજોશથી ઝંપલાવ્યું; પણ સાથોસાથ ગુજરાતી ઇલેક્ટ્રોનિક ટાઈપ રાઈટર ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નોમાં કચાશ ન રાખી. વ્યાપારમાંથી સંપૂર્ણ નિવૃત્ત થવાનું નસીબ તો ક્યારેય કોઈનેય મળતું નથી. પરંતુ વ્યાપાર–ઉદ્યોગનો ભાર પછીની પેઢીએ ક્ષમતાપૂર્વક સંભાળી લેતાં રતિભાઈને ખાસ્સો અવકાશ અને અનુકૂળતા મળ્યાં. અને તે જ અરસામાં અલાદ્દીનના જાદૂઈ ચિરાગ સમું કમ્પ્યૂટર અવતર્યું! ગુજરાતી ભાષાને તેના લાભો મળે તે માટે તેઓ એકચિત્તે લાગી રહ્યા. ગુજરાતી ભાષાના ફોન્ટ માટે સમય, સગવડ કે નાણાંની પરવા કર્યા વિના ગજબની દોડધામ કરી, ફોન્ટ વિકસાવીને જ જંપ્યા. પણ આ તો પાશેરામાં પહેલી પૂણી! લાગી પડ્યા ગુજરાતી

શબ્દકોશોને વેબસાઈટ પર મૂકવાના પ્રકલ્પ પાછળ. આશાનિરાશાના આરોહઅવરોહ છતાં મંડ્યા રહ્યા બે દાયકાથી, તે જ્યાં સુધી તે પરિપૂર્ણ ન થયો ત્યાં સુધી. જૂજ વ્યક્તિઓ આફલોદયકર્મી –હાથ પર લીધેલું કામ ફળવંતુ ન બને ત્યાં સુધી મંડી રહેનારા– હોય છે. રતિભાઈમાં તેવા માનવનાં દર્શન થાય છે. વળી એમના સાત્ત્વિક લોભનેય થોભ નહીં, આ પ્રકલ્પ સાથોસાથ સ્વપ્નુ સેવ્યું સ્પેલચેકરના સર્જનનું અને પ્રકલ્પ સાથે તે પણ સાકાર કર્યું છે.

આ પ્રકલ્પનો એક અને મહત્ત્વનો ઉદ્દેશ એ કે ગુજરાત બહાર–દેશમાં અને વિદેશમાં સ્થાયી થયેલ ગુજરાતીઓની વર્તમાન અને ભાવિ પેઢીઓનો ગુજરાતી ભાષા સાથેનો નાતો જળવાઈ રહે. નવી પેઢી કાગળ–પેન્સિલ લઈ કક્કો ઘૂંટવા નહીં બેસે; પણ કમ્પ્યૂટરની Kની Key પર હળવું ટપ કરતાં ‘ક’ મળશે તો તે કદાચ ગુજરાતી લખવા મન અવશ્ય કરશે. તેને કદાચ અંગ્રેજી શબ્દ પ્રથમ સૂઝે તો તેનો ગુજરાતી પર્યાય અને નવો ગુજરાતી શબ્દ આંખે–કાને પડે તો તેનો અર્થ હાથવગો થાય તે પણ જરૂરી. આ બધા માટે આવા શબ્દકોશની વેબસાઈટની જરૂરિયાત.

ધીરુબહેને તેમના વક્તવ્યમાં સચોટ રીતે સમજાવ્યું કે વિદેશમાં જતો, વસતો, સ્થાયી થતો ગુજરાતી હરિયાળા વિકાસશીલવૃક્ષ તરીકે જાય, તે માટે તેનાં મૂળ અહીંની

ધરતીમાં હોવાં જોઈએ જે માતૃભાષા દ્વારા જ શક્ય બને; કારણ કે માણસ વિચારી શકશે કોઈ પણ ભાષામાં; પણ અંતરની અનુભૂતિ, હૃદયમાં ઉદ્ભવતી લાગણીની અભિવ્યhક્ત, સુપેરે પ્રગટ કરવા માટે તેને જરૂર પડશે માતૃભાષાની. માતૃભાષા સાથે અનુસંધાન નહીં જળવાઈ રહ્યું હોય, તો વિદેશમાં તે વસશે ઈમારતી લાકડાની જેમ: જેનો ઉપયોગ શક્ય છે; વિકાસ શક્ય નથી. ધીરુબહેને રતિભાઈના બે દાયકાના મમતાભર્યા યજ્ઞને તપ કહીને બિરદાવ્યો. અને ઉપસ્થિત સૌએ તે સબળ હાથે અને ઉમળકાભર્યા હૈયે ઝીલ્યો.

રતિભાઈએ પોતાના પ્રકલ્પના લોકાર્પણને કન્યાદાન સાથે સરખાવ્યો, ભારતીય કુટુંબ કન્યાદાન પછી પણ કન્યાનાં સુખશાંતિ, વિકાસ અને સમૃદ્ધિ માટે સતત જાગૃત, સતત ચિંતિત અને કર્મશીલ રહે છે. તેમ આ પ્રકલ્પ માટે પણ રતિભાઈ અને ચંદરયા પરિવાર પ્રતિબદ્ધ છે તેની પણ તેમણે ખાતરી આપી. તેમણે આનંદ વ્યક્ત કર્યો કે આ માટે યૌવન અને ઉત્સાહથી થનગનતા તરવરાટભર્યા ‘ઉત્કર્ષ ગ્રુપ’નો સાથ સાંપડ્યો છે. હતાશામાં હતા, વધતી જતી ઉંમરને કારણે પ્રકલ્પ પરિપૂર્ણ થશે કે કેમ એમ થતું ત્યારે ધીરુબહેને પ્રકલ્પ પર નજર નાંખતાં જ તેની ગરિમા પ્રમાણી, ખરા હૃદયથી હાથ લંબાવ્યો, સાથ આપ્યો, જરૂરી બધું કરી છૂટવાનો સધિયારો

આપ્યો અને તરત તે માટે લાગી પડ્યાં તેનું રતિભાઈએ ગૌરવ કર્યું.

પ્રકલ્પના લોકાર્પણ–વિધિ બાદ ઉત્કર્ષ ગ્રુપના અશોક કરણિયાએ તેમના સાથીઓની મદદથી વિશાળ સ્ક્રીન પર તે રજૂ કર્યો. તેના દરેક પાસાની સરળ પણ સચોટ સમજૂતી આપી. ઉપસ્થિત મહેમાનો પૈકી કમ્પ્યૂટરના જાણકાર જાતે જ તે ઓપરેટ કરી વેબ સાઈટ પર પોતાને ઇચ્છિત ભાગ જોઈ શકે તેવી તક પણ ઉપલબ્ધ કરાવવામાં આવી અને ઠીકઠીક અતિથિઓએ તેનો લાભ પણ લીધો.

ચંદરયા પરિવારના લગભગ બધા સભ્યો, પરિવારના આ વિશિષ્ટ પ્રસંગે ઉપસ્થિત હોય તે સ્વાભાવિક છે. રતિભાઈના નિકટના એનઆરઆઈ મિત્રો ઉપરાંત ભારતભરના સ્નેહીઓ હાજર હતા. નોંધપાત્ર એ કે કલા–સાહિત્યક્ષેત્રના દિગ્ગજો સુરેશ દલાલ, ઊર્મિ દેસાઈ, વર્ષા અડાલજા, મૌલિક કોટક, પુરુષોત્તમ ઉપાધ્યાય, શોભિત દેસાઈ, ગુલાબ ભેડા જેવા વિવિધ ક્ષેત્રનાં મહારથીઓએ પણ આ લોકાર્પણને બખૂબી માણ્યો અને પ્રમાણ્યો. રતિભાઈના વેવાઈ અને મિત્ર, બંગાળના ભૂતપૂર્વ ગવર્નર વિરેન શાહે તો રતિભાઈના આ કાર્યને બિરદાવી મૈત્રીદાવે આદેશાત્મક સ્વરે સંભળાવ્યું કે ૮૪ ભલે થયાં હજી ‘શતં જીવ’ સાર્થક કરવાનું છે અને આ કામ ચાલુ રાખવાનું છે. સુરેશ દલાલે લાગણી વ્યક્ત કરી કે ધીરુબહેનના વક્તવ્ય પછી

હવે કંઈ કહેવાનો અવકાશ નથી. અને કહ્યું કે ધીરુબહેનનું વક્તવ્ય દરેક ગુજરાતીના હાથમાં પહોંચે તેવું થવું ઘટે.

જેની આ સમારંભમાં માત્ર જાહેરાત થઈ શકી તેવું આ પ્રકલ્પની અભિનંદનીય ભેટસમું (complimentary) પરંતુ તેથીય વિશિષ્ટ એવું, રતિભાઈનું કાર્ય છે; કમ્પ્યૂટર નિષ્ણાતોની સહાયથી સર્જિત, ગુજરાતીના સ્પેલ–ચેકરનું નિર્માણ. ગુજરાતી ભાષાની જોડણી સરળ નથી એવો મોટા ભાગના ભાષકોનો અનુભવ છે. મોટા ભાગના ભાષાશાસ્ત્રીઓ તારસ્વરે કહે છે કે તેના નિયમો સાચી જોડણી કરવામાં સહાયભૂત થાય તેવા નથી; આ સ્થિતિ છે ગુજરાતીની જોડણીની, ત્યારે સમજી શકાશે કે ગુજરાતીનો સ્પેલ–ચેકર, એ ગુજરાતી ભાષકો માટે કેવો મોટો આશીર્વાદ છે! ટૂંક સમયમાં જ ઉત્કર્ષ ગ્રુપ દ્વારા તેની સીડીના વિતરણનું આયોજન થશે.

આ પ્રકલ્પને પાર ઉતારવામાં અને આ લોકાર્પણ સમારંભના આયોજનમાં જે કોઈની સહેજ પણ સહાય સાંપડેલી તે તે સહુનો, સમયની પરવા કર્યા વિના, નામ જોગ અને તેઓ પૈકી જેઓ ઉપસ્થિત હતા તેમને તેમની જગ્યાએ ઊભા થવા વિનંતી કરીને, જાહેરમાં ઋણ વ્યક્ત કરવામાં ચંદરયા પરિવારની ખાનદાની અને નમ્રતાની પ્રતીતિ થઈ.

સમારંભ બાદ સરસ મઝાનું સાંધ્યભોજન માણતા અતિથિઓના ચહેરા પર અને નેત્રોમાં વર્તાતી હતી ગુજરાતી

ભાષાના ઇતિહાસમાં સીમાસ્તંભ જેવી આ ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અને સ્તંભ ખડો કરનાર રતિભાઈ પ્રત્યે અહોભાવની ભીની લાગણી.

–બળવંત પટેલ

સમ્પર્ક:

Plot 253/1 Sector 7/A, GANDHINAGAR -382 007
Home : ( 079 ) 232 46209 Mobile : 0 990 971 8403
eMail : patel.balvant@gmail.com

January 26, 2006

@

034-2 : 29-01-2006

# ધીરુબહેન પટેલનું પ્રવચન

અનુક્રમણીકા

(૧૩ જાન્યુઆરી ૨૦૦૬ ને શુક્રવારે, ચર્ચગેટ–મુંબઈસ્થિત 'વાલચંદ હીરાચંદ હૉલ'માં, 'ગુજરાતીલેક્સિકોન ડૉટ કૉમ'નું, ધીરુબહેન પટેલના હસ્તે લોકાર્પણ યોજાયું હતું.
તે વેળા તેમણે આપેલું મંગળ પ્રવચન..)

માનનીય શ્રી રતિલાલભાઈ ચંદરયા, દીપકભાઈ પારેખ, વિપુલભાઈ કલ્યાણી તથા મંચસ્થ અને સભાગૃહસ્થિત સજ્જનો અને સન્નારીઓ,

આજનો દિવસ અનેક રીતે ચિરસ્મરણીય બની રહેવાનો છે. આજે આપણા આ સમારંભપ્રિય નગરમાં વળી પાછો એક સમારંભ યોજાયો છે, એક સભા મળી છે અને આપણે સૌ એ સભામાં સહભાગી બન્યા છીએ – એમાં તે શી મોટી વાત? મુંબઈ શહેર છે, એમાં જાતજાતની સભાઓ યોજાયા જ કરે અને કેટલાક નાગરિકો પોતાની રુચિ પ્રમાણે અને અવકાશ પ્રમાણે હાજર રહે.....ચાલ્યા કરે!

પરંતુ આજે ગુજરાતીલેક્સિકોન ડૉટ કૉમનું લોકાર્પણ થવાનું છે. સાદાસીધા એક વાક્યમાં અર્થનો એક મહાસાગર ઘૂઘવે છે તે તરફ આપની દૃષ્ટિ ગઈ? આપણી ગુજરાતી ભાષા એટલે આપણી મહામૂલી મિરાત– એવું હતભાગી કોણ હશે કે જેને પોતાની માતૃભાષા પ્રત્યે, માતૃભૂમિ પ્રત્યે કે મા પ્રત્યે સ્નેહ અને આદર નહીં હોય? પ્રશ્નનો જવાબ ઢૂંઢવા અંતરના ખૂણા ઢંઢોળશો નહીં. આપણે સૌ જાણીએ છીએ કે નવા જમાનામાં નવી સમસ્યાઓ ઊભી થઈ છે. આપણી સમક્ષ નવા અને પ્રેરક આદર્શો મૂકવામાં આવ્યા છે. એમાંનો એક તે વિશ્વમાનવ બનવાની વાત.

આમ જોવા જાઓ તો વાત કંઈ ખોટી નથી. માણસની ચેતનાનો જેટલો વિસ્તાર થાય અને તે જેટલી ઊર્ધ્વગામી બને તેટલું વધારે સારું. પણ ભલા ભાઈ, વૃક્ષ આકાશને ક્યારે સ્પર્શે? તેનાં મૂળિયાં જેટલાં ઊંડાં અને મજબૂત હોય તેટલું જ તે વૃક્ષ ઊંચું વધે. આપણે તો વૃક્ષને તેની ભૂમિથી વિખૂટું પાડીને આકાશમાં લઈ જવાનો મહાયજ્ઞ આદર્યો છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે જેનું સ્થળાંતર થાય છે તે તો ઇમારતી લાકડાં– વૃક્ષ નહીં.

ઘાટઘૂટ વગરનું હોય, કાળું કે ખરબચડું હોય તો પણ વૃક્ષ જીવંત છે. એની પાસે આવતી કાલ છે. વિકાસ અને વૃદ્ધિનો

અવકાશ છે. પ્રત્યેક વસંતે નવપલ્લવથી છવાઈ જવાની ક્ષમતા છે અને એ અમૂલ્ય છે.

આપણે આપણાં બાળકોને એકસરખાં, સફાઈદાર અને કીમતી ઇમારતી લાકડાં બનાવી દેવાની ધૂનમાં એમનું એ અમૂલ્ય જીવંતપણું છીનવી લેવા બેઠા છીએ અને દુ:ખની વાત તો એ છે કે આપણને એ વિશે કશો અપરાધભાવ પણ નથી રહ્યો!

આ માત્ર વાગ્વિલાસ નથી. નિષ્ઠુર અને ક્રૂર હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ છે. હજી એ દિવસ મને યાદ છે કે જ્યારે એક દસબાર વર્ષની કિશોરી થનગનતા પગને માંડ કાબુમાં રાખીને મારી સામે આવીને ઊભી હતી, ‘ધીરુબહેન, ધીરુબહેન, મને પોએટ્રી આવી છે. પ્લીઝ, પ્લીઝ, હેલ્પ મી – હું બોલું છું તે તમે લખી આપો ને!’

મુશ્કેલી એ હતી કે એને ગુજરાતી લખતાં કે વાંચતાં નહોતું આવડતું. ત્રણ પેઢીથી જેના ઘરમાં અંગ્રેજી છવાઈ ગયું હતું એવી આ તેજસ્વી છોકરીને આજે ‘પોએટ્રી’ આવી હતી; પણ તે ગુજરાતીમાં! એ અંગ્રેજીમાં જ શા સારુ નથી લખતી એમ મેં પૂછયું ત્યારે એણે ત્રાસ પામીને કહ્યું, ‘વ્હાય કાન્ટ યુ અન્ડરસ્ટેન્ડ? આઈ કેન થિન્ક ઈન ઈંગ્લિશ; બટ ફીલ ઓન્લી ઈન ગુજરાતી!’

આ એક વિરલ પ્રસંગ હશે. મને એનું કાવ્ય લિપિબદ્ધ કરવાનો અવસર મળ્યો; પણ અનેક પ્રશ્નો મૂકતો ગયો. કાવ્ય કોઈ બૌદ્ધિક કસરતમાંથી નથી નીપજતું. એ તો આવે છે ક્યાંકથી, અને આપણે આપણી ભાષાના પાત્રમાં એને ઝીલવાનું હોય છે. આપણે આપણાં બાળકોને એમની નૈસર્ગિક અભિવ્યક્તિથી વંચિત શી રીતે રાખી શકીએ?

પણ આપણે એ જ કરીએ છીએ. આપણને ખ્યાલ જ નથી આવતો કે જ્યારે આપણી ભાષા જાય છે ત્યારે આપણો સાંસ્કૃતિક વારસો પણ આપોઆપ જતો રહે છે. એ વારસો એટલે માત્ર ઐતિહાસિક માહિતી નહીં; આપણાં જીવનમૂલ્યો. એવું નથી કે આપણે પ્રયત્ન કરવાથી એ પાછો ન મેળવી શકીએ. કદાચ અંગ્રેજી ભાષા દ્વારા આપણને એ વધારે અદ્યતન અને વ્યવસ્થિત સ્વરૂપે પણ મળે – પણ એ બધું તો હિલસ્ટેશને હવા ખાવા જેવું થાય. કેટલાને પોસાય?

આ બધો બળાપો નિર્થક લાગે છે? એક વ્યક્તિને નથી લાગ્યો. ‘હાય! મારી ગુજરાતી ભાષા મરવા પડી! હવે આપણે શું કરીશું?’ એવું બોલીને સામ સામે રૂમાલની આપલે કરવાને બદલે એને લાગ્યું કે નવો જમાનો આવી જ ચૂક્યો છે ત્યારે એનાથી મોં મરડવાને બદલે એની સાથે હાથ મેળવવા જોઈએ. એની જ મદદ લઈને ગુજરાતી ભાષાને અભયદાન આપવું જોઈએ અને એના આયુષ્યમાં વૃદ્ધિ કરવી જોઈએ.

એ વ્યક્તિ તે રતિલાલ ચંદરયા. મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતી ભાષામાં ઉતારેલું રવીન્દ્રનાથ ટાગોરનું પ્રખ્યાત ગીત 'તારી જો હાક સૂણી કોઈ ના આવે તો એકલો જાજે રે' એમણે વાંચ્યું હશે કે નહીં તેની મને ખબર નથી; પણ એમણે તે જીવનમાં ઉતાર્યું છે એ હું જાણું છું અને આપ સૌ આજે જાણશો. આવતી કાલે આખું ગુજરાત જાણશે અને માત્ર ગુજરાતમાં જ નહીં; આખી દુનિયામાં ફેલાયેલા ગુજરાતીઓ રતિલાલ ચંદરયાના આભારી થશે કે એમના પરુષાર્થ દ્વારા એ સૌને અને ભાવિ પેઢીઓને ગુજરાતી ભાષા સુલભ બની.

ગમે તેમ તોયે આ વેપારી માણસ. લેખકોને અને અધ્યાપકોને ન સૂઝે તે એમને તરત સૂઝે કે આપણો માલ ખપાવવો હોય તો એનું પેકેજિંગ અને માર્કેટિંગ કઈ રીતે કરવું જોઈએ. આ કમ્પ્યૂટરનો જમાનો છે. ઑલ રાઈટ! આ અંગ્રેજી ભાષાના વર્ચસ્વનો જમાનો છે. ઑલ રાઈટ! આપણે ગુજરાતી ભાષાને જિવાડવી હોય, સર્વસુલભ કરવી હોય તો આ બન્ને દેખીતી રૂપે વિઘ્ન લાગતાં તત્ત્વો મારફત જ કરવી જોઈએ. માણસ દુનિયાને ગમે તે ખૂણે બેઠો હોય પણ એક બટન દબાવે કે એને ગુજરાતીનો જે શબ્દ જોઈતો હોય તે અર્થ સહિત સાચી જોડણીમાં મળી જાય. એને લગતા સમાનાર્થી અને વિરોધી શબ્દો જોઈતા હોય તોયે ક્ષણવારમાં જ મળી જાય. 'કમ્પ્યૂટર સેવી' નવી પેઢી લગી પહોંચવું હોય તો આજે આ જ એક માત્ર

રાજમાર્ગ છે અને એ આપણે બાંધવો જોઈએ અને ચંદરયાએ એ બાંધી બતાવ્યો. બહોળું કુટુંબ, સંપીલું અને શિસ્તપ્રિય કુટુંબ, ઠેરઠેર ફેલાયેલું ઉદ્યોગધંધાનું કામકાજ, લક્ષ્મીની મહેર અને મગજમાં એક ધૂન આ બધાનો સરવાળો એટલે ગુજરાતીલેક્સિકોન ડૉટ કોમ! શ્રવણશક્તિ દગો દઈ રહે છે–કંઈ વાંધો નહીં. સ્વાસ્થ્ય કથળ્યું છે–કંઈ વાંધો નહીં. જે જે વિદ્વાનો પાસે ટહેલ નાખી તેમાંથી અનેકને સમયનો કે રસનો અભાવ નડ્યો–કંઈ વાંધો નહીં. આ કામ મારે કરવું છે અને તે હું કરીશ જ એવી જીદને રતિભાઈએ ન છોડી ને આખરે એમનું સ્વપ્નું સાકાર થયું. એને ધરતી પર અવતરવાનો મોકો ઘણાં બધાં સ્થળોએ મળી શક્યો હોત; પણ અંજળપાણી આ જ જગ્યાનાં લખ્યાં હશે તે કોણ મિથ્યા કરે? વૃદ્ધાવસ્થાને વખોડનારાઓ કે દયાની નજરે જોનારાઓ રતિલાલ ચંદરયાની જન્મ તારીખ જાણે તો આશ્ચર્યચકિત થઈ જાય. સ્વપ્નસિદ્ધિના આ પ્રસંગે સાક્ષી બનનારાં આપણે સૌ ગુજરાતી ભાષાના ઇતિહાસના એક માર્ગસ્થંભ સમીપ ઊભાં છીએ એનો કદાચ આપણને અત્યારે પૂરેપૂરો ખ્યાલ ન આવે પણ વાસ્તવિકતા એ જ છે.

પોતાની માતૃભાષા પ્રત્યેના પ્રેમના કેવા દીપક એમના હૈયામાં પ્રગટ્યા હશે કે વીસ વીસ વરસ લગી સફળતાનું નીલપંખી એમની પાસે આવી આવીને ઊડી જતું જોવા છતાં; ન

તો રતિભાઈ નિરાશ થયા કે ન એમણે એમના પ્રયત્નો પડતા મૂક્યા! આવી લગનીનું ફળ આપ્યા વિના સરસ્વતીમાનોયે છૂટકો નહીં, જેમ ત્રણ પેઢીઓનાં તપને અંતે ભગીરથ પર રીઝ્યા વિના ગંગામાતનોયે છૂટકો નહોતો થયો. વળી બીજું એ જોવાનું છે કે ભગીરથના પૂર્વજોના ઉદ્ધાર કર્યા પછી પણ વિષ્ણુના ચરણમાંથી નીસરેલી અને શિવજીની જટામાં ઝિલાયેલી આ દેવનદી પાછી નહોતી વળી ગઈ. હવે તો વહેતી જ રહી, લાખોનું ઐહિક અને આધ્યાત્મિક કલ્યાણ કરતી રહી અને અંતે સાગરમાં સમાઈ ગઈ. તેવી જ રીતે આ વિદેશી નામ સાથે ઊતરેલી જ્ઞાનગંગા પણ સદા વહેતી જ રહેવાની છે અને ચંદરયા કુટુંબને તો આર્થિક લાભનો પડછાયો પણ ન અડે એવી નિર્મળતાથી તમામ ગુજરાતીઓને અને ગુજરાતી શીખવા ઇચ્છતા બિનગુજરાતીઓને સહેલાઇથી સફળતાનાં સોપાન લગી લઈ જવાની છે.

સૌથી વધારે આનંદની વાત એ છે કે આમાં બધા સુધારા–વધારા–ઉમેરાને પૂરેપૂરો અવકાશ છે. જે વિદ્વાનોને આ વેબસાઇટમાં કશી ઊણપો દેખાય તેઓ જો ધ્યાન ખેંચશે તો આમાં ફેરફાર થઈ શકશે. લોકબોલીના શબ્દો પણ ઉમેરી શકાય–જો કોઈ રસ લે તો.

એ શબ્દો કેવા સરસ અને જાણવા જેવા છે તેનો પરિચય મને નાનપણથી થતો આવ્યો છે. તમને એક–બે વાત

કરું? એક વખતે લગ્નપ્રસંગે પૂરીઓ વણવાનું કામ ચાલતું હતું. મને શોખ થયો કે મારે પણ ભાગ લેવો જોઈએ. થોડીવાર પછી મારા એક ફોઈ બોલ્યાં, 'જરા સદડી રાખ.' મુંબઈમાં રહેલી અને ભણવામાં હોશિયાર ગણાતી છોકરીથી એવું તો કેમ કહેવાય કે મને નથી સમજાયું? હસીને ડોકું હલાવ્યું અને પૂરીઓ વણ્યે રાખી. બીજા ફોઈ બોલ્યાં, 'સદડી રાખને!' હું મૂંઝાઈ. મેં માની લીધું કે ઉતાવળ કરવાનું કહેતાં હશે. તેથી ઝડપ વધારીને ઘાટઘૂટ વગરની પૂરીઓ વણવા માંડી. 'ઊઠ બેટા, તને નહીં ફાવે.' કહી ફોઈએ મારા હાથમાંથી વેલણ ખેંચી લીધું. અરે! આ તો ઘોર અપમાન! દુ:ખ પામીને મેં એમની સામે જોયું. એ હસી પડ્યાં. તેથી હિંમત આવી અને મેં સહેજ ફરિયાદના સૂરે કહ્યું, 'આટલું તો જલદી વણું છું પછી કેટલીક સદડી રાખું?' બન્ને ફોઈઓ મોકળાશથી હસી પડ્યાં. એકે કહ્યું, 'સદડી એટલે જાડી. તને એટલુંયે ગુજરાતી નથી આવડતું? બધા તો કહે છે, તું બહું હોશિયાર છે!'

આપણી વિકેટ ધડાકાબંધ ઊડી ગઈ! આ સદા જીવંત સદા નૂતન મનોહર ગુજરાતી ભાષામાં એવા તો કેટલાયે શબ્દો હશે જે આપણે નહીં જાણતા હોઈએ અને જે બિનવપરાશને લીધે ક્ષીણ થઈ ખરી પડતા હશે. બીજો એવો એક શબ્દ યાદ આવે છે. – શિયાળામાં બપોરે ભોજન કરી લીધા પછી ફરમાન આવે, 'જાઓ, હવે રહણે બેસો.' ત્યારેય મુશ્કેલી નડે. ઓટલો,

પરસાળ, રવેશી, ખડકી, ઓરડો એ બધું તો સમજાય પણ આ 'રહણ' શું હશે? શા માટે ત્યાં જ જઈને બેસવું પડે? 'પૂછતાં પંડિત નીપજે ને લખતાં લહિયા થાય–ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય' એ પંક્તિઓ યાદ હતી એટલે કોઈને પૂછતાં સમજ પડી કે 'રહણ' એટલે તડકો. શિયાળાનો મીઠો તડકો તો શરીરને રસાયણનું કામ આપે એવા અર્થવિસ્તારનું પ્રાગટ્ય થતાં દિલ ખુશ થઈ ગયું હતું. અહા! કેવી સમૃદ્ધ છે મારી વહાલી ગુજરાતી ભાષા!

તમને બધાને અને ભવિષ્યમાં આ વેબસાઇટનો ઉપયોગ કરનાર તમામને મારી વિનંતી છે કે જ્યાં જ્યાં તમને આવા અર્થસભર ગુજરાતી શબ્દો જડે ત્યાંથી એમને વીણી લેજો અને અહીં એમનો ઉમેરો કરજો. બાકી બીજી ચાલુ વપરાશની ભારતીય અને બિનભારતીય ભાષાઓના કેટલાય શબ્દો તો આપણને ખ્યાલ પણ ન આવે એટલી સહેલાઈથી આપણા ભાષાભંડોળમાં પ્રવેશી ચૂક્યા છે અને તેથી ગુજરાતી ભાષા અભડાઈ નથી ગઈ, વધારે સમૃદ્ધ બની છે.

જો કે પંડિતો કદાચ ભાષાશુદ્ધિના આગ્રહી હોઈ આવા બધા આદાનપ્રદાનથી દૂર રહેવું હિતાવહ સમજે પણ જગતની કઈ ભાષાએ પંડિતોની પરવા કરી છે?

રતિભાઈ ચંદરયાની બીજી એક લાક્ષણિકતાનો ઉલ્લેખ કર્યા વિના હું મારું આજનું વક્તવ્ય પૂરું ન કરી શકું.

તુલસીદાસે સજ્જનનાં લક્ષણ વર્ણવતાં કહ્યું છે કે તેઓ પારકાનો રજ સમાન ગુણ પણ મેરુ સમાન ગણે છે અને પોતાનો ગિરિ સમાન ગુણ રજથીયે ઓછો ગણે છે. તદનુસાર રતિભાઈએ મેં કરેલી નજીવી મદદને સ્નેહપૂર્વક મોટું રૂપ આપીને મને એમની આ મોટી સિદ્ધિના લોકાર્પણ વિધિ માટે લાયક ગણી છે તે માટે હું એમની સજ્જનતાની પ્રશંસા કરું કે ઇશ્વરનો આભાર માનું? કદાચ એમ પણ હોય કે મારી ગુજરાતી ભાષા મને અતિશય વહાલી છે અને હું હંમેશાં એના વિકાસ, વૃદ્ધિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરું છું તેથી રીઝીને એ ભાષાએ મારા જીવનમાં આજનો દિવસ આણ્યો હોય.

જે હોય તે. આજે આ ગુજરાતીલેક્સિકોન ડૉટ કૉમનું લોકાર્પણ કરતાં હું અત્યંત આનંદ અનુભવું છું ને મને ખાતરી છે કે તમે સર્વ મારા આનંદમાં સહભાગી છો.

મને આ તક આપવા માટે શ્રી રતિલાલ ચંદરયાનો આભાર.

–ધીરુબહેન પટેલ

૧૬ જાન્યુઆરી ૨૦૦૬

સંપર્ક : હંસરાજ વાડી, ટાગોર રોડ, સાંતાક્રુઝ–પશ્ચીમ, મુંબઈ–૪૦૦ ૦૫૪ ફોન: ૦૨૨–૨૬૪૬ ૧૬૪૯ અને સી–૮, રાજહંસ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬ ફોન: ૦૭૯–૨૬૩૦ ૮૭૧૭ મોબાઈલ : ૯૯૬૯૩ ૨૦૦૨૭

@

035 : 05-02-2006

# આપણી દુર્બળતાઓ

લેખક : સ્વામી શ્રી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા)

અનુક્રમણીકા

પહેલી આવૃત્તી : ઓગસ્ટ, ૨૦૦૪

*(૧૦૪ પાનાંના અને નાનાં નાનાં ૨૩ પ્રકરણોવાળા આ પુસ્તકના પ્રકાશક છે: ગુર્જર પ્રકાશન, અમદાવાદ. ક્રાંતીકારી વીચારો ધરાવતા આ નાનકડા પુસ્તકની તે ભુમીકા સ્વામીજીએ જાતે જ બાંધી છે. પુસ્તકનાં પ્રકરણો પાસે જતાં પહેલાં ભુમીકા જ જોઈ લઈએ.. એક જ વર્ષમાં એની ચારેક આવૃત્તીઓ તો થઈ ચુકી છે. –ઉત્તમ ગજ્જર)*

## ભુમીકા

વીશ્વની અનેક પ્રજાઓની તુલનામાં આપણે બળવાન છીએ કે કમજોર છીએ? જો આપણે બળવાન હોઈએ તો આ પુસ્તકને કચરાની ટોપલીમાં ફેંકી દેવાનું. પણ જો આપણે કમજોર હોઈએ તો જરુર વાંચવાનું. મને લાગે છે કે આપણે કમજોર પ્રજા છીએ. પ્રજાને કમજોર બનાવવામાં સૌથી મહત્વનો ભાગ ધર્મે ભજવ્યો છે. *વર્ણવ્યવસ્થા અને જ્ઞાતીપ્રથા દ્વારા પુરી પ્રજાને વીભાજીત કરવામાં આવી છે.* આ વીભાજન

એવી રીતે કરાયું છે કે એકતા કરવી અત્યન્ત કઠીન કામ થઈ રહ્યું છે. હજી પણ ઘણા શાસ્ત્રીઓ વર્ણવ્યવસ્થાને જન્મજાત આદર્શ વ્યવસ્થા માને છે અને મનાવે છે. એ પ્રજાને અન્ધકાર તરફ ધકેલી રહ્યા છે.

*બીજું, વીભાજન સમ્પ્રદાયોથી થઈ રહ્યું છે.* હજારો (લગભગ વીસ હજાર) સમ્પ્રદાયો, પન્થો, પરીવારો, મંડળો વગેરેના દ્વારા પ્રજાના ટુકડે ટુકડા કરવામાં આવ્યા છે. સમ્પ્રદાયો હજી પણ વધી રહ્યા છે. તે અટકે એવી કોઈ નીશાની દેખાતી નથી. આ વીભાજનો પ્રજાને દુર્બળ બનાવે છે અને ગુંચવાડામાં નાખે છે. પ્રત્યેક વીભાજક પોતાને સુપરમૅન ઘોષીત કરે છે, જેમાંથી વ્યક્તીપુજા શરુ થાય છે. વ્યક્તીપુજા વંશપુજામાં પરીણમે છે. કરોડોની સંપત્તી વારસદારોને આપવામાં આવે છે અને પછી વંશને સુપરવંશ બનાવવાનું દુશ્ચક્ર શરુ થાય છે. કાશીમાં 360 મઠો હતા, બધાએ પોતપોતાના નજીકના વારસદારો કે સગાંવહાલાંને આપી દીધા, હવે આ મઠોનું અસ્તીત્વ રહ્યું નથી. બધાં ઘરો થઈ ગયાં છે. આવી જ રીતે બીહારમાં એક હજાર મઠો જમીન–જાગીરવાળા હતા, બધાએ પોતપોતાનાં પરીવારોને ઉત્તરાધીકારી બનાવી વીશાળ ધાર્મીક સમ્પત્તીને પરીવારની બનાવી દીધી છે. માનો કે મારે ત્રણ આશ્રમો છે. શું આ સમ્પત્તી મારા પુર્વાશ્રમનાં પરીવારને આપી દેવી?

જો આવી પદ્ધતી ચાલુ રહેશે તો પ્રભાવશાળી લોકો પ્રથમ ભગવાનના નામે કરોડોની સમ્પત્તી ભેગી કરશે અને પછી કોઈ ને કોઈ બહાનું કરીને પરીવારને સોંપી દેશે! આ રીતે સમ્પ્રદાયો કે પરીવારો ધર્મના નામે પ્રજાના શોષક બની જશે. અરે, બની રહ્યાં છે! કેટલાક તો ટ્રસ્ટ જ એવાં રચે છે કે પોતાનાં પરીવારના જ માણસોને ટ્રસ્ટી તરીકે બેસાડી દેવાયા હોય. આવાં પરીવાર–પોષક ટ્રસ્ટો, લોકોની ધાર્મીકતાને આંધળી બનાવીને આર્થીક લાભ ઉઠાવતાં હોય છે. ખરેખર તો ધાર્મીક અને રાજકીય ક્ષેત્રના સમર્થ પુરુષોએ પોતાનાં પરીવારોને દુર રાખવાં જોઈએ. જો તેમને નજીક લાવવામાં આવે તો પ્રથમ તો તે ખોટી દખલગીરી કરશે અને વહીવટને કમજોર બનાવશે; પછી મુળ પરુષની પાછલી જીન્દગીમાં તેની શારીરીક, માનસીક અને બૌદ્ધીક કમજોરીનો લાભ ઉઠાવી પુરી સંસ્થા ઉપર ચડી બેસશે.

આ રીતે, પ્રજાની ધાર્મીક સમ્પત્તી અને શ્રદ્ધાનો દુરુપયોગ થવા લાગશે. પોતપોતાના અલગ અલગ વાડા રચનાર વીભાજકો છે. પ્રજાનું મોટું દુષણ આ વીભાજન છે. કરુણતા તો જુઓ કે આવા વીભાજકો ભગવાન થઈને પુજાય છે અને સંયોજકો દુભાય છે! જરુર છે સમ્પ્રદાયમુક્ત ધાર્મીકતાની.

ત્રીજું વીભાજન ગુરુવાદથી થાય છે. પ્રજા હજારો–લાખ્ખો ગુરુઓમાં વીભાજીત થાય છે. ‘ગુરુ તો કરાવવા જ જોઈએ, તેના

વીના નગુરા કહેવાઈએ.' આવી મીથ્યા ધારણાએ લોકો, ખાસ કરીને સ્ત્રીઓ, તેમાં પણ વીધવાઓ, કોઈ ને કોઈ માણસને ગુરુ કરાવે છે. પ્રત્યેક ગુરુ પોતાનું એક અલગ મંડળ બનાવે છે. આ વીભાજન છે. ગુરુ પોતે જ પરમેશ્વર બનીને પોતાની પુજા કરાવે છે. જેમાંથી અનેક દુષણો પણ જન્મે છે. ખરેખર તો ગુરુવાદથી જ્ઞાન થતું નથી; કારણ કે ગુરુ જ જ્ઞાની નથી. જે ગુરુ જેટલાં મોટાં ટોળાં ભેગાં કરીને વાડામાં પુરી શકે છે તે તેટલો જ મહાન ગણાય છે. શીષ્યોને જ્ઞાનની જગ્યાએ ઘેટાંદીક્ષા અપાય છે અને પછી વર્ષમાં બે વાર તો અવશ્ય ઉન કાતરી લેવાય છે. ગુરુઓથી જ્ઞાન થતું હોત તો ભારત સૌથી વધુ જ્ઞાની થઈ ગયું હોત.

આ ગુરુવાદે પ્રજાને વીભાજીત કરીને તથા અજ્ઞાનને જ્ઞાન મનાવીને પારાવાર નુકસાન કર્યું છે. જો પ્રજાને આ વીભાજન અને શોષણથી મુક્ત કરવી હોય તો ગુરુપ્રથા બંધ કરવી જોઈએ. કદાચ આવું ન કરી શકાય તો બહુગુરુવાદનું પ્રચલન ચલાવવું જોઈએ. બહુગુરુવાદ એટલે જીવનમાં જેટલા જ્ઞાની પુરુષો મળે તે બધાને ગુરુ માનવા. કોઈ એક વ્યક્તીના પગમાં ચોટી બાંધી ન દેવી. જે લોકો માત્ર એક જ વ્યક્તીને ગુરુ માને છે તે સંકુચીત મગજવાળા થઈ જાય છે. તેઓ વીશાળતા પ્રાપ્ત નથી કરી શકતા. દત્તાત્રેયની માફક જ્ઞાનપીપાસુ માણસે અનેક ગુરુ કરવા જોઈએ. બહુગુરુવાદથી

વીશાળતા અને જ્ઞાન બન્ને વધશે. જરુર છે વીકૃત ગુરુવાદનો ત્યાગ કરી વીભાજન અને અજ્ઞાન રોકવાની. જેમ પ્રાથમીક શાળાથી વીશ્વવીદ્યાલય સુધી અનેક ગુરુજનોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેમ જીવનમાં પણ કક્ષા પ્રમાણે અનેક ગુરુઓની જરુર રહેતી હોય છે. જ્ઞાન માટે જ ગુરુ કરવા હોય તો બહુગુરુવાદ અત્યંત જરુરી છે.

વીકૃત ગુરુવાદનાં અનેક અનીષ્ટોમાંનું એક અનીષ્ટ છે વ્યક્તીપુજાનું. પ્રજા વ્યક્તીપુજક બની ગઈ છે. શીષ્યો કે અનુયાયીઓની સામે માત્ર એક જ વ્યક્તીને ફોકસ ધરવામાં આવે છે. ક્રમે ક્રમે બ્રેઈનવૉશ કરીને આવી વ્યક્તીની આંધળી ભક્તી શીષ્યવર્ગમાં પ્રસ્થાપીત કરવામાં આવે છે. આવી વ્યક્તી માટે કાલ્પનીક ચમત્કારો કે બીજી વાતો રચાય છે, જેથી તે મહાન સુપરમૅન દેખાવા લાગે છે. લોકો પરમેશ્વરપુજક અને ગુણપુજક થવાની જગ્યાએ માત્ર અને માત્ર વ્યક્તીપુજક થઈ જાય છે. બીજા વ્યક્તીપુજકો સાથે ઝઘડા અને ઝનુન અને અન્તે પોતાનામાંથી જ નવી–નવી નીકળતી સુપરવ્યક્તીઓ દ્વારા વીભાજીત થઈને પુરી પરમ્પરા વીખવાદનું કેન્દ્ર બની જાય છે.

વ્યક્તીપુજાથી પ્રજા વીભાજીત થઈને દુર્બળ થાય છે એટલે વ્યક્તીપુજાની જગ્યાએ ગુણપુજા તથા પરમેશ્વરપુજાની પ્રસ્થાપના થવી જોઈએ. બહુ જોરથી સમ્પ્રદાયો અને

www.gujaratilexicon.com

રાજકારણમાં વ્યક્તીપુજા વધી રહી છે. તેનાથી પ્રજા રાજકીય અને ધાર્મીક એમ બન્ને રીતે વીભાજીત થઈને દુર્બળ થાય છે. કોઈ એક વ્યક્તીને ધાર્મીક કે રાજકીય ક્ષેત્રની સુપરમૅન માની લેવાથી પ્રજા વ્યક્તીના કથીત સત્યને જ અન્તીમ સત્ય માની લેતી હોય છે. તે નવું સંશોધન નથી કરી શકતી, કદાચ કોઈ કરવા માગે તો તેને મૃત્યુદંડ કરવામાં આવે છે. એક સમ્પ્રદાયના અનુયાયીએ કહ્યું કે આજ સુધી અમારા ધર્મગ્રન્થમાં કે તેના સ્તોત્રોમાં એક પણ ભુલ કાઢવામાં આવી નથી. એટલે તે ભુલ વીનાનું પરમ સત્ય છે. આ ભાઈને એમ પુછી શકાય કે, ‘ભુલ કાઢવાની તમે કદી છુટ આપી છે?’ જો કોઈ ભુલ કાઢે તો તરત જ તેની કતલ કરી નાખવાનો હુકમ કરો તો કોણ ભુલ કાઢે? હીટલર કે સ્તાલીન જીવતા હતા ત્યારે તેમની પણ કોઈ ભુલ કાઢતું ન હતું. કારણ સમજી શકાય છે. સત્ય તો સમયની સાથે ચાલતું હોય છે, જો તે સમયની સાથે જોડાયેલું હોય તો પણ સત્ય વ્યક્તી કે ગ્રંથની સાથે જોડાય તો તેના સમય સાથે જડબેસલાક જોડાઈ જાય. સેંકડો કે હજારો વર્ષ વીત્યાં પછી પણ તે જ્યાં હતું ત્યાં જ અટકી જાય. આ રીતે ભુતકાળ, વર્તમાન ઉપર સવારી કરી બેસે. જ્યારે તે મોટો વીસમ્વાદ કરે ત્યારે ચુસ્ત પંડીતો તેની જુદી જુદી વ્યાખ્યા કરી મેળ બેસાડવાનો પ્રયત્ન કરે. તેનાં ભાષ્યો અને ટીકાઓ બદલાતાં રહે. બદલવાં જ પડે. પણ મુળનું સમર્થન કરવું જરુરી થઈ જાય. મુળમાં જ

ભુલ થઈ ગઈ છે: એવું કોઈ બોલી કે લખી ન શકે. કારણ કે પ્રજાના માનસ ઉપર મુળ પુરુષની વ્યક્તીપુજા એટલી તો સજ્જડ બેસાડી છે કે ચું કે ચાં કરી શકાય નહીં. આ રીતે આવો વ્યક્તીપુજક વર્ગ સત્યથી પછાત થતો જાય. પછાતોનું હમ્મેશાં શોષણ થતું હોય છે. આવી પ્રજા લાંબે ગાળે જ્ઞાન–વીજ્ઞાન અને ધનધાન્યથી આપોઆપ દુર્બળ થઈ જતી હોય છે. કોઈ પણ સમ્પ્રદાય કે રાજ્યશાસન ઘણા લાંબા સમય સુધી માત્ર એક જ વ્યક્તીને સજ્જડ વળગીને ચાલતાં હોય છે, ત્યારે તે આપોઆપ પછાત થઈ જતાં હોય છે. એટલે પ્રજાને આંધળી વ્યક્તીપુજાથી સાવધાન કરવી જરુરી છે.

હીન્દુપ્રજાના પતનમાં અહીંસાવાદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ચુસ્ત અહીંસાવાદ અને વીરતા સાથે રહ્યાં દેખાતાં નથી. શસ્ત્ર વીનાની અને નમાલી પ્રજા થાય તો ગુલામીનાં ફળ ભોગવવાં જ પડે. મહાત્મા ગાંધીજીની જે અહીંસા, અંગ્રેજોની સામે સફળ થઈ તે જુનાગઢ, નીઝામ હૈદરાબાદ કે ગોવાની સામે કેમ સફળ ન થઈ? અંગ્રેજોની સૈન્યશક્તી આગળ આ રાજ્યો તો સાવ તુચ્છ હતાં; તો પણ અહીં અહીંસા ચાલી નહીં. સત્ય તો એ છે કે અહીંસાની સફળતામાં અંગ્રેજો પણ તેટલા જ કારણભુત છે, જેટલા ગાંધીજી. પ્રજાને વીરતાધર્મ આપવો જોઈએ. અહીંસાથી પ્રશ્નો ઉકેલાતા ન હોય તો તેને ચુસ્ત રીતે વળગી રહેવાનો શો અર્થ છે?

પલાયનવાદ આપણી રગ–રગમાં ભરી દેવાયો છે. કર્તવ્યથી કે સંઘર્ષથી કેમ ભાગી છુટવું તે આપણને જ્ઞાન–વૈરાગ્ય અને ત્યાગના નામે ઉપદેશાયું છે. પ્રજા અન્યાયનો પ્રતીકાર નથી કરતી, ભાગી છુટે છે. કારણ કે પલાયનવાદમાં ઉચ્ચ આદર્શોના દ્વારા ભાગી છુટવાની કળા બતાવવામાં આવી છે. આજે આવો ટનબંધ ઉપદેશ પ્રજાના માનસ ઉપર ઠલવાય છે. પ્રજા ભાગેડુ બને છે, જે તેને દુર્બળ બનાવે છે.

સંતતીનીયમન અત્યન્ત જરુરી છે. પણ તેમાં પણ વીવેકની જરુર છે. જેની પાસે ઘણાં ઘર છે, ઘણા ધન્ધા છે, ઘણી સગવડો છે, ઘણું સામર્થ્ય છે તેને ત્યાં એક જ બાળક હશે તો તેનાથી પ્રશ્નો ઉભા થશે. ખરેખર તો તેને ઘણાં બાળકોની જરુર છે. પણ જેની પાસે છાપરુંય નથી, પોતે બેકાર છે, સામર્થ્ય છે જ નહીં, તેને ઓછામાં ઓછાં બાળકો હોવાં જોઈએ. આપણે વાસ્તવીકતાને સમજીએ અને સ્વીકારીએ તો જ સાચી દીશામાં પ્રયત્નો થઈ શકે.

પ્રસ્તુત પુસ્તક વાંચીને કોઈ એવું ન સમજે કે આપણે દુર્બળ જ છીએ. આપણે આર્થીક અને શૈક્ષણીક ક્ષેત્રે સારી પ્રગતી કરી શક્યા છીએ. આપણી પાસે સારા ઉદ્યોગપતીઓ અને વ્યાપારીઓ છે, સારા છાત્રો અને આચાર્યો છે; પણ તે અરક્ષીત છે. વ્યાપારીઓ અને ઉદ્યોગપતીઓને ભગાડી શકાય છે. કોઈ પણ નાદાન સરકાર કે હીંસક સંગઠન તેમને ચોપટ

કરી શકે છે. કેરાલા, બંગાળ, બીહાર વગેરે પ્રદેશોમાં તે જોઈ શકાય છે. પ્રતીભા છે, પણ તેને પરદેશ જવા મજબુર કરી શકાય છે; કારણ કે અહીં તેમને ઉચીત સ્થાન મળતું નથી. તેમનું સ્થાન તેમનાથી ઘણા ઉતરતા અયોગ્ય માણસો લઈ લે છે.

આપણી મોટા ભાગની પ્રતીભાઓ વીદેશના સહારે પાંગરી છે. ફળીફુલી છે. આપણે સ્વયમ્ તેના પ્રોત્સાહક બની શકતા નથી. અનામતો હવે ગરીબાઈના ઉદ્ધારનું નીમીત્ત રહી નથી. હવે તે રાજકારણનું પ્યાદું બની ગઈ છે. પ્રત્યેક ચુંટણીમાં લલચાવનારાં સાધનોમાં અનામત શીખર ઉપર બેઠી હોય છે. તમારો ગમે તે પક્ષ અને ગમે તેવો સીદ્ધાન્ત હોય; પણ પ્રત્યેક સભાના પ્રત્યેક પ્રવચનમાં ગરીબો, પછાતો, દલીતો, આદીવાસીઓ અને અલ્પસંખ્યકોની ઉગ્ર હીમાયત કરવી જરુરી છે. પછી ભલે તમે તેમના માટે કશું કરો કે ન કરો; પણ વાતો તો જરુર કરવી જ જોઈએ. ‘ગરીબી હઠાવો’થી શરુ થયેલું ગરીબીનું રાજકારણ સતત ચાલુ રહેવું જ જોઈએ. ખરેખર તો અમીરી વધારીને ગરીબી હઠાવી શકાય; તેની જગ્યાએ અમીરોને હઠાવીને ગરીબી હઠાવવાનાં કામ થઈ રહ્યાં છે. એણે ઉલટાની ગરીબી વધારી છે.

પ્રસ્તુત પુસ્તક માત્ર પ્રજાને જાગૃત કરવા લખાયેલું છે. આશા છે આની અસર થશે. આમાં લખેલા વીચારો મેં તુટક તુટક અન્ય પુસ્તકોમાં પણ લખ્યા છે. એટલે એક રીતે તો આ પુનરાવર્તન છે; તે છતાં નીશ્ચીત વીચારોનું એક જગ્યાએ ફોકસ કરવાથી તે વધુ પ્રભાવશાળી થશે તેવી મને આશા છે.

આ પુસ્તક માત્ર પ્રજાના કલ્યાણ માટે, અધ:પતનને અટકાવવા માટે અને પ્રજાને બળવાન અને સંગઠીત બનાવવા માટે જ લખાયું છે. કોઈના પ્રત્યે દ્વેશ કે દુર્ભાવનાથી લખાયું નથી, તે છતાં કોઈને તેવું લાગે તો હું તેમની પ્રથમથી જ ક્ષમા માગી લઉં છું.

અન્તમાં પરમકૃપાળુ પરમાત્માને શત શત વંદન.

તા. 19 જુલાઈ, 2004

–સ્વામી શ્રી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા), ભક્તીનીકેતન આશ્રમ, પો. બો. નં. 19, પેટલાદ – 388 450

ફોન: 02697-252 480 પુજ્ય સ્વામીજીની પરવાગીથી સાભાર....

@

036 : 12-02-2006

# સહજ સમાધ'

–ડૉ. કનુભાઈ જાની 'માધવ ગોર'

અનુક્રમણીકા

"દાદા, તમે ગાંગુલીનું નામ જ્યારે જ્યારે બોલો છો ત્યારે ત્યારે લોચો મારો છો!" ગામડેથી જ્યારે જ્યારે દીકરીને ઘેર આવું ત્યારે આ અમારી બરખા –દોતરી–મારી ખબર લઈ નાંખે છે!

"શેમાં લોચો? બોલ! સુધરવા તૈયાર!" મેં કહ્યું.

"તમે 'સૌરભ' બોલો છો! લખો છોય 'સૌરભ'."

"તે?"

"બધ્ધાં જ – અંગ્રેજી–ગુજરાતી છાપાં–પુસ્તકો બધ્ધે બધ્ધાં 'વ' લખે ને તમે એકલા 'ભ'! તો શું આ બધા ખોટા?"

"ના, સાચા–એય સાચા!"

"આય સાચું ને એય સાચું!! લો, કરો વાત! બેય સાચું કેવી રીતે હોય? દાદા, તમે દુધમાં ને દહીંમાં બેયમાં પગ રાખો છો!!"

"જો દીક્કા! દુધ કે દહીં એક્કેયમાં પગ ન રખાય. બેય મોંમાં મુકવાની વસ્તુઓ છે. બગાડાય નહીં!"

"ને, ભાષા, મોંમાંની વસ્તુ નથી? એ બગાડાય?"

"પણ મોંને લાડુ અને ફુલવડી બેય ભાવતાં હોય તો?"

"વાત આડે પાટે ચડાવવામાં ગામડાનું લોક ઉસ્તાદ! કેમ દાદા? તમે ખોટા ઉચ્ચાર અને ખોટું લખાણ કરો, પછી પાછા બચાવ કરો! તમે બસ 'સૌરભ'નું પુંછડું પકડ્યું એ જ ખરું!"

મેં એને સંસ્કૃતનો શબ્દકોશ હાથવગો હોય તો આપવા કહ્યું. લાવી. બતાવ્યું.

"અરે, આમાં તો 'ભ' છે! તો, 'વ' કેમ થયો?"

"બોલનારને ભાવ્યો ને ફાવ્યો! ઠીક. તારા નામમાં 'વ' હતો?"

"ના રે ના!"

"જો, મુળ શબ્દ તો 'વર્ષા'."

"હા, હોં!, 'બરખા' તો તમે સુચવેલું."

"બંગાળીમાં એમ બોલાય છે. 'વ' છે જ નહીં!"

"હેં! નથી?"

"જો બંગાળી શબ્દકોશ..."

"છે મારી પાસે. બંગાળી 'સાહીત્ય સંસદ'ની બંગાળી અંગ્રેજી ડીક્ષનરી."

"લાવ..., જો... આ પાનું એક હજાર એકસો ને બાવીસમું. જો."

"આમાં તો બે વાત જ લખી છે! એક, કે આ બંગાળી કક્કાનો ઓગણત્રીસમો અક્ષર છે; અને બે, 'વ'થી શરુ થતા બધા શબ્દો પાન આઠસો ત્રેપન પર છે! આમ કેમ?"

"કારણ કે 'વ' એ લોક બોલી શકતા જ નથી. જાણે છે ખરા કે 'વર્ષા'માં લખાય તો 'વ'; પણ બોલાય તો 'બ' કે 'ભ'."

"બોલી કેમ ન શકે?"

"દરેક ભાષા બોલનાર અમુક જ ઉચ્ચારો કરી શકે છે. દાખલા તરીકે અંગ્રેજી બોલતાં આપણે અંગ્રેજો કે અમેરીકનો પ્રમાણે ન બોલી શકીએ. ને અંગ્રેજ આપણો 'ત' કે 'દ' કે એવા બીજા ઘણા ઉચ્ચાર–એકમો ન જ બોલી શકે."

"એટલે, ઉચ્ચાર ભાષાએ–ભાષાએ જુદા. એ તો બરાબર. પણ એકની એક ભાષામાંય ઉચ્ચાર ફરે? એ કેવું? સંસ્કૃતમાં તો એવું નથી!"

"કોણે કહ્યું? વેદના વારાના સંસ્કૃતમાં 'હરિ', 'મહિ'માંના આજના સ્વ 'ઇ' તે દીર્ઘ હતા! કેટલાય જુદા હતા!"

"તો, સંસ્કૃતેય શું ફેરફાર થઈને આવેલી ભાષા હતી?"

"હાસ્તો! ભાષા બહતા નીર! નદી પર્વત પરથી નીકળે ને ઢાળ મળે ત્યાં વહે! તે વખતે પછી પર્વતે એના ઉદ્ગમ આગળ ઉભેલો માણસ કહે કે 'નદી, નદી, પાછી આવ!' તો એ પાછી આવી શકે ખરી? એ તો બેય કાંઠાનાં જીવનને લીલું લીલું રાખતી વહ્યે જ જાય. એમ ભાષા પણ."

“નદીને તો વહેણનું તળ છે. ભાષાને એવું તળ હોય? કયું?”

“લોકની જીભ ને લોકનું મન. ઢાળ–સરળતા જ એનું બળ. એ જ એને વહેવડાવે.”

“પણ અમારાં બહેન ગુજરાતી શીખવે છે તે કહે છે કે સરળતાનું પુંછડું પકડનારા ભાષાને બગાડે છે! ન્હાનાલાલે અમથું કહ્યું હશે કે ‘નરી સરળતા કોણ પુજશે?’ ”

“કોણ નહીં પુજે તે કહું : પંડીતો. કોઈ ન સમજે એવું લખી શકો તો તમે ‘લેખક’! હું તો માનું છું કે સહજ બોલાતી બહુજન–સમાજની ભાષા તે જ વધુ ઉપયોગી. બોલાતી ભાષાની અસર લખાતી પર પણ પડતી જ હોય છે.”

“બોલાતી ભાષા જબરી કે લખાતી?”

“બોલાતી ભાષા લખાતીને બદલી શકે.”

“કેવી રીતે? દાખલો આપો. દાદા, અધ્ધર વાત ન કરો. અને હવે બધી ભાષાની વાત કરો છો તો અંગ્રેજીમાંથી દાખલા આપો!”

“જો દીકરી, હું તો ગામડામાં રહું છું. બહુ અંગ્રેજી તમારી જેમ અંગ્રેજી મીડીયમમાં ભણ્યો નથી.”

“પણ તમારા વખતમાં અંગ્રેજી સારું શીખવાતું.”

"એટલે તો દાખલો આપી શકું છું. આપણે આજેય 'નારંગી' શબ્દ બોલીએ છીએ ને? એને માટેનો અંગ્રેજી શબ્દ કયો?"

"ઓરેન્જ."

" 'રંગી' અને 'રેન્જ' મળતા આવે છે?"

"થોડાક. 'ર' કોમન છે. 'ગ'ને સ્થાને 'જ' છે."

"મુળ સ્પેનીશ શબ્દ હતો / છે : 'norange'."

"ઓહ! આપણા 'ન'નું મુળ મળ્યું."

"પણ અંગ્રજીમાં 'ન' કેવી રીતે ગયો તે વાત જાણવા જેવી છે. અંગ્રેજીમાં નામની આગળ 'એ' (A) કે 'એન' (An) આર્ટીકલ લગાડવાનો ચાલ રુઢ થયેલો છે."

"હા. એટલે 'એન ઓરેન્જ' થાય."

"ના! મુળમાં 'એ–નોરેન્જ' થાય! પછી 'એ–નોરેન્જ' બોલનારે 'એન–ઓરેન્જ' માની લીધું! ને 'ન' એમ ઉડી ગયો!"

"બીજા આવા શબ્દોય હશે. છે. ઘણા. પણ ચર્ચાને લંબાવવાનો અર્થ ખરો? "

"દાદા, શબ્દનેય ઈતીહાસ હોય, ખરું ને?''

"હોય જ. ને એનું અલગ શાસ્ત્ર પણ છે. પણ એનોય સાર છે : સરળતાનું મોટું અવલંબન."

"પણ એક દાખલો બીજો આપો."

"ડૉક્ટરો – ખાસ કરીને જે અડધી બાંયવાળો સફેદ હાફકોટ જેવો ડગલો પહેરે છે–"

"અમેય પ્રયોગશાળામાં પહેરીએ છીએ–"

"–એને શું કહેવાય?"

"એપ્રન."

"બરાબર : ... પણ મુળ શબ્દ છે 'નપ્રન'!"

"પેલા 'ઓરેન્જ' જેવું થયું હશે– 'એ નેપ્રન'નું 'એન એપ્રન' ગણાયું હશે ને પછી 'એપ્રન' જ ચલણી બન્યું હશે."

"એક્ઝેક્ટલી! એમ જ. મુળ અર્થ પણ ક્યારેક બદલાય. 'પેન' (Pen) મુળમાં લેટીન Penna એટલે 'પીંછું'! ને મુળ લેટીન 'Penicillas' એટલે 'બ્રશ'. એના અર્થ ફરી ગયા ને થયું 'પેન' એટલે 'કલમ' ને 'પેન્સીલ' એટલે 'સીસાપેન'!"

"આમ કેમ થયું?"

"સરળતા, સહજ પરીવર્તન, સહજ સમાધી!"

"પણ દાદા!" બરખાએ હસતાં હસતાં ટોળમાં પુછ્યું :

"ન્હાનાલાલ ખોટા? 'નરી સરળતા કોણ પુજશે?'

"દીકુ! એની સામે એક અંગ્રેજી 'ગ્રીક ક્હેણ છે, વીચારજે ને તારાં બહેનને પણ કહેજે : 'સીમ્પ્લીસીટી ઈઝ ગ્રેન્ડયોર."

'સરળતા તો છે ભવ્યતા'!–ગાંધી જેવી. સરળતાને સાધવી સહેલી નથી. શબ્દોને સરળ થતાં યુગો લાગ્યા છે. એ 'સહજ સમાધ'નું ફળ છે.

ને બરખા ગાતી ગાતી ચાલી ગઈ, ‘બરખા રીતુ બૈરી હમા…રી!’

મેં સામે કહ્યું :

‘ઓ બરખા કે પહેલે બાદલ! મેરા સંદેશા લે જાના!’

–ડૉ. કનુભાઈ જાની ‘માધવ ગોર’

સર્જક–સમ્પર્ક:

‘વેણુ’, ૬–ઘોષા સોસાયટી, થલતેજ રોડ, અમદાવાદ–380 054

ફોન : 079- 2685 5467

તા. ૧ ડીસેમ્બર ૨૦૦૫ના, ‘નયામાર્ગ’ પાક્ષીકમાં, ‘ગુજરાતી ભાષાપરીષદ’ દ્વારા દર બે માસે પ્રગટતી ‘ભાષાવીચાર’ નામક પુર્તી–૧૭માંથી–પાન ૨૯ પરથી લેખકશ્રી અને સમ્પાદક શ્રીના સૌજન્યથી સાભાર…ઉત્તમ ગજ્જર..

@

037 : 19-02-2006

# નવવધુની સાસુમાને વીનંતી

–જયંત ગો. ગાંધી

અનુક્રમણીકા

સાસુમા! હું ચરણકમલે, આપનાં તો નમું છું,
આશીર્વાદો શુભ હૃદયનાં, પ્રેમથી હું ચહું છું.

આજે મારો નવવધુ રુપે, જન્મ બીજો થયો છે,
સેવાના આ શુચીગૃહ તણા, ઓરતા અંતરે છે.

સાસુમા! હું પીયરગૃહને, સર્વ સંબંધીઓ ત્યાં,
છોડી આવી શ્વસુરગૃહમાં, નીત્ય આશાભરી ’હ્યાં.

છુટ્યો મારો મહીયર તણો, સંગ તો આજથી ને,
જોડાઈ છું મુજ પતીગૃહે, આપના આશ્રયે જે.

સંસારે સૌ જન સમજતાં, ભોગ આપે નવોઢા,
હું જાણું કે શુચી બહુ અહીં, ભોગ દે સાસુમા આ.

‘લોચો–પોચો’ સમ જનમથી, પુત્ર જે ‘માડી’નો તે,
પાળીપોષી ભડવીર કરી, અર્પતાં ‘લાડી’ને એ.

સાસુમા! હું નહીં જીવનમાં, પાડ ભુલું કદી તો,
આપે આપ્યો અનુપમ મને, આપનો તો દુલારો.

તેની સંગે નીજગૃહ કરું, આપની સર્વ સેવા,
એવી મારા મધુર હૃદયે, નીત્ય છે ભાવના આ.

●♦●

## નવવધુને સાસુમાના શુભાશીષ
–જયંત ગો. ગાંધી

પુત્રી! મેં તો નવવધુ રુપે, પ્રાપ્ત તુંને કરી છે,
આશીર્વાદો મુજ હૃદયના, પ્રેમથી આ દીધા છે.

રુડાં તારાં કુમ–કુમ પદે, આ ગૃહે તું ભળી છે,
જોતાં તુંને બહુ હરખથી, આંખ મારી ઠરે છે.

બેટી! આવો જીવનક્રમ તો, સર્વ સ્ત્રીઓ તણો છે,
ત્યાગી નીત્યે પીયરગૃહને, સાસરે સંચરે છે.

સૌની સંગે શ્વસુરગૃહમાં, લક્ષ્મી સંપે રહે છે,
આવી રીતે મહીયર તણાં, નામને એ ઉજાળે.

માતાઓની ફરજ જગમાં, પુત્રને પાળવાની,

‘લોચા–પોચા’ સમ તનયને, ‘છેલડો’ તો કર્યાની.
શોધી રુડી, સમજણ ભરી, કન્યકા કોઈ શાણી,
તેની સંગે શુચી લગનની, ગ્રંથીએ બાંધવાની.

મેં મારી એ ફરજ વહુમા! પુર્ણ આજે કરી છે,
સોંપ્યો છે આ મુજ તનુજને, પ્રેમથી આજ તુંને.

સંભાળી લે તુજ પતી અને, સાસરી સર્વ ભાવે,
આશા તારી શુભ સહુ રુપે, આશીષો સર્વ આપે.

–જયંત ગો. ગાંધી– ‘કુસુમાયુધ’

કવી સમ્પર્ક: 21-સરદારનગર સોસાયટી – જુનાગઢ – 362 001 ફોન : 0285-267 0299

@

038 : 26-02-2006

# ..પેટોબા..

હે જઠરદેવ! મીચ્છામી દુક્કડમ્!

– ડૉ. મહેરવાન ભમગરા

અનુક્રમણીકા

પરમ પુજ્ય પેટ,

ઘણા સમયથી થતું હતું કે તારા પર કરાયેલા અત્યાચારો માટે તારી માફી માગું. પરંતુ સામાન્ય રીતે જેમ કોઈ ગુનેગારને પોતાનો ગુનો દેખાય છતાં તે માટે એ માફી માંગવાની હીંમત સહેલાઈથી કરી શકતો નથી, તેમ હું પણ તારી માફી માંગવામાં આજ સુધી વીલંબ કરતો આવ્યો છું. હું તારી ક્ષમા આ પત્ર દ્વારા પ્રાર્થું છું.

ફીલ્મી વાર્તાઓમાં, તેમ જ વાસ્તવીક જીવનમાં પણ, ક્યારેક કોઈએ નાનુંમોટું કુકર્મ કર્યું હોય તેને એવું કહેતો સાંભળીએ છીએ કે, ‘પાપી પેટને વાસ્તે મેં આ ભુલ કરી.’ માનવી પોતાને બદનામ કરવાને બદલે તને પાપી ગણાવે છે, પેટ દેવ! તું તો કોઈ પણ પાપ કરવાની સ્થીતીમાં છે જ નહીં; પાપ તો તારો માલીક જ કરી શકે! હું પાપ કરી શકું. તું ક્યાંથી કરે? તારી કુદરતી પાચનશક્તીની ક્ષમતાને અતીક્રમીને મેં તારા પર સતત બોજ નાખ્યા જ કર્યો, તે કૃત્યને હું પાપ ગણું

છું. જીન્દગીભર, રોજ ‘ઓવર લોડીંગ’ કરીને મેં તારે મોઢે ત્રાહીમામ પોકારાવ્યું છે! અને તે પણ રોજ એક જ વેળા નહીં; બેથી ત્રણ વેળા! અને આ મારો દુર્વ્યવહાર આજકાલનો નહીં; દાયકાઓ જુનો છે! આ લાંબા ગાળામાં મેં તને એક દીવસનો પણ વીશ્રામ આપ્યો નથી, એનો મને ખેદ છે.

તારી નાજુક છતાં મજબુત દીવાલોને બાળી નાખે એટલો મરચાંવાળો ખોરાક મેં ખાધો છે. માંસાહાર કરીને, તેમ જ શરાબ, તમાકુ જેવા દાહક પદાર્થો મોંમાં નાખીને મેં તને અનેક વેળા પરેશાન કર્યો છે, તને વધુ એસીડનો સ્રાવ કરવા મજબુર કર્યો છે. પ્રમાણમાં નીર્દોષ કહેવાય તેવી વાનગીઓ, દાળ, ભાત, કઢી, ખીચડીને પણ છેક વધુ પ્રમાણમાં આરોગીને મેં તારી પાચનક્રીયાને મંદ બનાવી છે.

## મંદાગ્નીથી મુક્તી માટે યજ્ઞ

શાસ્ત્રોએ જઠરમાં અગ્ની છે એમ કહ્યું છે. એ અગ્ની તો યજ્ઞ માટે છે. એને પ્રજ્વલીત રાખવાનો છે, એ બુઝાઈ જાય એટલી હદે ખાઈ–પીને એને મંદ કરવાનો નથી. યજ્ઞ–હવનની કે પુજાની વાત બાજુએ રાખી મેં ઉલટાનું તું કચરાપેટી હોય એવો વ્યવહાર તારી સાથે કર્યો છે. હું એકલો જ નહીં, સૌ માનવીઓ તારા પર અત્યાચાર કરે છે. કોઈને જમવા બોલાવતી વેળા, ‘ચાલો, પેટપુજા કરવા,’ એમ મજાકમાં જ

કહેવાય છે, સાચા અર્થમાં તારી પુજા કોઈ કરતું જ નથી. ફક્ત તું જ નહીં, આખું શરીર પવીત્ર છે, એમ ઉપનીષદોએ, બાઈબલે અને કબીરદાસે પણ કહ્યું છે. શરીર ઈશ્વરનું મંદીર છે; પરંતુ મારા જેવા અબજો માનવીઓ એને કચરાકુડાનું ‘ડમ્પીંગ ગ્રાઉન્ડ’ ગણીને મોં વાટે, કહેવાતો જે તે ખોરાક – ‘જંક ફુડ’ – શરીરના એક અગત્યના અવયવમાં–ચાને તુજમાં પધરાવતા રહે છે.

એક ચૉકલેટ બનાવનાર કંપનીએ પોતાની જાહેરાતમાં ચૉકલેટના પૅકેટના ચીત્ર આગળ ‘થોડીસી પેટપુજા’ લખીને ગ્રાહકને લલચાવનારું આમંત્રણ છાપ્યું હતું. સાચા અર્થમાં પુજા તો સત્ત્વતત્ત્વની, સત્ત્વતત્ત્વથી કરાય. પેટમાં ચૉકલેટ, ચેવડો કે ચીકન નાખવાથી પુજા થતી નથી. ત્રણ દાયકા પહેલાં તો હું માંસ, ઈંડાં પણ તારી અંદર નાખીને તને મલીન, દુષીત, અપવીત્ર કરતો. શરુઆતમાં અજ્ઞાનને કારણે હું તને ભ્રષ્ટ કરતો રહ્યો, ત્યાર પછી આદતની મજબુરીને કારણે આ પાપ અવારનવાર થતું રહ્યું. હવે ઈશ્વરકૃપાએ એમાંથી છુટકારો થયો છે, એ સારી વાત છે; છતાં અત્યાહારનો પાપી હું આજે નથી રહ્યો, એમ તો ન કહી શકું.

## ઉણોદરી

લોનાવલાના મારા મીત્રના બંગલામાં બેસી હું આ લખી રહ્યો છું. મારી પાસે દીવાલો પર બંદુક, તીર–કમાન, ભાલાઓ, પીસ્તોલ અને ચાબુક, જુના જમાનાની અને બંગલાના અગાઉના માલીકની શેષસ્મૃતી રુપે લટકી રહ્યાં છે. ચાબુક પર મારા વીચારો અટકે છે, ક્યારેક તો એનો ઉપયોગ કોઈ થાકીને લોથપોથ થયેલા ઘોડાને ફટકારવા માટે થયો હશે. ભુખ ન હોય છતાં કહેવાતા ‘એપીટાઈઝર’ યાને ભુખઉત્તેજક પીણાનો ઉપયોગ પેલા થાકેલા ઘોડાને ચાબુક ફટકારવા જેટલો જ હીંસક અને મુર્ખાઈભર્યો પ્રયોગ છે. ભલે એ ‘એપીટાઈઝર’ ઓછું હાનીકારક સોફ્ટ ડ્રીંક હોય કે વધુ હાનીકારક વ્હીસ્કી હોય.

કૃત્રીમ ભુખ પેદા કરીને પણ માનવીએ તો બસ ખા–ખા કરતા રહેવું છે. જૈનધર્મે જૈનોને જ નહીં; માનવમાત્રને ઉણોદરીનું વ્રત પાળવા અનુરોધ કર્યો છે. મુનીમહારાજોએ ઉણોદરી વ્રતને અહીંસાવ્રતનું એક અંગ ગણ્યું છે. પણ શ્રાવકો એનો અમલ ક્યાં કરે છે? એટલે જ શુદ્ધ શાકાહારી હોવા છતાં, અહીંસક કોમનાં ભાઈ–બહેનો પણ હૃદયરોગો અને કૅન્સરના રોગોથી પીડાય છે, જેનું એક કારણ ખાઉધરાપણું છે.

ડૉ. હોરેસફ્લેચર નામનો એક અંગ્રેજ તબીબ એક સરળ સુચન આપી ગયો છે, જે પાળવામાં આવે તો આપમેળે અત્યાહારથી બચાય. એ કહેતો કે નક્કર ખોરાક ખાવ તે બત્રીસ

વેળા ચાવીને ખાવ. ઘન ખોરાક બરાબર પ્રવાહી બને પછી જ એને ગળા નીચે ઉતરવા દો. છાશ, ફળરસ, સુપ વગેરે પ્રવાહી પીતાં હોય તો એને પણ થોડી માત્રામાં ચુસીને પીઓ, અને થોડો સમય મોંમાં એને જીભથી ફેરવીફેરવીને થુંકનું અમી એની સાથે મળે પછી જ તેને અન્નનળીમાં ઉતરવા દો. પેટ દેવ! તને કે આંતરડાંને દાંત હોતા નથી.

જે ખોરાક બરાબર ચવાય નહીં, તે ખોરાક બરાબર પચે નહીં. એ સમજાય એવી વાત છે. બરાબર ચાવીને ધીરેધીરે ખોરાક લેવાય તો, 'ઉણોદરી' આપમેળે પાળી શકાય. શાંતીથી ચાવીચાવીને ખાનાર વ્યક્તી ખાઉધરો હોય જ નહીં. મીતાહારી જ હોય. પુજ્ય પેટ! 'ખાધેપીધે સુખી' હોવાને કારણે, તને દુખી કરનારા તારા માલીકો તારી અંદર જેટલો ખોરાક અહર્નીશ નાખતા રહે છે, તેનાથી અડધો જ આરોગે તો, એટલું કરવા માત્રથી, કદાચ એ નીરોગી થઈ જાય! કેટલાક તો એટલું બધું ઠાંસે છે કે, એનો એક તૃતીયાંશ ભાગ, અને કેટલાક કીસ્સામાં તો એક ચતુર્થાંશ યા ફક્ત એકપંચમાંશ ભાગ પણ એ ખાઉધરાઓને પોષણ આપવા માટે પુરતો થઈ પડે! ઘણાને રોજની પચ્ચીસ રોટલીની નહીં; પાંચ રોટલીની જ જરુરીયાત હોય છે.

## વંદના અને વચન

પેટેશ્વર મહારાજા! તને હું વંદું છું. તું છે તો હું છું. તું છે તો મારા શરીરમાં રક્ત બને છે. તું છે તો હૃદયનો પંપ કામ કરે છે. રક્ત વીના તો શરીરનો કોઈ પણ કોષ, પછી તે હાડકાનો હોય, સ્નાયુનો હોય, મગજનો કે જ્ઞાનતંતુનો હોય, કે હૃદયનો હોય, પોષણ જ ન મેળવી શકે! અને રક્ત બને તારી અંદર થતી ચયાપચયની પ્રક્રીયાઓને કારણે. મારા વીચારો, વાણી અને વર્તન, ત્રણેને તું પોષે છે. ધંધાકીય સફળતા હોય કે સામાજીક પદ–પ્રતીષ્ઠા, બધું જ તારી મદદથી મને મળ્યું છે. તને કોટી કોટી વંદન કરું છું. પ્રભુ પેટ! અને તારી પર કોઈ અત્યાચાર હવે હું નહીં કરું એવું વચન આપું છું. હું, સાચી ભુખે જ ખાવાનું, ભુખ ન હોય તો ન ખાવાનું અને મીતાહારી બનવાનું તને વચન આપું છું. 'ભુખ' શબ્દનો સાચો અર્થ મને સમજાઈ ગયો છે. 'ભુ' એટલે ભુમીમાંથી મળતો પદાર્થ જ હું આરોગીશ, અને 'ખ' એટલે અવકાશ. તે અવકાશ પેટમાં જળવાય તેનો ખ્યાલ રાખીને જ હું ખાઈશ. જય જઠર! જય પેટોબા!!

– સ્વ. ડૉ. મહેરવાન ભમગરા

'આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત નીસર્ગોપચારક ડૉ. મહેરવાન ભમગરા પ્રદુષીત મુંબઈને છોડીને લોનાવલાની

નૈસર્ગીક સમૃદ્ધીને ખોળે આયુષ્યનો નવમો દાયકો ભરપુર પ્રવૃત્તીમાં વ્યસ્ત રહીને ગાળી રહ્યા છે. નીસર્ગ દ્વારા તબીયતને ફુલગુલાબી રાખવાની જીવનશૈલી શીખવી હોય તો બસ એમની પાસેથી જ. ડૉ. ભમગરાનું સમગ્ર જીવન નીસર્ગમય જીવન જીવવામાં અને નીસર્ગોપચારક તરીકે વરસો સુધી હજારો દર્દીઓને નવી દીશા બતાવનારું રહ્યું છે. જન્મ અલીગઢમાં; પણ શીક્ષણ સુરતમાં. ૧૯૬૦માં મુંબઈમાં મરીનડ્રાઈવ પર નીસર્ગોપચાર ક્લીનીક શરુ કર્યું. ૧૯૭૦થી એ અંગે એમના વીદેશ પ્રવાસ શરુ થયેલા. ૧૯૭૫માં મળેલ અમેરીકન ગ્રીનકાર્ડ ૧૯૮૬માં સસ્નેહ પરત કરી ભારતને જ વહાલું કર્યું. આજે પણ ૮૦ ઉપરના આ સુકલકડી યુવાનને ટટ્ટાર ચાલતા જોઈએ તો કુદરતી જીવનશૈલીને વંદના કરવાનું મન થઈ જાય..ચંદ્ર ખત્રીના આમુખમાંથી.....

ડૉ. ભમગરા સાહેબ લીખીત ‘આપણી અંદરનું બ્રહ્માંડ’ પુસ્તકમાંથી સાભાર.. ૫૭૨ પાનના આ અદ્ભુત ગ્રંથના પ્રકાશક છે : ‘ઉમંગ પબ્લીકેશન’, મણી મેન્શન, વીલ્સન સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ–૪૦૦ મુલ્ય-૦૦૪ : રુપીયા ૩૫૦

## માણસ

માણસ માણસ કેટલા માણસ,

જ્યાં જુઓ ત્યાં માણસ!

કોઈની ભીતર મબલખ માણસ,

કોઈ કેવળ બહારથી માણસ!

માણસનો ઈતીહાસ છે માણસ,

માણસનો ઉપહાસ છે માણસ!

માણસ વચ્ચે રહીને શોધું ,

ક્યાંય મને ના જડતો માણસ!

–જયંત જોશી

સૌજન્ય: એમના નવા કાવ્યસંગ્રહ ‘ભીતર’માંથી સાભાર..

@

039 : 05-03-2006

# સંસ્કારીતાની ઈજારાશાહી હોય ખરી?

–સુધા મુર્તી

અનુક્રમણીકા

ત્રણેક વર્ષ પહેલાંની વાત છે. રોજની જેમ જ સવારે હું પેપર વાંચતી હતી. જુન મહીનો હતો અને બારમા ધોરણની પરીક્ષાનું રીઝલ્ટ આવ્યું હતું. લગભગ આખું પહેલું પાનું કૉમર્સ અને સાયંસના તેજસ્વી વીદ્યાર્થીઓના ફોટા અને નામોથી ભરાઈ ગયું હતું. હું તો શીક્ષકની દીકરી અને વ્યવસાયે પણ શીક્ષક, તેથી આ હોશીયાર વીદ્યાર્થીઓને જોઈને હંમેશાં ખુબ હરખાઉં. આપણે બધાં મનોમન જાણીએ જ છીએ કે બોર્ડમાં આવવું તે કાંઈ કોઈની હોશીયારીનું સાચું પરીક્ષણ નથી; છતાંય લાખો વીદ્યાર્થીઓમાં એકથી દસમાં આવવા માટે હોશીયારી ઉપરાંત ધગશ, મહેનત કરવાની શક્તી તથા બીજા ઘણા બધા ગુણોની જરુરીયાત હોય છે.

બધા ફોટાઓમાં એક છોકરાનો ફોટો મારું ખુબ જ ધ્યાન ખેંચી ગયો. તેની પરથી નજર જ ન હટે. ખુબ જ પાતળો, ફીક્કો પણ આંખમાં ગજબની ચમક. વીદ્યાનું, ખાનદાનીનું એક અકળ તેજ અને ખુમારી. ફોટા સાથે તેનું નામ માત્ર હતું શૈલેશકુમાર કીશનલાલ ડામોર. બારમા સાયંસમાં ડાંગ જીલ્લાના આહવા

સેન્ટરમાંથી બેઠેલો અને આઠમો આવેલો. બસ, આથી વધુ કોઈ માહીતી ન મળી.

બીજા દીવસે પેપરમાં શૈલેશકુમારનો ફરી ફોટો જોઈને હું નવાઈ પામી. આ વખતે તેનો ઈન્ટરવ્યુ પણ હતો. આખોય ઈન્ટરવ્યુ હું ખુબ રસપુર્વક વાંચી ગઈ. ખુબ જ ગરીબ કુટુંબનાં પાંચ ભાઈભાંડુમાં શૈલેશ સૌથી મોટો હતો. બાપુ નાનીમોટી મજુરીનું કામ કરે અને મા વાંસની ચીજ વસ્તુઓ બનાવવા જાય. દીવસના રૂ. ૪૦ની કુલ આવક. કમાણીનું બીજું કોઈ સાધન નહીં. ઈન્ટરવ્યુમાં શૈલેશે આગળ ભણવાની કોઈ જ ઈચ્છા વ્યક્ત કરી ન હતી. ગામથી દુર, સારી કૉલેજમાં ભણવું તેને પરવડે તેમ હતું જ નહીં.

શૈલેશના અંધકારમય ભવીષ્ય વીશે વીચારતાં હું ખુબ દુ:ખી થઈ ગઈ. આ તેજસ્વી વીદ્યાર્થીનો હાથ પકડનાર કોઈ નહીં મળે? આપણે આપણાં બાળકોને મોંઘાં પુસ્તકો, ગાઈડો, રેફરન્સ બુક્સ, સ્યોર સજેશન, અપેક્ષીત, છેલ્લાં દસ વર્ષનાં પેપરોના સેટ, બધું જ ધડાધડ અપાવી દઈએ છીએ. મોંઘીદાટ સ્કુલોમાં ભણવા મોકલીએ છીએ. લટકામાં, દરેક વીષયનાં ટ્યુશન રાખીએ છીએ કોચીંગ ક્લાસમાં મોકલીએ. બાળક થાકી ન જાય તે માટે તેને લેવા–મુકવા જઈએ કે ટુ–વ્હીલર અપાવી દઈએ, ગજા ઉપરાંતનો ખર્ચો કરી કાઢીએ. બીજી તરફ ક્યાં ડાંગનો આ આદીવાસી છોકરો! જીવનજરુરીયાતની સામાન્ય

ચીજવસ્તુઓ વગર પણ બોર્ડમાં આઠમો આવ્યો હતો. ન કોઈ ટ્યુશન, ન કોઈ કોચીંગ ક્લાસ. બસ, મહેનત, ધ્યેય–પ્રાપ્તી માટેની અદમ્ય ઝંખના.

ઈન્ટરવ્યુ લેનારે છેક નીચે શૈલેશકુમારનું નામ આપ્યું હતું. મેં મનોમન કંઈક વીચારીને તેને એક પોસ્ટકાર્ડ લખ્યું. ફક્ત ચાર લીટીનું. ‘ભાઈ શૈલેશ, અભીનંદન. તારા જેવા તેજસ્વી વીદ્યાર્થીએ ફક્ત પૈસાની તકલીફને કારણે ભણવાનું ન છોડવું જોઈએ. મને મળવા અમદાવાદ આવી શકીશ?’

મારા બાપુજી તે વખતે જ મોર્નીંગ વૉક લઈને પાછા ફર્યા હતા. પોસ્ટકાર્ડ જોઈને મને કહે, ‘બેટા, આ ગરીબ છોકરો છેક ત્યાંથી અહીં આવશે કેવી રીતે? બસભાડું ક્યાંથી કાઢશે? તેની જોડે એક જોડી સરખાં કપડાંય નહીં હોય. ફોટામાં તેનું શર્ટ જોયું?’ મને મારી ભુલ સમજાઈ. મેં પોસ્ટકાર્ડમાં એક લીટી ઉમેરી, ‘જો તું મને મળવા માગતો હોય તો તારું જવાઆવવાનું ભાડું તથા કપડાં–લત્તાનો ખર્ચો હું ભોગવીશ.’

ચારેક દીવસ પછી મને મારા જેવું જ પોસ્ટકાર્ડ મળ્યું. ફક્ત ચાર લીટીનું. ‘મુ. બહેન, ખુબ ખુબ આભાર. હું આપને મળવા આતુર છું. અનુકુળ તારીખ, સ્થળ તથા સમય જણાવશો. લી....’

મેં તરત જ મારા બાપુજીના કહેવા મુજબ જરુરી પૈસા અને ફાઉન્ડેશનની ઓફીસનું સરનામું તેને મોકલ્યાં. નક્કી

કરેલા દીવસે તે મારી ઓફીસે આવી પહોંચ્યો. શહેર તેણે પહેલી વાર જોયું હશે. રસ્તો ભુલી ગયેલું ગભરાયેલું વાછરડું જાણે મારી સામે ઉભું હોય તેમ લાગતું હતું. ચોખ્ખાં પેન્ટશર્ટ, હાથમાં માર્કશીટની નકલ, તેલ નાખીને, સીધી પાંથી પાડીને ઓળેલા ચપ્પટ વાળ, પગમાં જુની ચંપલ... પણ આંખમાં એવી જ ચમક.

મેં સીધી જ મુદ્દાની વાત કરી : ‘તારી તેજસ્વી કારકીર્દીથી હું અત્યંત રાજી થઈ છું. તારી આગળ ભણવાની ઈચ્છા છે ખરી? તારે જે પણ કૉલેજમાં અને જે પણ લાઈનમાં ભણવું હશે ત્યાં તું ભણી શકીશ. ખર્ચો અમે ભોગવીશું.’

પહેલાં પહેલાં તો એ બોલતાં જ ગભરાયો. મારી સેક્રેટરી મને કહે, ‘બહેન, બીચારો આ શહેર, આ ઓફીસ બધું નવું નવું જોઈને હેબતાઈ ગયો છે. તેને માંડીને વાત કરો. ધીમેધીમે તેને સમજાવો.’ મને મારી ભુલ સમજાઈ.

છેલ્લે જતાં જતાં શૈલેશ ધીમેથી કહે, ‘બહેન, મને અહીં મેડીકલ, એન્જીનીયરીંગ, બધે જ એડમીશન મળે. પણ હું તો સુરત મેડીકલ કૉલેજમાં ભણીશ. તે અમારા ગામથી સૌથી વધારે નજીક પડે ને, એટલે.’

મેં તેને પુછ્યું, ‘તારે મહીને કેટલા રુપીયાની જરુર પડશે, ભાઈ? તું પૈસાની ચીંતા નહીં કરતો; પણ દીલ દઈને

ભણજે. ત્યાં રહીશ ક્યાં? હૉસ્ટેલમાં રહેવું પડશે ને? તે ખર્ચ પણ મને જણાવજે.'

શૈલેશ કહે, 'બહેન, હું અહીંથી જતાં જ સુરત થઈને જઈશ. ફી, હૉસ્ટેલ, અને મેસ ચાર્જસ બધું જ બરાબર જાણી, સરવાળો કરીને તમને વળતી ટપાલે જણાવીશ.'

થોડા જ દીવસમાં સુંદર અક્ષરે લખેલો શૈલેશનો પત્ર આવ્યો. 'બહેન, મેં બધી જ તપાસ કરી. મહીને ફીના બારસો થશે. પુસ્તકો તો હું લેવાનો જ નથી. લાઈબ્રેરી સરસ છે. હૉસ્ટેલમાં રહું અને મેસમાં ખાઉં તો બહુ મોંઘું થાય છે. બીજા ત્રણ સીનીયર છોકરાઓ સાથે રુમનું નક્કી કર્યું છે. તેમની જોડે રહીશ. રસોઈ વારાફરતી બનાવી લઈશું. તેના મહીને લગભગ રૂ. ૪૦૦ થશે.'

મેં તેને તરત જ રૂ. ૭૨૦૦નો ડ્રાફ્ટ મોકલી આપ્યો. છ મહીનાની ફી એકસામટી ભરવાની હતી. રહેવા–ખાવાના ખર્ચ પેટે રૂ. ૨૪૦૦ અલગ મોકલ્યા. તરત જ એનો 'આભાર' લખેલો પત્ર આવ્યો.

છ મહીના ઝડપથી વીતી ગયા. એક દીવસે મને સવારના પહોરમાં શૈલેશને પૈસા મોકલવાનું યાદ આવ્યું. મેં રૂ. ૭૨૦૦નો ડ્રાફ્ટ અને રૂ. ૨૪૦૦ કવરમાં રોકડા મોકલી આપ્યા.

વળતી ટપાલે મને તેનો આભાર વ્યક્ત કરતો સંદેશો મળ્યો. જોડે એક કવર હતું. એક પત્ર પણ હતો. 'બહેન, છેલ્લા

બે મહીનાથી હું સુરતમાં ન હતો. એક મહીનો રજા હતી અને પછીને મહીને હડતાલ પડી. મારે સુરત જવું જ નથી પડ્યું તેથી તમે મોકલેલા ખર્ચા પેટે વધેલા પૈસા રૂ. ૮૦૦ આ સાથે પરત કરું છું. સ્વીકારશો.'

હું સ્તબ્ધ થઈ ગઈ! આ છોકરાની સચ્ચાઈ જોઈને ગદ્ગદીત થઈ ગઈ!

બહોળા કુટુંબનો, ખુબ જવાબદારીવાળો સૌથી મોટો પુત્ર. રોજનાં ખાવાનાં સાંસાં, ઘરમાં હાલ્લાં કુસ્તી કરે તેવી સ્થીતી, વળી યુવાન, એને પોતાનેય સુરત શહેરમાં મજા કરવાની, હૉટેલમાં ખાવા–પીવાની, ફીલ્મ જોવાની ક્યારેય ઈચ્છા નહીં થઈ હોય? એણે મને કહ્યું ન હોત તો મને ક્યારેય આ વાતની જાણ ન થાત. તેણે ખર્ચો વધારીને મોકલ્યો હોત તો પણ હું જરાય વીચાર્યા વગર મોકલવાની જ હતી. પણ આટલો ગરીબ છોકરો કેટલો પ્રામાણીક હતો! તદ્દન અણીશુદ્ધ.. ટકોરાબંધ! માની નથી શકાતું ને? પણ હકીકત છે!

મોટે ભાગે આપણે સૌ માનીએ છીએ કે માણસ પાસે પૈસો આવે, સંપત્તી આવે એટલે સુખ અને સંતોષ આવે છે તેવા લોકો આપોઆપ પ્રામાણીક બની જાય છે. પણ અહીં તો તદ્દન ઉંધી વાત હતી. મારા જીવનકાળ દરમીયાન ઘણી વાર મેં અનુભવ્યું છે કે પ્રામાણીકતા એ પૈસાવાળાઓનો કે ઉજળીયાત કોમનો ઈજારો નથી. તે જન્મજાત સંસ્કાર છે. આત્માની

અણીશુદ્ધતા કોઈ ઉછીની ન આપી શકે. તેને મોટી મોટી ડીગ્રીઓની જરુર નથી. કોઈ યુનીવર્સીટી, 'સંસ્કારી કેમ બનવું', 'પ્રામાણીકતા કેમ પ્રાપ્ત કરવી'– તે વીશેના ક્લાસીસ નથી ચલાવતી. તે ઘરના વાતાવરણથી, મા–બાપની મહેનતથી બાળકો શીખે છે.

મને ખાતરી છે કે ડાંગ જીલ્લાનો આ શૈલેશ એક દીવસ તેના જીલ્લાનું જ નહીં, સમસ્ત રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરશે.

–સુધા મુર્તી

અનુવાદક : સોનલ મોદી

'ઈન્ફોસીસ ફાઉન્ડેશન' નામની સેવાસંસ્થાના અનુભવે સુધા મુર્તી ભારતભરના અસંખ્ય જરુરતમંદોના પરીચયમાં આવ્યાં. ભાતીગળ અનુભવોની રસલ્હાણ એમણે 'મનની વાત'(શ્રીમતી સુધા મુર્તીના મુળ અંગ્રેજી પુસ્તક WISE AND OTHERWISE-A SALUTE TO LIFE- નો ભાવાનુવાદ) પુસ્તકમાં વહેંચી અને એનો રસાળ ગુજરાતી અનુવાદ આપ્યો સોનલ મોદીની કસાયેલી કલમે. ડીસેમ્બર ૨૦૦૨માં પ્રગટેલા આ માનવસંવેદના જગાડતાં અદ્ભુત પુસ્તકની પાંચ આવૃત્તીઓ થઈ ચુકી છે. પ્રકાશક : આર.આર.શેઠની કંપની, પ્રીન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ–૪૦૦ ૦૦૨ અને ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧. પાનાં : ૨૧૨; મુલ્ય : રૂ. ૧૦૦. આ પુસ્તકની સંપુર્ણ આવક સમાજસેવાનાં વીવીધકાર્યો માટે વપરાય છે એ એની વીશેષતા છે.

Web : www.rrsheth.com E–mail : sales@rrsheth.com

@

040 : 12-03-2006

# 'સન્ડે મહેફીલ'ની 'ઉંઝાજોડણી'

–બળવંત પટેલ

અનુક્રમણીકા

('સન્ડે મહેફીલ'ની 'ઉંઝાજોડણી' જોઈ ઘણા મીત્રો પુછે છે કે આ 'ઉંઝાજોડણી' છે શું? દરેકને અલગ અલગ લખવાને બદલે, મીત્ર બળવંત પટેલે તે વાત સંક્ષેપમાં લખી મોકલી છે તે જ રવાના કરીએ છીએ. આશા છે કે તેનાથી આછોપાતળો ખ્યાલ તો મળી જ રહેશે. પુષ્કળ સાહીત્ય પણ પ્રગટ થયું છે. રસ પડે અને વધુ જાણવા મન થાય તો સરનામું મોકલજો. સાહીત્ય પાઠવીશ...ઉત્તમ ગજ્જર..)

## ઉંઝાજોડણી

–બળવંત પટેલ

'ઉંઝાજોડણી' એટલે ગુજરાતી ભાષા પરીષદે (મુળે 'ભાષા શુદ્ધીઅભીયાન') તેના ઉંઝા અધીવેશનમાં ઠરાવ્યા મુજબ હ્રસ્વ અને દીર્ઘ એમ બબ્બે 'ઈ–ઉ' ને બદલે એક જ 'ઈ' અને એક જ 'ઉ'વાળી જોડણી, જેમાં 'ઈ' માટે દીર્ઘ 'ઈ'(ી)નું વપરાતું ચીહ્ન અને ઉ માટે હ્રસ્વ 'ઉ'(ુ)નું વપરાતું ચીહ્ન અપનાવવાનું ઠરાવવામાં આવ્યું તે જોડણી.

વીસમી સદીના ત્રીજા દાયકા સુધી ગુજરાતી ભાષાની જોડણીમાં એકરુપતા ન હતી, કોઈ સર્વમાન્ય નીયમપુર્વકની વ્યવસ્થા ન હતી. આ માટેનો ઉહાપોહ નર્મદ–નવલરામના સમયથી ચાલતો હતો; પણ કોઈ એકમતી ઉભી થઈ શકતી ન હતી. ગાંધીજીએ ૧૯૨૯માં જોડણીના નીયમો નક્કી કરાવી ગુજરાત વીદ્યાપીઠ દ્વારા જોડણીકોશ પ્રગટ કરાવ્યો. આ જોડણીકોશને ગુજરાતી સાહીત્ય પરીષદની ૧૯૩૬માં માન્યતા મળી અને સરકારની ૧૯૪૦માં. ગુજરાત વીદ્યાપીઠનો આ જોડણીકોશ સર્વમાન્ય થવામાં ગાંધીજીના પ્રભાવે ઘણું કામ કર્યું.

પરંતુ જોડણીના નીયમો બનાવવાથી ભાષકને સાચી જોડણી કરવાની ચાવી મળવી જોઈએ, સાચી એટલે કે માન્યજોડણી, બીનભુલ–જોડણી કરવાની તેનામાં જે ક્ષમતા ઉભી થવી જોઈએ તેવું બન્યું નહીં. તેનું કારણ નીયમોની આંટીઘુંટી, તેમાંય ‘ઈ–ઉ’ને લગતા નીયમો. આ નીયમો અંગે વીદ્વાનો કહે છે તે પ્રમાણે :

‘તદ્ભવ શબ્દોમાં હ્રસ્વદીર્ઘ ‘ઈ–ઉ’ની જોડણીને લગતા નીયમો જુઓ. આ તે તંત્ર છે કે અતંત્ર એવો પ્રશ્ન થાય! ‘ઈ–ઉ’વાળા શબ્દોની અક્ષરસંખ્યા, એમાં ઈ–ઉનું સ્થાન, યુક્તાક્ષરનું સાન્નીધ્ય, અનુસ્વાર–નીરનુસ્વારની સ્થીતી, અનુસ્વારની તીવ્રતા–મંદતા, મુળ શબ્દ છે કે સાધીત, નામીક રુપ છે કે

આખ્યાતીક, આ બધાં પર આધાર રાખે છે. વળી વ્યુત્પત્તી, પ્રચલીતતા ને સ્વરભારનાં ધોરણો લાગુ પડે તે જુદાં!

'ઈ–ઉ'ની જોડણી અંગેના આઠ નીયમો છે ને સાત અપવાદો છે અને સાત સ્પષ્ટીકરણ–નોંધો છે. જોડણીના નીયમો, ખાસ કરીને 'ઈ–ઉ'ને લગતા; એક ઘડી પણ ચાલે તેવા નથી. સાક્ષાત બૃહસ્પતી પણ તેમાં સરળતાથી ગતી કરી શકે તેમ નથી.'

'સમગ્રપણે જોતાં સ્થીતી એવી છે કે નીયમો આપણને અમુક હદ સુધી જ લઈ જાય છે; છેવટે કોશનું શરણું જ આપણે લેવાનું રહે છે. આ સ્થીતી પર શગ ચડાવે તેવી વાત એ છે કે કોશ પોતે જ પોતાના નીયમોનું ચોકસાઈથી પાલન કરી શક્યો નથી.'

ભૃગુરાય અંજારીયાના શબ્દોમાં : 'સાચી જોડણી લખવા–શીખવા–શીખવવા માગનાર માટે કોશ નથી કાનની દોરવણી રહેવા દેતો, નથી તર્કની દોરવણી રહેવા દેતો કે નથી પોતાના નીયમોની દોરવણી રહેવા દેતો.'

જોડણીની જટીલતા મોટે ભાગે હ્રસ્વ–દીર્ઘ 'ઈ–ઉ'ને કારણે છે. ભાષાના વીદ્વાનો અને ભાષાશાસ્ત્રીઓના મતે, 'અર્વાચીન ગુજરાતી ઉચ્ચારણમાં 'ઈ–ઉ' વગેરે સ્વરોની હ્રસ્વતા–દીર્ઘતા વચ્ચેનું ભેદભાન જ નષ્ટ થયેલું છે. અર્થબોધ માટે મોટે ભાગે સ્વરોની માત્રા–ક્વોન્ટીટી કશો ભાગ ભજવતી

નથી. એટલે તેમની હ્રસ્વતાદીર્ઘતા સુચવતાં બે લીપીચીહ્નો બતાવવાં જરૂરી નથી.' પંડીત બેચરદાસ દોશી, પ્રબોધ પંડીત, કે. કા. શાસ્ત્રી, દયાશંકર જોશી, યોગેન્દ્ર વ્યાસ, પુરુષોત્તમ મીસ્ત્રી, જયંત કોઠારી અને બીજા ભાષાશાસ્ત્રીઓ પણ એક 'ઈ–ઉ' રાખવાના મતના છે. કે. કા. શાસ્ત્રીજીના વડપણ હેઠળ મળેલી 'ગુજરાતી સાહીત્ય પરીષદ'ની 'જોડણીસુધાર સમીતી'એ ૧૯૮૭માં એક જ 'ઈ–ઉ' રાખવાનું સુચવ્યું જ હતું. પણ એ અહેવાલ કોઈ અગમ્ય કારણોસર અભરાઈએ ચડાવી દેવામાં આવ્યો.

ઘણાં વર્ષો સુધી ગુજરાતી ભાષા શીખવતા શીક્ષકો અને પ્રૉફેસરોને પ્રતીત થતું રહ્યું કે વીદ્યાપીઠના નીયમો પ્રમાણેની જોડણી શીખવવામાં તેમના નીષ્ઠાપુર્વકના પ્રયત્નો પરીણામકારીનીવડ્યા નથી અને નીયમોની આંટીઘુંટી જોતાં તે પરીણામદાયી થઈ શકે તેમ પણ નથી. તેમને લાગ્યું કે નીયમો વીશે પુનર્વીચારણા કરી નીયમો સુધાર્યા વીના ચાલે તેમ નથી. આ અંગે વીદ્યાપીઠને ઘણી વીનંતીઓ કરવામાં આવી જે બહેરા કાને અથડાઈ. આવી વીનંતી કરનાર પૈકી વડનગર(હવે અમદાવાદ)ના પ્રા.રામજીભાઈ પટેલ અગ્રણી હતા અને તેમણે તે માટે એક ભેખધારીની જેમ પ્રયત્નો સતત ચાલુ જ રાખ્યા. પરંતુ વીદ્યાપીઠે તો એવું જક્કી વલણ અપનાવ્યું કે નીયમોમાં તો ફેરફાર થઈ જ ન શકે; કારણ કે ગાંધીજીની તેના પર મહોર

વાગી છે. જો કે હકીકત એ છે કે ગુજરાતી સાહીત્ય પરીષદે વીદ્યાપીઠના કોશને માન્યતા આપી ત્યારે ગાંધીજીએ ખુદે જ કે. કા. શાસ્ત્રીજીને કહ્યું હતું, 'આનાથી જોડણીસુધારાનાં દ્વાર બંધ થઈ જતાં નથી.' વીશેષ, જોડણીકોશ તૈયાર કરનાર કાકા સાહેબ કાલેલકરે પણ કોશની પ્રથમ આવૃત્તીની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'એક વાર અવ્યવસ્થામાંથી વ્યવસ્થા ઉત્પન્ન થઈ જાય પછી સુધારા કરવા જ હોય તો તે કામ સરળ થઈ જાય છે.' પરંતુ વીદ્યાપીઠના જોડણીકોશ વીભાગે જોડણી નીયમોની પુનર્વીચારણાનાં દ્વાર બંધ જ રાખ્યાં.

વીદ્યાપીઠ કે સાહીત્યને લગતી સંસ્થાઓ આ બાબતે કંઈ કરવા તૈયાર નથી એમ પ્રતીતી થતાં શ્રી. રામજીભાઈ પટેલે જોડણીસુધારા માટે પરીષદ ભરવાની ઝુંબેશ ઉપાડી, જેમાં તેમને સુરતના ઉત્તમભાઈ ગજ્જરનો પ્રબળ સાથ મળ્યો. તેમની આ વાતને જયંત કોઠારી, દયાશંકર જોશી જેવા વીદ્વાનો, ભાષાશાસ્ત્રીઓ અને શીક્ષકોનો સારો એવો ઉમળકાભર્યો પ્રતીસાદ મળ્યો અને જાન્યુઆરી ૧૯૯૯માં ઉંઝા મુકામે આ પરીષદ ભરાઈ. ઉંઝાની ઘણી સંસ્થાઓએ તે માટે સઘળી સગવડ કરી આપી અને આર્થીક સહયોગ પણ પુરો આપ્યો.

આ પરીષદમાં ૨૫૦ ઉપરાંત વીદ્વાનો, ભાષાશાસ્ત્રીઓ, શીક્ષકો, તંત્રીઓ, સાહીત્યકારો ઉપસ્થીત રહ્યા હતા, જેમાં ડૉ. નીશીથ ધ્રુવ જેવા અભ્યાસુ તબીબ અને લંડનના વીપુલ

કલ્યાણી જેવા પત્રકાર અને સાહીત્યના કર્મશીલ એનઆરઆઈઓ પણ ઉપસ્થીત અને સક્રીય હતા.

બે દીવસની વીસ્તૃત અને સઘન ચર્ચાવીચારણાને અંતે પરીષદે સર્વાનુમતે ઠરાવ્યું :

•અખીલ ગુજરાત જોડણી પરીષદનો ઠરાવ•

ગુજરાતીમાં 'ઈ–ઉ'ની જોડણીના પ્રવર્તમાન નીયમો અતાર્કીક અને ઘણી વીસંગતતાઓથી ભરેલા છે, તેમ જ ગુજરાતી ભાષામાં 'ઈ–ઉ'નું હ્રસ્વત્વ–દીર્ઘત્વ અર્થભેદક ન હોઈને એ અવાસ્તવીક પણ છે. તેથી હવે પછી તે નીયમો છોડી દેવા અને લેખનમાં સર્વત્ર એક 'ઈ' અને 'ઉ' યોજવા. 'ઈ' માટે દીર્ઘ ઈ ( ી )નું અને 'ઊ' માટે હ્રસ્વ ઉ ( ુ )નું ચીહ્ન રાખવું.

(ઉંઝા : તા. ૯–૧૦ જાન્યુઆરી, ૧૯૯૯)

ઉંઝા મુકામે ભરાયેલ પરીષદમાં આ નીર્ણય થયો હોઈ આ પ્રમાણેની એક જ 'ઈ–ઉ'વાળી જોડણી, 'ઉંઝાજોડણી' તરીકે ઓળખાય છે.

એ ખાસ નોંધપાત્ર છે કે જોડણીમાં એક 'ઈ–ઉ' માટેનો વીચાર નવો નથી. સરસ્વતીચંદ્રના લેખક અને વીદ્વાન તથા જોગાનુજોગ ગુજરાતી સાહીત્ય પરીષદના પ્રથમ પ્રમુખ ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠીજીએ તેમ કરવા આગ્રહપુર્વક સુચવ્યું જ હતું. તે પહેલાં ભારતીય ભાષાઓ અને ભારતીય સાહીત્યનો વરસો સુધી જેમણે અભ્યાસ કર્યો હતો તેવા બે

પ્રતીષ્ઠીત વીદેશી વીદ્વાનોએ, તેમની પણ પહેલાં કહ્યું હતું કે ગુજરાતી ભાષામાં દીર્ઘ અને હ્રસ્વ સ્વરોનો ભેદ રહ્યો નથી. આ વીદ્વાનો તે આર. એલ. ટર્નર અને લુડવીગ આલ્સ્ડોર્ફ. વીદેશી વીદ્વાનોને બાજુએ મુકીએ તો પણ ગોવર્ધનરામ ત્રીપાઠી સરખા ધુરંધર વીદ્વાન અને સરસ્વતીચંદ્ર જેવી મહાનવલના રચનારનું ‘ઉંઝાજોડણી’ને સમર્થન છે તે નોંધપાત્ર છે.

નોંધ:

આ એક જ સુધારા સીવાય હાલ કોઈ જ સુધારો સ્વીકારાયો કે કરાયો નથી. બાકીના બધા જ નીયમો ગુજરાત વીદ્યાપીઠના ‘સાર્થ જોડણીકોશ’ મુજબ જ પળાય છે. ઠરાવ થયો તે જ દીનથી આણંદનું ‘મધ્યાંતર’ નામક એક દૈનીક અને વીસેક જેટલાં સામયીકો ‘ઉંઝાજોડણી’માં પ્રકાશીત થાય છે. પચાસેક જેટલા લેખકોનાં સાઠેક જેટલાં પુસ્તકો એક જ ‘ઈ–ઉ’માં પ્રકાશીત થયાં છે અને દર મહીને પ્રગટતાં જાય છે. ગુજરાતીની ટોચની પ્રકાશન સંસ્થા જેવી કે ‘ઈમેજ પબ્લીકેશન’, સુરતની ‘સાહીત્ય સંકુલ’ જેવી ઘણી પ્રકાશન સંસ્થાઓ પણ હવે ઉંઝાજોડણીમાં પુસ્તકો પ્રકાશીત કરે છે.

અને તેથી જ આ ‘સન્ડે ઈ–મહેફીલ’ પણ આ જ ‘ઉંઝાજોડણી’માં...

–બળવંત પટેલ, વીશેષ જાણકારી કે સ્પષ્ટતા માટે લખો:

Balvant Patel

Plot 253/1 Sector 7/A, GANDHINAGAR -382007

Home : ( 079 ) 2324 6209 Mobile : 0 990 971 8403

Email : patel.balvant@gmail.com

♦ 'ઉંઝાજોડણી પરીષદ: એક દસ્તાવેજ' ♦

નામે ૨૦૦ પાનનો, રુપીયા ૧૨૫ની કીમતનો, એક ઐતીહાસીક દસ્તાવેજી ગ્રંથ, 'ગુજરાતી ભાષાપરીષદ' તરફથી હાલ પ્રગટ કરવામાં આવ્યો છે. ૯–૧૦ જાન્યુઆરી, ૧૯૯૯ના દીવસો દરમ્યાન ઉંઝામાં ચાલેલી 'જોડણીપરીષદ'–ચર્ચાના ઑડીયો રેકૉર્ડીંગ પરથી આ દસ્તાવેજ, છ વરસે, ભાષાપ્રેમી આદરણીય શ્રી. રતીલાલ ચંદરયાની પ્રેરણા અને આર્થીક સહયોગથી તૈયાર થયો. બધી બેઠકોમાંના સૌ વક્તાઓનાં મંતવ્યો અને ચર્ચા, બેઠકાધ્યક્ષોનાં વીદ્વત્તાપુર્ણ વ્યાખ્યાનો, ભાગ લેનાર વીદ્વાનોની નામાવલી વગેરે ઝીણીઝીણી વીગત તેમાં આપી છે. ભાષાનાં ભાવી વીકાસ–સુધારણા માટે આ ગ્રંથ એક માર્ગદર્શક કેડી સમ છે. ગ્રંથ મેળવવા લખો:

શ્રી. ઈન્દુકુમાર જાની,

મંત્રી, 'ગુજરાતી ભાષાપરીષદ', 'ખેતભવન', ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ–૩૮૦ ૦૨૭

Shri. Indukumar Jani

Secretary, Gujarati Bhasha Parishad,

'Khetbhavan',

Near Gandhi Ashram,

Ahmedabad - 380 002

INDIA

@

041 : 19-03-2006

# કથા–વ્યથા એક દીકરીની

–હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

મારાં માતાપીતાનાં અમે બે સંતાન – દીકરો અને દીકરી. હું પહેલી જન્મી, મારો ભાઈ દસ વરસ પછી જનમ્યો. બાળપણથી જ મારા ઉપર એવી છાપ કે મારાં માબાપને હું જોઈતી નહોતી. એમને જોઈતો હતો પહેલા ખોળે દીકરો; પણ જન્મી દીકરી. એટલે બન્નેનાં મન ખાટાં થઈ ગયેલાં. અને મારા ઉછેરમાં એ ખટાશ કાયમ રહી. હું વણજોઈતી છું, એમ મને હંમેશાં લાગ્યા કર્યું.

તેમાં વળી મારા જન્મ પછી દસ વરસ સુધી બીજું સંતાન ન થયું. એટલે કાયમ બન્નેનાં મન ઉંચાં રહેતાં. એમનો એ ઉદ્વેગ અવારનવાર મારા ઉપર ઠલવાતો. છેવટે મારા ભાઈ દીલીપનો જન્મ થયો, ત્યારે ઘરમાં વાતાવરણ બદલાયું.

પરંતુ આ બદલાયેલું વાતાવરણ મારા માટે તો વધુ અકળાવનારું જ બની રહ્યું. ઘરમાં હવે દીકરો જ જાણે બધું હતો. એને રમાડવાનો, લાડ લડાવવાનાં, પાણી માગે તો દુધ આપવાનું. હું હવે મોટી થતી જતી હતી, એટલે સમજતી પણ થઈ હતી. ભાઈ મોટો થતો ગયો, તેમ તેમ મને હવે ઓછું

આવવા લાગ્યું. ભાઈની ઝીણી ઝીણી બધી જ કાળજી લેવાતી, મારા પ્રત્યે કોઈ ધ્યાન જ નહોતું આપતું. 'દીકરીની જાત છે'નો અહેસાસ મને પળેપળે થતો. આમ તો હું મોટી બહેન. મને નાના ભાઈ પ્રત્યે પ્રેમ થતો. પરંતુ માબાપના ભેદભાવભર્યા વર્તાવને કારણે મારું મન આળું થઈ જતું, તેથી ક્યારેક ભાઈ મને અળખામણો લાગતો.

એમ કરતાં કરતાં અમે ભાઈબહેન મોટાં થયાં. હું ભણી, ઘણું ભણી. એક બહુ મોટી કંપનીમાં મને નોકરી મળી. સારું કમાતી થઈ. દસ–બાર વરસમાં બહુ ઉંચા પદે પહોંચી ગઈ. ભાઈ પણ નોકરીએ લાગ્યો. એનાં લગ્ન થયાં. મારે લગ્નની જંજાળમાં પડવું નહોતું. હું એકલી જ રહી.

લગ્ન કરીને ભાઈ અમારી સાથે એકાદ વરસ રહ્યો હશે. પણ એની પત્નીને સાથે રહેવાની ઈચ્છા નહોતી. તેમાં ભાઈની બેંગ્લોર બદલી થઈ. એ બન્નેને તો ભાવતું'તું ને વૈદે કીધું! માબાપને ઘણી ઈચ્છા હતી કે દીકરો–વહુ એમને સાથે લઈ જશે; પણ જાતજાતનાં બહાનાં બતાવી એ બન્નેએ એમને ટાળ્યાં. છેવટે બેએક વરસે વહુની સુવાવડ વખતે બન્નેને બેંગ્લોર જવા મળ્યું.

બન્ને હોંશે હોંશે ગયેલાં. પણ દીલીપને ત્યાં પણ પહેલી દીકરી જન્મી, ત્યારે બન્નેનાં મન ફરી ખાટાં થઈ ગયાં. બીજી સુવાવડ વખતે તો બન્નેને હતું જ કે હવે કુળદીપક આવશે; પણ

બીજીયે દીકરી જ આવી. આમેય વહુ સાથે મીઠો સંબંધ તો બહુ હતો જ નહીં. હવે વધુ ને વધુ બગડતો ગયો. છેવટે બન્ને આવીને મારી સાથે જ રહેવા લાગ્યાં.

હું એમને બહુ સારી રીતે રાખતી. પ્રેમથી એમની બધી જ કાળજી લેતી. છતાં એમનો જીવ હંમેશાં દીલીપમાં રહેતો. અવારનવાર એને યાદ કર્યાં કરતાં. હું કહેતી, 'તમે દીકરો–દીકરો કરીને યાદ કરો છો; પણ આ બે વરસમાં દીકરાનો બે લીટીનો કાગળ સુધ્ધાં આવ્યો છે? અને હમણાં ચાર–છ મહીનાથી તો ફોનથીયે તમારા ખબર નથી પુછ્યા!'

તોય હું જોતી કે એમનું મન દીલીપમાં ખુંપેલું હતું. અને જ્યારે જાણ્યું કે વહુ ફરી સગર્ભા છે, ત્યારે તો બન્ને દીકરા પાસે જવા એકદમ તલપાપડ થઈ ગયાં. પરંતુ ભાભીએ આ વખતે પોતાનાં માબાપને બોલાવેલાં. આ બન્ને અહીં જ ઝુરતાં રહ્યાં.

અહીં રહ્યાં–રહ્યાં બન્ને શુભસમાચાર જાણવા એકદમ આતુર હતાં. છેવટે એક રાતે દીલીપનો ફોન આવ્યો કે ત્રીજુંયે કન્યારત્ન જ આવ્યું છે. મેં જ્યારે બન્નેને આ સમાચાર આપ્યા, ત્યારે તો જાણે એમના ઉપર આભ જ તુટી પડયું! 'અરે, ભગવાન! અમારો વંશવેલો ભુંસાઈ જવાનો!'

'કેમ, આ ત્રણ દીકરીઓ તમારા વંશની નથી? એ તમારો વેલો નહીં વધારે?'

'દીકરી એ દીકરી અને દીકરો એ દીકરો. દીકરીથી કાંઈ વંશવારસો જળવાતો હશે? દીકરી તો ગયા જનમની લેણદાર!'

મને એકદમ ઝાળ લાગી ગઈ. 'કયા જમાનાની વાત કરો છો? હું તમારી લેણદાર છું?'

'ના, બેટા! એમ નહીં; પણ મુખાગ્ની તો દીકરો જ દેશે ને!'

'દીકરી કેમ નહીં દે?'

'દીકરીથી ન દેવાય. અને દીકરો હોય તો માબાપનો આધાર થાય.'

'તમારો દીકરો છે ને! કેટલો આધાર થયો છે?'

'એ તો એની વહુને લીધે. બાકી, દીકરાનું ઘર એ જ આપણું ઘર કહેવાય. માણસ દીકરીને ઘરે રહે તે લાચારીથી. દીકરાને ત્યાં જ હક્કપુર્વક રહી શકાય.'

'તમે દીકરાને ત્યાં કેવા હક્કપુર્વક રહેતાં હતાં, તે મને ખબર છે. એ તો એમને ગરજ હતી એટલે તમને બોલાવેલાં. છતાં તમે જ કહેતાં કે દીકરા–વહુ બન્નેનું વર્તન તમારી સાથે કેટલું અતડું હતું! માએ તો વહુ તરફથી થતું અપમાન કેટલું ગળી જવું પડતું!'

ઘડીક તો બન્ને થોડાં શાંત થઈ ગયાં. પણ પછી મા બોલી, 'અમે તો હવે પીળું પાન. કેટલા દીવસો કાઢવાનાં? પણ મારા દીલ્પ્યાને હે ભગવાન, હજી એક દીકરો થઈ જાય!'

દીકરો...દીકરો...દીકરો... હું તંગ આવી ગઈ. મને દીલીપે કહેલું પણ આમને જણાવવાની ના પાડેલી, એટલે મેં કહ્યું નહોતું. હવે મારાથી રહેવાયું નહીં. 'હવે તે શક્ય નથી. તું ગમે તેટલી પ્રાર્થના કરે કે બાધા–આખડી રાખે, દીલીપને હવે દીકરો થવાનો નથી.'

'કેમ, કેમ શું કામ નહીં થાય?'

'કેમ કે ભાભીએ આ વખતે ઓપરેશન કરાવી નાખ્યું છે.'

'શું?...શું...?' બન્નેને માથે આભ તુટી પડયું. બાપુએ બે હાથે કપાળ કુટયું અને મા નીચે ફસડાઈ પડી. આ દીકરી મનમાં ને મનમાં સમસમી રહી!

(શ્રી માલતી જોશીની મરાઠી વાર્તાને આધારે...)

–'હરીશ્ચંદ્ર'

તા. ૧ જાન્યુઆરી ૨૦૦૬ના 'ભુમીપુત્ર'ના અંકમાંથી સાભાર..

@

042 : 26-03-2006

# ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીના સર્જક

## શ્રી રતિલાલ ચંદરયા

### સાથે એક મુલાકાત

અનુક્રમણીકા

*(નાઇરોબીમાં જન્મેલા, ૮૩ વરસના મનહૃદયે યુવાન રતિભાઈ વ્યાપારની દુનિયામાં અને ઉદ્યોગોના રાજા તરીકે વધુ જાણીતા છે. ઘણા એમને લોકહિતની ઘણી જાહેરસંસ્થાઓના સ્થાપક અને તેને ઉછેરી દૃઢપાય કરનાર સંવર્ધક તરીકે પણ ઓળખે; પરંતુ આપણામાંથી કેટલા એમને એક ભાષાપ્રેમી તરીકે ઓળખતા હશે–વિશેષત: તો નવી ઢબની ડિક્ષનરીના સર્જક તરીકે? આજે અમે તેમનો ડિક્ષનરીના સર્જક તરીકે પરિચય કરાવવા માગીએ છીએ. ગુજરાતી ભાષામાં રસ ધરાવતી વર્તમાન તેમ જ ભાવિ પેઢીઓની જરૂરિયાતો પૂરી કરે તેવી ગુજરાતી ડિક્ષનરીનું તેમણે સર્જન કર્યું છે, જે આ પ્રકારની પ્રથમ ડિક્ષનરી છે.*

*અપાર ધનવૈભવ તો ઘણા રળે છે, પણ માતૃભૂમિ કે માતૃભાષાના હિત અર્થે તેનો ઉપયોગ કરનારા કેટલા? ગુજરાત દાનેશ્વરીઓનો પ્રદેશ છે, આપણે સૌને તેનું ગૌરવ છે. તેમના દાનનો પ્રવાહ માતૃભાષાના વિકાસ અર્થે વિસ્તરે તેવી અપેક્ષા*

*આપણને રહે. રતિભાઈ એવા મહાનુભાવ છે, જેમણે વર્ષો પહેલાં ગુજરાતી ડિજિટલ ડિક્ષનરીનો પ્રકલ્પ (પ્રોજેક્ટ) હાથ ધરેલો. તાજેતરમાં તેમણે તે પૂરો કર્યો છે. અદ્યતન ટૅકનોલૉજીનો ઉપયોગ કરી તેમણે ગુજરાતી ડિક્ષનરીનું વિવિધ ફોર્મેટમાં કમ્પ્યૂટરીકરણ કર્યું છે, જેમાં ગુજરાતી–અંગ્રેજી; અંગ્રેજી–ગુજરાતી; ગુજરાતી–ગુજરાતી શબ્દકોશો ઉપરાંત થિસોરસ, ગુજરાતી વિરુદ્ધાર્થ શબ્દકોશ અને ગુજરાતી સ્પેલચેકર ઉપલબ્ધ છે. અમને ખાતરી છે કે ગુજરાતી ભાષા અને તેના શબ્દકોશમાં રસ ધરાવતા સહુ ગુજરાતીઓ રતિભાઈને તે માટે સદાય યાદ કરશે.*

*આ પ્રોજેક્ટ ગુજરાતી ભાષાપ્રેમીઓને અર્પણ કરવાના અવસરે તેમની સાથેની મુલાકાતના કેટલાક અંશો રજૂ કરીએ છીએ. અમને લાગે છે કે કોઈ સંસ્થાનેય એકલે હાથે પાર પાડવામાં કદાચ મુશ્કેલી વર્તાય તેવો આ સ્વરૂપનો પ્રકલ્પ– એમનું સ્વપ્ન, કેટલાક સમર્પિત અને ઉત્સાહી સાથીઓની મદદથી તેમણે આજે એકલે હાથે પરિપૂર્ણ કર્યો છે..ઉત્તમ ગજ્જર..)*

પ્રશ્ન: અભિનંદન, રતિભાઈ! વર્તમાન તેમ જ ભાવિ ગુજરાતી પેઢીઓની ભાષાકીય તથા શબ્દકોશ વિષયક જરૂરિયાતો પૂરી પાડવા માટે.

રતિભાઈ: આભાર. પ્રકલ્પ પૂરો થયો પણ મને તેમાં ઝાઝાં વર્ષ લાગ્યાં. તે માટે મારે સારી એવી જહેમત ઉઠાવવી પડી. પણ આજે મને સંતોષ છે કે મારું ધ્યેય હાંસલ થયું છે. મારું સ્વપ્ન, મારી મહેચ્છા લગભગ મૂર્તિમંત થયાં છે. જે કંઈ સામગ્રી અમે સંપાદિત કરી તે અમારી વેબ–સાઈટ http://gujaratilexicon.com/ ઉપલબ્ધ છે; જેમાં (૧) ગુજરાતી–અંગ્રેજી (૨) અંગ્રેજી–ગુજરાતી (૩) ગુજરાતી–ગુજરાતી શબ્દકોશો ઉપરાંત (૪) ગુજરાતી થિસોરસ (૫) ગુજરાતી વિરુદ્ધાર્થકોશ અને સૌથી મહત્ત્વની સુવિધા (૬) ગુજરાતી સ્પેલચેકર પણ છે. હવે તે આખરી સ્વરૂપમાં અમારી નવી વેબ–સાઈટ : http://gujaratilexicon.com/ ઉપર પ્રાપ્ત થશે.

પ્ર: તમે કહ્યું: મહેચ્છા અને સ્વપ્ન લગભગ મૂર્તિમંત થયાં, લગભગ શા માટે?

ર: સામગ્રીના સંપાદન, વર્ગીકરણ અને ડિજિટાલાઈઝેશનમાં અમે પૂરતી કાળજી રાખી છે, તોય કોઈક ભૂલો તો રહી ગઈ હોય. તેથી ‘લગભગ’ એમ કહ્યું. બીજું આપ જાણો છો તેમ આ પ્રોજેક્ટ ડિજિટલ સ્વરૂપે છે, જેનો મોટો લાભ એ છે કે તેમાં સરળતાથી અને વિના ખર્ચે સુધારા થઈ શકે છે. બીજી રીતે કહીએ તો ડિજિટલ પ્રોજેક્ટ એક રીતે ‘ખુલ જા સીમસીમ’

પ્રકારના હોય છે. તેમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરી શકાય છે. આ પ્રોજેક્ટ તેમાં અપવાદ નથી. ત્રીજું, ભાષા સતત પરિવર્તનશીલ છે. તેથી તેને લગતી કોઈ પણ બાબતમાં ફેરફાર થતા રહેવાના. અમને આશા છે કે ગુજરાતીઓ, તેમ જ વિશ્વભરની શાળાઓ, પુસ્તકાલયો અને વિદ્યાપીઠો તેનો લાભ લેશે અને તેમના તરફથી અમને સૂચનો પણ મળશે. સૂચનો મળતાં જશે તેમ તેમ તેને મૂલવી અમે ઉપલબ્ધ સામગ્રીમાં જરૂરી સુધારા–વધારા કરતા રહીશું. આ સંદર્ભમાં મેં કહ્યું કે અમારું કાર્ય થયું છે છતાં થયું નથી. અમે પ્રોજેક્ટને સતત સુધારતા અને નિરંતર અપડેટ કરતા રહીશું.

પ્ર: એટલે કે અહીં તમારી યાત્રાનો અંત આવતો નથી, યાત્રા અવિરત ચાલતી રહેશે. બરાબર?

ર: તમે સાચું કહ્યું, આ તો જ્ઞાનયાત્રા છે; તમે તો સમજો છો જ કે તે ક્યારેય પૂરી થતી નથી. મારી વાતની વધુ સ્પષ્ટતા કરું તો લાભાર્થીઓ તરફથી મળનાર સૂચનોની વધુ રાહ જોયા વિના અમે પોતે પણ પ્રોજેક્ટને બાજનજરે (critically) અવલોકતા રહીશું; ભૂલો જણાશે તે સુધારીશું; એટલું જ નહીં, કોઈ નવો વિચાર સ્ફૂરશે, ખાસ તો તેના ફોર્મેટ વિશે કે ટેકનોલોજીના ઈનોવેશનના કારણે તો આવશ્યક પગલાં જરૂર લઈશું.

પ્ર: આ ખરેખર આનંદની વાત છે, પ્રોજેક્ટમાં કાર્યરત રહેવાનો તમારો સંકલ્પ પણ વિશિષ્ટ છે. યાત્રાનો અહીં અંત નથી એવો તમારો અભિગમ સમજાય છે. હવે અમે આ યાત્રા કેવી રીતે શરૂ થઈ તે જાણવા આતુર છીએ.

ર: તે માટે તો બે દાયકા પાછળ જવું પડશે.

પ્ર: એટલે કે એક આખી પેઢી, એમ જ ને?

ર: સાચું. એમ કહી શકાય. કેન્યા–પૂર્વ આફ્રિકામાં પરત આવતાં જ હું વ્યવસાયમાં ડૂબી ગયો. અહીં તો બધો વ્યવહાર અંગ્રેજીમાં; પરંતુ ગુજરાતી માટેનો મારો લગાવ અકબંધ હતો. ગુજરાતીને તો કેમ વિસરાય! આ ભાષા તો મને ગળથૂથીમાંથી મળેલી. તેનું સાંસ્કૃતિક મૂલ્ય મારે મન વિશેષ. એટલે મને થતું કે અંગ્રેજીની જેમ આધુનિક ટૅકનોલૉજીનો ઉપયોગ કરી ગુજરાતીમાં ટાઈપ કરી શકીએ તો!

પ્ર: ગુજરાતી ટાઈપિંગ! તમે ગુજરાતી ટાઈપિંગ શીખેલા?

ર: ચોક્કસ. એ તો મઝાની વાત છે. મારું પ્રાથમિક શિક્ષણ કેન્યામાં, જ્યાં થોડું ઘણું ગુજરાતી એક વિષય તરીકે શીખેલો. પછી બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું જેને કારણે મારે છ વર્ષ ૧૯૪૦–૪૬ ભારતમાં ગાળવાં પડ્યાં. તે દિવસોમાં મેં એક જૂનું રેમિંગ્ટન ટાઈપરાઈટર ખરીદ્યું અને મારી જાતે જ ટીકટીક કરવા

મંડી પડ્યો. યુદ્ધ પૂરું થતાં હું કેન્યા પરત આવ્યો અને મારા ધંધામાં ડૂબી ગયો. ધંધો બરાબર જામ્યો, દુનિયાના બીજા ભાગોમાં પણ વિસ્તર્યો. પછી ૧૯૬૫માં હું લંડન સ્થાયી થયો. પરિવારમાં નવી પેઢી તૈયાર થઈ ધંધો સંભાળતી હતી. એ ગાળામાં હુંય સાઠી વટાવી ચૂક્યો હતો. ત્યારે ગુજરાતી લખવાની મારી ઉત્કંઠા ફરી જાગી. ગુજરાતી ટાઈપરાઈટર ઉપર મેં ફરી ટીકટીકાટીક શરૂ કર્યું. પણ સાચું કહું તો મને થાક વરતાતો હતો.

પ્ર: જુવાનીમાં છોડી દેવો પડેલો અધૂરો શોખ પૂરો કરવા મંડી પડ્યા?

ર: હા, લગભગ એમ જ. તે દરમ્યાન ઈલેક્ટ્રૉનિક ટાઈપરાઈટરો આવ્યાં. એટલે મેં ટાઈપરાઈટરો બનાવનારી કંપનીઓના સંપર્કો શરૂ કર્યા. મને રસ હતો મેન્યુઅલ ટાઈપરાઈટરને ઈલેક્ટ્રિક ટાઈપરાઈટરમાં ફેરવવામાં. બે વર્ષ તે માટે અહીંતહીં બધે ખોળંખોળાં કરતો રહ્યો. આઈબીએમને ગોલ્ફ બોલ માટે તથા સ્વીડીશ તેમ જ જર્મન ફર્મને ડીઝની વ્હીલ માટે નાણી જોઈ. એ વાત તો લાંબી, ખાસ્સી લાંબી છે. પણ પરિણામમાં ભમરડો.

પ્ર: ઘણી હતાશા થઈ હશે, નાસીપાસ થઈ ક્યારેય આ બધું માંડવાળ કરવાનું મન થયેલું?

ર: હાથ પર લીધેલું કામ હું ક્યારેય અધવચ્ચે છોડતો નથી. મને હંમેશાં લાગ્યું છે કે પ્રશ્નો ઊભા થાય તો તેના ઉકેલ પણ મળી રહે છે. પણ જુઓ, એક દિશામાં દ્વાર દેવાઈ જાય તો બીજી દિશામાં ખૂલે છે! અહીં પણ તેવું બન્યું. કમ્પ્યૂટર આવ્યાં અને ઈલેક્ટ્રોનિક ટાઈપરાઈટરો લગભગ ખૂણામાં હડસેલાઈ ગયાં. તેની સાથે આ ક્ષેત્રની ક્ષિતિજે નવા સૂર્યનો ઉદય થઈ રહ્યો હતો. કમ્પ્યૂટર ગ્રાફિક્સની બેનમૂન સવલત લાવ્યાં, ટાઈપરાઈટર પર જેની કોઈ શક્યતા જ નહોતી. સાથો સાથ ટાઈપરાઈટર દ્વારા થતો પત્રવ્યવહાર કાળગ્રસ્ત બની ગયો. કમ્પ્યૂટર ઉદ્યોગે ઘણી ભાષાઓ માટે રળિયામણા ફોન્ટ્સ બનાવ્યા.

પ્ર: તો તો તમારી ગાડી પાટા પર ચડી, કેમ?

ર: ના, સાવ એમ તો નહીં; પણ તેમ થવાની તકો ઊજળી બની. કમ્પ્યૂટર તો મળ્યું; પણ તે ગુજરાતી ફોન્ટ વિના. એટલે મેં ગુજરાતી ફોન્ટ બનાવી આપે તેવી કંપનીની શોધ આદરી. એપલ મેકિન્તોસ, આઈબીએમ અને બીજી કેટલીક કંપનીઓનો પણ સંપર્ક કર્યો. ગુજરાતી ફોન્ટ નીપજાવવાની શક્યતા વિષે તેમની સાથે ચર્ચા કરી. હું તે અર્થે ભારત પણ આવ્યો. તાતા કંપનીએ દેવનાગરી ફોન્ટ બનાવ્યા હતા. તેમના નિષ્ણાતોને મળ્યો; પણ એ ફોન્ટના વેચાણ (માર્કેટિંગ) માટે તેઓ સાશંક

જણાયા. ગુજરાતી ફોન્ટ બનાવવામાં તેમને કોઈ રસ નથી એમ મને જણાયું. તે વખતે ભારતમાં છાપાં, સામયિકો અને મુદ્રણ સાથે સંકળાયેલા સહુને લિનોટાઈપ સિસ્ટમથી સંતોષ હતો. તેમની પાસે ગુજરાતી બીબાં હતાં. તે અરસામાં સીએમસી નામની સરકારી કંપનીએ ગુજરાતી અને દેવનાગરી ટાઈપ કરી શકે તેવાં કમ્પ્યૂટરનું નિદર્શન ગોઠવ્યું હતું; પણ તેમનાં કમ્પ્યૂટરનું ભવિ અનિર્ણિત હતું.

પ્ર: એટલે કે ગઢવી ઘેરનાઘેર જેવી સ્થિતિ થઈ1

ર: બરાબર. પણ તે દરમિયાન એક નવી ઘટના બની, જેનાથી મારા પ્રકલ્પને નવી દિશામાં વળાંક મળ્યો. મારો ભત્રીજો રાજ અમેરિકામાં એમ.બી.એ.નો અભ્યાસ પૂરો કરી લંડન આવ્યો.

પ્ર: લંડન શા માટે?

ર: અમારો કાયમી વસવાટ લંડન છે. મેં કહ્યું તેમ મારા બાપ–દાદા માભોમ ભારત છોડી કેન્યા ગયેલા. કેન્યા અમારી માતૃભૂમિ બની. સંજોગવસાત્ અમારે કેન્યા છોડી લંડન આવવું પડ્યું. એક અર્થમાં અમે બે માતૃભૂમિ છોડી અને યુ.કે.ને ત્રીજી માતૃભૂમિ તરીકે અપનાવી. પણ હું મૂળ વાત પર આવું. આપણે મારા ભત્રીજાની વાત કરતા હતા. તે લંડન આવ્યો, સાથે

એપલનું કમ્પ્યૂટર જે ત્યારે બજારમાં સહેલાઈથી મળતાં હતાં તે લેતો આવ્યો. આનંદની વાત એ કે તેણે મને કમ્પ્યૂટર શીખવ્યું. ઠીક ઠીક પ્રેક્ટિસ કરતાં તેના પર મારો હાથ તો બેઠો; પણ આ તો બધું અંગ્રેજીમાં! મને તો ગુજરાતી ફોન્ટની ભૂખ હતી; ગુજરાતીમાં અને બસ ગુજરાતીમાં કામ કરવું હતું. એટલે ફરીથી ગુજરાતી ફોન્ટ બનાવી આપે તેવા કોઈની શોધ શરૂ કરી. અનેક નિષ્ફળ પ્રયત્નો બાદ એક ફ્રેન્ચ મહિલાની ભાળ મળી, જે એ કામ માટે તૈયાર થઈ. તેણે ફોન્ટ તો બનાવી આપ્યા; પણ તે અધૂરા હતા. તેમાં જોડાક્ષરો ન હતા. મેં તેને તે ઉમેરી આપવા જણાવ્યું. તેણે તે કામ માટે ઘણી મોટી કિંમત માગી, જે સાવ ભળતી જ હતી. મને લાગ્યું કે તેને પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવામાં જ ખાસ રસ હતો. એટલે તેની સાથેની વાત પડતી મૂકી.

પ્ર: કિંમત કબૂલી લેવી હતી ને! કામ તો બની જાત!

ર: પૈસાનો તો સવાલ જ નહોતો; હકીકતમાં વ્યાવસાયિક રીતરસમનો સવાલ હતો. અમે કિંમત તો અગાઉથી ઠરાવી જ હતી. તેમ છતાં તેણે વધુ પૈસા માગ્યા અને વળી માગેલી રકમ ગેરવાજબી હતી. આ જ અરસામાં પરિસ્થિતિમાં નવો મોડ આવ્યો. મારે ગુલાબદાસ બ્રોકરને મળવાનું થયું. તેમણે અમેરિકાસ્થિત મધુ રાય ગુજરાતી ફોન્ટ બનાવતા હોવાની ભાળ

આપી. હકીકત તો એ હતી કે તેઓ પોતે જ ફોન્ટ બનાવવા પ્રયત્નશીલ હતા. તેથી મેં તેમનો સંપર્ક કર્યો. તેઓ ફોન્ટ બનાવવામાં સફળ થયા હતા. મને બેહદ ખુશી થઈ. મેં તેમની પાસેથી ફોન્ટ ખરીદ્યા અને મને તે અનુકૂળ આવ્યા. તેમણે પ્રયોજેલ કી બોર્ડ–વ્યવસ્થા પણ મને સવલત ભરેલી લાગી.

પ્ર: ફોન્ટની શોધ તો પૂરી થઈ (જાણે કોલમ્બસને અમેરિકા મળ્યું!). પણ પ્રશ્ન એ થાય છે કે આ ડિક્ષનરી અને સ્પેલચેકર બનાવવા કેમ પ્રેરાયા?

ર: જેમ જેમ કમ્પ્યૂટર પર ગુજરાતી ટાઈપ કરતો ગયો તેમ તેમ જોડણીની સમસ્યાનો ખ્યાલ આવ્યો. એક જ પાના ઉપર કોડીબંધ ભૂલો! મારા જેવા ગુજરાતી બરાબર નહીં જાણનારા બીજાઓને પણ આ પ્રશ્ન પજવતો હશે, એવો વિચાર મને આવ્યો. ગુજરાતી સ્પેલચેકર હોય તો તે આશીર્વાદરૂપ નીવડે તેમ મને લાગ્યું. પણ મારી સામે એ જ સદૈવનો પ્રશ્ન ખડો થયો–સ્પેલચેકર તૈયાર કરી આપે કોણ? હું પોતે તો તે બનાવી શકું તેમ નહોતું.

પ્ર: તો પુન: યાત્રા આરંભી એમ જને?

ર: હા, પણ આ યાત્રા તો ખરેખર, ઘણી જ લાંબી નીવડી. ઘણું ફર્યો, ઘણું રખડ્યો, ઘણા સંપર્કો કર્યા પણ વાત ટૂંકમાં કહું.

પ્રથમ તો મેં માઈક્રોસૉફ્ટ સ્પેલચેકરનો ઉપયોગ કરી જોયો. તેના પરથી ગુજરાતી સ્પેલચેકર બનાવી શકાય તેવા તારણ પર હું આવ્યો. એટલે એપલ મેકીન્તોસ અને માઈક્રોસોફ્ટ બંનેનો સંપર્ક કર્યો. સામયિકોમાં ઘણા લેખો પ્રસિદ્ધ કર્યા અને હિન્દીમાં રસ ધરાવતા કેટલાક પ્રૉફેસરો સાથે મસલત કરી. પણ બધું પાણીમાં. અરેબિક ભાષા માટે સ્પેલચેકર બનાવનાર ફ્રેન્ચ એક્સપર્ટનો ભેટો થયો; પણ તેમાંય ભલીવાર નહીં આવ્યો.

પ્ર: એટલે કે જ્યાં કંઈ સહેજ પણ આશાનું કિરણ જણાયું ત્યાં તમે દોડી ગયા, એમ જને?

ર: હા, એ જ એક માત્ર ઉપાય હતો. અમેરિકામાં એપલ મેકિન્તોસ સાથે મુલાકાત ગોઠવી, હું ત્યાં ગયો. તો મારા જેવા બિનનિષ્ણાત સાથે આ ટૅક્નિકલ વિષયની વાત કરવાની જ તેમણે ધરાર ના પાડી! હું મંડ્યો રહ્યો પણ એમનું તો ઉંહુ ને ઉંહુ! છેવટે અમે 'બૅક ટુ પવેલિયન' શરૂ કર્યું. અડધે રસ્તે મને ટ્યૂબ લાઈટ થઈ. તેમના સ્ટાફમાં કોઈ ગુજરાતી તો હશે જ. 'ચાલને, તેમની જોડે વાત કરી જોઉં!' એમ વિચારી અમે 'અબાઉટ ટર્ન' કર્યું. ફરી પાછા કુપરટીનો પહોંચ્યા. સ્ટાફલિસ્ટમાં એક ગુજરાતી નામ જણાતાં તેમનો સંપર્ક કરી બધી હકીકત કહી, અમારા આવવાનો ઉદ્દેશ જણાવ્યો. પણ તેમાં કશુંય નહીં

નીપજ્યું. તેમણે કહ્યું, 'રતિભાઈ, તમારો સમય ફોગટ ન બગાડો. એપલમાં કોઈ તમારી મદદે નહીં આવે.' બીજા એક ગુજરાતી નામ પરથી તેમનો સંપર્ક કર્યો. તે મહિલા હતાં. આ વખતે વાત જરા જુદી રીતે મૂકવા વિચાર્યું. વિદેશ વસતાં ગુજરાતીઓનાં સંતાનો સરળતાથી ગુજરાતી શીખી શકે તે માટેનો આ ઉપક્રમ છે તેમ સમજાવ્યું. તેમની કંપનીના એક લેંગ્વેજ અને સ્ક્રિપ્ટ નિષ્ણાત અવારનવાર હિન્દી–ગુજરાતી ભાષા અંગે આ બહેનની મદદ લેતા. બહેને તેમની સાથે મુલાકાત ગોઠવી આપવા સ્વીકાર્યું અને બે–ચાર દિવસ બાદ પંદર મિનિટની મુલાકાત પણ ગોઠવી આપી. આનંદની વાત એ કે આ મુલાકાત અઢી કલાક ચાલી. મારા કી–બોર્ડથી તેઓ ઘણા પ્રભાવિત થયા. મને થયું કે હું જે શોધું છું તે આ ટ્રીપમાંથી મને મળી જશે; પરંતુ નસીબે તો નિષ્ફળતા જ! અંતે તેમણે બે–ચાર સૉફ્ટવેર ખરીદવાનું સૂચવી જાતે જ કામ કરવા સલાહ આપી.

અમે તે સૉફ્ટવેરની શોધમાં નીકળી પડ્યા. એક સ્ટોરમાં પહોંચ્યા. સદ્દભાગ્યે તેના માલિક ગુજરાતી નીકળ્યા. અમે તેમને અમારો પ્રશ્ન સમજાવ્યો. તેમણે અમને આવાં મોંઘાં સૉફ્ટવેર ન ખરીદતાં, આવું જ કામ કરતા બીજા એક ગુજરાતી ભાઈને મળવા સૂચવ્યું. પણ તેઓ તાત્કાલિક તેમનું સરનામું આપી શક્યા નહીં. અમને પાંચ દિવસ રોકાઈ જવા કહ્યું. અમે પાંચ દિવસ નિષ્ફળ રાહ જોઈ ટોરેન્ટો પરત આવ્યા.

પ્ર: કેમ ટોરન્ટો? લંડન નહીં?

ર: મારો સ્થાયી વસવાટ લંડન, પણ વ્યવસાયને કારણે મારે ટૉરન્ટો, સિંગાપુર, નાઈરોબી, મુંબઈ એમ વિવિધ સ્થળોએ રહેવાનું થાય. તે વખતે હું ટૉરન્ટો હતો. પણ મૂળ વાત પર આવું. મોડે મોડેય પેલા દુકાનદારે ગુજરાતી ફોન્ટ પર કામ કરતા ભાઈનું સરનામું પહોંચાડ્યું. તે ભાઈ તો બોસ્ટન રહેતા હતા. તેમને મળવા ટૉરન્ટોથી બૉસ્ટન ખેપ કરી. સમય અને નાણાંના અભાવે તેમણેય ના પાડી, જો કે તેમણે કહ્યું કે: ‘કામ તો બની શકે તેવું છે.’ આનાથી અમને એક પ્રકારની આશા બંધાઈ.

પ્ર: એટલે પાછા ટૉરન્ટો કે?

ર: હા, અને ત્યાંથી મુંબઈ. ત્યાં અમારા વેવાઈ કમલકાંતે પૂનાના બે યુવાનોએ હિન્દી સ્પેલચેકર બનાવ્યું હોવાની વાત કરી. પૂના જઈને સ્વામી અસંગ અને તેના સાથીદારોને સાથે રાખી તેમને મળ્યો, પ્રોજેક્ટ બાબતે ચર્ચા કરી. અંતે અમે એવા નિષ્કર્ષ પર આવ્યા કે ગુજરાતી સ્પેલચેકર બનાવવામાં ઘણો સમય લાગે અને તેમનાથી તે માટે સમય ફાજલ પાડી શકાય તેમ નહોતું.

પ્ર: તો પછી ગાડી આગળ કેમ ચાલી?

૨: મેં જણાવ્યું તેમ ગુજરાતી માટે કોઈ સ્ટાન્ડર્ડ કી–બોર્ડ ન હતું. આજે પણ પરિસ્થિતિમાં ઝાઝો કોઈ ફેર પડ્યો નથી. ત્યારે ભારતમાં લિનોટાઈપ સિસ્ટમથી સંતોષ હતો. તેથી કોઈ મારા કી–બોર્ડ પર કામ કરવા રાજી ન હતું. છેવટે 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' એ ન્યાયે મેં જાતે જ એ કામ હાથ પર લીધું. દરમ્યાન ગુજરાતી સ્પેલચેકર માટે ઉપયોગી શબ્દો ડિજિટલ ફોર્મમાં મેં ગોઠવ્યા હતા. તે કામ મેં ચાલુ રાખ્યું. એવામાં મારા કમ્પ્યૂટરમાં જ ડખો થયો! તેનું મધર કી–બોર્ડ બળી ગયું. પાછળથી મને ખ્યાલ આવ્યો કે તેના પર ગજા ઉપરાંતનો બોજો આવી પડ્યો હતો. નવું કી–બોર્ડ વસાવી પાછા શ્રીગણેશ કર્યા. સારા નસીબે તે જ વખતે જયેશ પટેલ અને હર્ષદ પટેલ મને મળી ગયા. તેઓ એક સામયિક માટે કામ કરતા હતા. બંને મારે ત્યાં પાર્ટટાઈમ કામ કરવા રાજી થયા. સૌ પ્રથમ અમે ગાંધીજીનો 'ખિસ્સાકોશ' અને પછી 'સાર્થ જોડણીકોશ' હાથમાં લીધો. મારા સેક્રેટરી અને ડ્રાઈવર પણ કામમાં હાથ દેવા માંડ્યા. કામની ઝડપ વધારવા એપલ મેકિન્તોસ પર કંપોઝ કરતું કોઈ મળી જાય તો બહાર કામ આપવા વિચાર્યું. તેવામાં સુરેશ દલાલ અને હરકિશન મહેતાની સમજાવટથી 'ચિત્રલેખા'ના તંત્રી મધુ કોટકે તેમના સાપ્તાહિકનું જૂનું મટિરિયલ આપી ટેકો કર્યો. તેવામાં જ પૂનાના સ્વામી અસંગે આ બધું મારા કી–બોર્ડ પર ટ્રાન્સફર કરવાની રીત વિકસાવી.

આમ, સ્પેલચેકર માટે જરૂરી શબ્દભંડોળ વધતું જતું હતું. પણ વળી મટિરિયલ મળતું બંધ થયું. છેવટે બાકીના શબ્દો 'બૃહદ્ જોડણીકોશ'માંથી ઉમેરવાનું નક્કી થયું.

આ કામ પૂરું થવા આવ્યું, એટલે ઇંગ્લીશ–ગુજરાતીકોશ હાથમાં લીધો. ગુજરાતી એન.આર.આઈ.ના મનમાં અંગ્રેજી શબ્દ પહેલાં આવે. તેમને નજર સમક્ષ રાખી આ કામ ઉપાડ્યું.

મને ઘણી વાર વિચાર આવે છે કે, ગુજરાતી લખ્યા પછી તેના ફોન્ટ્સને ટ્રાન્સલિટરેટેડ રોમનાઈઝ્ડ ગુજરાતીમાં ફેરવવાની સુવિધા નીપજાવી શકાય તો વિદેશ સ્થાયી થયેલ ગુજરાતીઓની ભાવિ પેઢી ગુજરાતી વાંચી શકે.

પ્ર: તમારી પાસે કામ કરનારાઓ તો પૂરતા હતા નહીં તોય પાછું ડિક્ષનરી વગેરેનું કામ હાથ પર લીધું?

ર: ડિક્ષનરી તો ખરી જ, થિસોરસ અને વિરુદ્ધાર્થ શબ્દકોશ પણ. કમ્પ્યૂટરનિષ્ણાત સ્વામી અસંગ નવા વ્યવસાયમાં જવા ઇચ્છતા હતા, સદ્દભાગ્યે તેમને આ પ્રકલ્પમાં રસ પડ્યો. મેં તેમને મારે ત્યાં કામ કરવા પ્રેર્યા. તેઓ મારી સાથે ફરી જોડાયા. સાથોસાથ સુરતના હિમાંશુ મિસ્ત્રીની મદદ મેળવી. તેમને પૂનામાં જ સ્વામી અસંગની મદદમાં મૂક્યા.

મારી ઉંમર વધતી જતી હતી. બે વર્ષ અગાઉ લંડનમાં મારે બાયપાસ સર્જરી કરાવવી પડી હતી. મારી ધીરજ અને હિંમત

પર પણ તેની અસર પડી. આયુષ્યના આઠ દાયકા તો હું વટાવી ચૂક્યો હતો; પણ મારી હયાતીમાં જ પ્રકલ્પ પૂરો કરવાના મારા નિર્ધારમાં હું મક્કમ હતો. સ્વામી અસંગ, મેં જણાવ્યું તેમ, કમ્પ્યૂટર નિષ્ણાત છે. તેમણે બધો જ ડેટા પહેલાં જાવામાં અને પછી યુનિકોડમાં ફેરવવા સલાહ આપી. અમારી ત્રિવેન્દ્રમની કંપનીના નિષ્ણાતોએ આ કામ ઉપાડી હેરત પમાડે તે રીતે તે પૂરું કરી આપ્યું.

પ્ર: ઘણા ચડાવ–ઉતાર આવ્યા, તોય તમે મચી રહ્યા?

ર: હા, ઝાઝા ચઢાવ અને ઓછા ઉતાર. અવારનવાર હાંફી જવાતું. આવા પ્રસંગોએ ઘણા મિત્રોએ પ્રેમથી મને પ્રોત્સાહિત કર્યો, એટલું જ નહીં મારું મનોબળ ટકાવી રાખવામાં સહાયભૂત થયા. આ મિત્રો છે – ઉત્તમ ગજ્જર(સુરત), બળવંત પટેલ(ગાંધીનગર), ભાષાના તજજ્ઞ અને કમ્પ્યૂટરના માહેર ડૉ. નિશીથ ધ્રુવ(રોહા–રાયગઢ–મહારાષ્ટ્ર), કુમારી માલદે(કેનેડા), પ્રૉ. બાબુ સુથાર(યુ.એસ.એ.), કિશોર રાવલ(યુ.એસ.એ.), દયાશંકર જોશી(લંડન), વિપુલ કલ્યાણી (લંડન). તેમનું પીઠબળ મારે મન સદ્દભાગ્યની વાત છે.

વળી, સ્વામી અસંગ(પૂના), ઈશ્વર વસા(લંડન), ડૉ. કુમારપાળ દેસાઈ(અમદાવાદ), કુ. અલકા છેડા(મુંબઈ), કુ. ભાવના(મુંબઈ), મનુભાઈ ભટ્ટ(મુંબઈ), કુ. માધવી(મુંબઈ),

સુશ્રી. અંજલિ (મુંબઈ), કુ. મેહરુ સિંધવા(લંડન), વિપુલ મોતીવરસ(મુંબઈ), હિમાંશુ મિસ્ત્રી(સુરત), રોહિત (મેંગ્લોર), અને અલબત્ત, ગુજરાતી બારાખડીના કક્કાનો ક–ખ–ગ પણ નહીં જાણનાર રેવતી શ્રીધરન (ત્રિવેન્દ્રમ) અને અમારી ત્રિવેન્દ્રમની કંપનીના બીજા સૌ નિષ્ણાતો જેમણે મને ભરપૂર મદદ કરી છે. ગજબની નિષ્ઠાથી આ કામમાં ઓતપ્રોત થઈ તેમણે તેને પૂર્ણતાએ પહોંચાડ્યું. હું તેમનો સૌનો સાચે જ ઋણી છું.

પ્ર: આ પ્રકલ્પ માટે કયા માહિતીસ્રોતો પર આધાર રાખેલો?

ર: અનેક સ્રોતોનો આધાર લીધો છે, જેમાં મુખ્ય છે: (1) ગુજરાત વિદ્યાપીઠના 'ખિસ્સાકોશ' અને 'સાર્થ જોડણીકોશ'; (૨) કે. કા. શાસ્ત્રીજીનો 'બૃહદ્‌ જોડણીકોશ'; (૩) પાંડુરંગ ગણેશ દેશપાંડેજીના 'ગુજરાતી–અંગ્રેજી' અને 'અંગ્રેજી–ગુજરાતી'કોશ; (૪) નરહરિ કે. ભટ્ટનો 'ગુજરાતી વિનયનકોશ' (૫) પ્રબોધ પંડિત રચિત 'ફોનેટિક એન્ડ મોર્ફેનિક ફ્રિક્વન્સી ઓફ ગુજરાતી લેંગ્વેજ' (૬) શાંતિલાલ શાહ (દામકાકર)નો 'વિરુદ્ધાર્થકોશ' અને (૭) ડૉ. ઈશ્વર દવેનો 'થિસોરસ'(ગુજરાત સાહિત્ય અકાદમી).

પ્ર: સમગ્ર પ્રકલ્પના ગાળાના કોઈ વિશિષ્ટ અનુભવો?

ર: ભાતભાતના; સુખદ અને દુ:ખદ. દુ:ખદને બાજુએ મૂકી સુખદની જ વાત કરું. મને કેટલાક યુવાન મિત્રો સાંપડ્યા. જેવા કે યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયાના પ્રૉ. બાબુ સુથાર, રોહા–રાયગઢ–મહારાષ્ટ્રના ડૉ. નિશીથ ધ્રુવ. બંને ભાષાવિજ્ઞાન અને કમ્પ્યૂટર તજજ્ઞ. આ યુવાનોની મૈત્રી સાનંદ માણું છું. તેવી જ રીતે ગુજરાતી જોડણીમાં એક 'ઈ' અને એક 'ઉ' રૂઢ કરવા યત્નશીલ નિષ્ઠાવાન વિદ્વાનોના મંડળ સાથે સંપર્ક સ્થપાયો. તેમનું અભિયાન સાચું, તર્કયુક્ત અને ઉપયોગી પ્રતીત થતાં હું તેમનો સમર્થક બન્યો.

પ્ર. તમને લાગે છે કે આવો પ્રકલ્પ સરકારે કે સાહિત્યિક સંસ્થાઓએ કરવો જોઈએ?

ર. મારા કેટલાક મિત્રો તેમ માને છે. સરકાર કે સાહિત્યિક સંસ્થાઓ આવું કામ વધુ સારી રીતે અને વધુ ઝડપથી કરી શકે એમ તો મને પણ લાગે છે. પણ મિત્રો, કામ તો જે કરે તેનું! મને સૂઝ્યું અને મેં કર્યું. મને વસવસો એટલો જ કે મારી પાસે પર્યાપ્ત રિસોર્સિસ, ધગશ અને નિષ્ઠા હોવા છતાં પણ ભાષાજ્ઞાન અને કમ્પ્યૂટર–કૌશલ્યની મારી અધૂરપને કારણે આ કામ વર્ષો સુધી લંબાયું.

પ્ર: અને હવે?

૨: અમારી ઊર્મિભરી આરત એટલી જ કે આ પ્રોજેક્ટ ગુજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપે; તેનાથી દેશવિદેશ–નિવાસી ગુજરાતીઓની જરૂરિયાત પૂરી પડે. અમે તો આ પ્રોજેક્ટને સંવર્ધિત અને અદ્યતન કરતા રહેવાની અમારી પૂર્ણ પ્રતિબદ્ધતાની પાકી ખાતરી આપી શકીએ.

મુલાકાતીઓ: 'મન હતું તો માળવે જવાયું'. તમારા પ્રેમભર્યા પરિશ્રમની ગાથા જાણી અમને આનંદ થયો. અભિનંદન અને ગુજરાતી ભાષાને સમર્પિત દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય માટે શુભેચ્છાઓ......

પ્રશ્નોત્તરીના મુલાકાતીઓ:

બળવંત પટેલ (ગાંધીનગર), ઉત્તમ ગજ્જર (સુરત), ડૉ. નિશીથ ધ્રુવ (રોહા–રાયગઢ), ડૉ. બાબુ સુથાર (ફિલાડેલ્ફીયા), કેશવ ચંદરયા (ટૉરન્ટો)

@

043 : 02-04-2006

# સાહીત્યનું ઈનામબજાર :

## કેટલું રોચક? કેટલું રેચક?

–ચન્દ્રકાંત બક્ષી

અનુક્રમણીકા

*હૃદયસ્થ બક્ષીબાબુ સ્વર્ગસ્થ થયા એવું કહી શકાય ખરું? તેમની સદાબહાર તેજતર્રાર–તેજાબી કલમથી ટપકેલો અને તેમના અવસાનના બીજા દીવસે છપાયેલો આ એમનો છેલ્લો સાપ્તાહીક કટારલેખ.... બક્ષીબાબુ જેવો જ તીખો, તેજાબી છતાં તરોતાજા....ઉત્તમ ગજ્જર...*

ઈનામોની દુનીયા બડી અજીબોગરીબ છે. જેમને મળે છે તે શ્રેષ્ઠ હોય એ જરુરી નથી, જેમને નથી મળતું અથવા નથી અપાતું એ કનીષ્ઠ કે દ્વીતીય–તૃતીય કક્ષાના હોતા નથી. હોલીવુડના ઓસ્કાર ફીલ્મી દુનીયાના ઉચ્ચ એવોર્ડ ગણાય છે, વોલેસ બેરી, ફ્રેડરીક માર્ચ, કેથરીન હેપબર્ન જેવા કલાકારોને મળ્યા છે; પણ જેમને અપાયા નથી એ નામોમાં ફીલ્મને કલાની ઉચ્ચતમ કક્ષાએ દીગ્ગજો લઈ જનારા વીશ્વવંદ્ય છે : સેસીલ બી. ડીમીલ, ઓરસન વેલ્સ, ગ્રેટા ગાર્બો, મારલીન ડીટ્રીચ, મેરીલીન મનરો. મહાન આલ્ફ્રેડ હીચકોકને ઓસ્કાર અપાયો

નથી. ફીલ્મીવીશ્વના દંતકથારુપ ચાર્લી ચેપ્લીન ઓસ્કારથી વંચીત રહ્યા છે! હોલીવુડના વીખ્યાત હાસ્ય કલાકાર બોબ હોપને જીવનના અંત સુધી, ૯૫ વર્ષ સુધી, ઓસ્કાર અપાયો નહીં ત્યારે એમને પુછવામાં આવ્યું, અને એમણે વ્યંગમાં ઉત્તર આપ્યો : હવે મને ખાતરી થઈ છે કે ઓસ્કાર એવોર્ડ યોગ્ય વ્યક્તીને જ અપાય છે...!

નોબેલ પારીતોષીકોમાં એક પુરસ્કાર સાહીત્ય માટે છે અને એ ચર્ચાસ્પદ રહ્યો છે. આલ્ફ્રેડ નોબેલે એના ૧૮૯૫માં લખેલા વીલમાં નોંધ લખી છે : મારી ખાસ ઈચ્છા છે કે ઉમેદવારની રાષ્ટ્રીયતાનો બીલકુલ ખ્યાલ કરવામાં આવે નહીં, સૌથી યોગ્યને જ પુરસ્કાર અપાય, એ સ્કેન્ડીનેવીયન હોય કે ન હોય...! ઘણા યોગ્ય લેખકોને સાહીત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો છે અને ઘણાની ખરેખર ઉપેક્ષા કરવામાં આવી છે. ૧૯૦૨માં ૮૫ વર્ષના મોમસેનને અપાયો; પણ યુગપ્રવર્તક ઈતીહાસજ્ઞ હર્બર્ટ સ્પેન્સરને ભુલી જવાયા. ૧૯૦૩માં નોર્વેના અજ્ઞાત જોર્નસનને અપાયો અને નોર્વેના જ સર્વકાલીન મહાન નાટ્યકાર હેનરીક ઈબસનને ફેંકી દેવાયા. ૧૯૦૫માં લીયો તોલ્સતોય જીવતા હતા; પણ સાહીત્યનો નોબેલ પુરસ્કાર પોલંડના સીયેનકીવીત્ઝને આપવામાં આવ્યો. ૧૯૧૧માં સ્વીડનના ગુસ્તાફ ફ્રોડીંગને અપાયો; અને સ્વીડનના શ્રેષ્ઠ નાટ્યકાર ઓગસ્ટ સ્ટ્રીન્ડબર્ગને ક્યારેય અપાયો નહીં. ૧૯૨૩માં

કવી ડબલ્યુ બી. યેટ્સને આપ્યું; પણ તોમસ હાર્ડીને ક્યારેય મળ્યું નહીં. ૧૯૩૨માં ગાલ્સવર્ધી પસંદ કરાયા; એચ. જી. વેલ્સને ન મળ્યું. મહાન મેક્સીમ ગોર્કી અને ખલીલજીબ્રાન જેવાને ક્યારેય પુરસ્કાર યોગ્ય ગણાયા નહીં. જ્યારે તોલ્સતોયની ઉપેક્ષા કરવામાં આવી ત્યારે ૪૨ સ્વીડીશ લેખકો અને કલાકારોએ એક વીરોધ નીવેદન બહાર પાડ્યું હતું. ઉપેક્ષીતોમાં વાલેરી, રીલ્કે, ઝોલા, માલરો જેવાં મહાન નામો પણ છે. ૧૯૨૫માં જ્યોર્જ બર્નાર્ડ શોને આપ્યું ત્યારે બર્નાર્ડ શોએ કહ્યું કે, તરીને કીનારે આવી ગયેલાને લાઈફટ્યુબ ફેંકવામાં આવે એવું નોબેલ પ્રાઈઝ છે! ઝ્યોં પોલ સાર્ત્રને નોબેલ પુરસ્કાર અપાયો ત્યારે એણે કહ્યું કે મને નોબેલ પુરસ્કાર આપો કે બટાટાનો થેલો આપો, શો ફર્ક પડે છે? આલ્બેર કામ્યુને આપ્યું ત્યારે એણે કહ્યું કે, આન્દ્રે માલરો આ પુરસ્કાર માટે વધારે યોગ્ય છે. નોબેલ શાંતી પારીતોષીકની ટ્રેજી–કોમેડી એ છે કે ગાંધીજીને શાંતી પારીતોષીક ક્યારેય અપાયું નહીં; પણ એક વાર એક વર્ષે શાંતીના દાવેદાર તરીકે હીટલરનું નામ પણ વીચારાધીન હતું...!

ગુજરાતી ઈનામોની દુનીયા વધારે અંધાધુંધ છે, ફ્રાંસમાં જેમને પારીતોષીકો મળ્યાં નથી એમનાં નામો સગર્વ લેવાય છે અને કહેવાય છે કે ફ્રેંચ સાહીત્ય વીશ્વમાં સર્વોપરી છે એનું કારણ આ ઝુંઝાર મર્દાના લેખકો છે. ગુજરાતીમાં ઈનામ દીમાગની

સ્ફુર્તી માટે આપવાનો રીવાજ નથી, પુંછડી પટપટાવવામાં સૌથી વધારે સ્ફુર્તી બતાવે એને વીતરણકમીટી ઈનામ આપી દે છે અને વળી અહીં પણ અજગરનું પુંછડું નહીં, ઉંદરડાઓની પુંછડીઓમાંથી જ પસંદગી કરવાની હોય છે. અજગરના પુંછડાનો એક જ ફટકાર ઈનામો વહેંચી આપનાર પુરી કમીટીને ૨૧મી સદીમાંથી ૨૦મી સદીમાં ઉછાળી મુકવા માટે સમર્થ હોય છે.

દીલ્હીની સાહીત્ય અકાદમી દ્વારા ૧૯૫૫થી ઈનામો આપવાં શરુ થયાં. એ વખતે નીયમો સ્પષ્ટ હતા. નીયમ નંબર ૩ : અનુવાદો, સંચયો–સંકલનો, સંક્ષેપો, સંપાદીત કૃતીઓ સ્પર્ધા માટે અયોગ્ય ગણાય છે ૧ નીયમ નંબર ૪ : આગળ પુસ્તકમાં પ્રગટ થઈ ચુકેલાં લખાણોનું સંકલન કે જુનાં પુસ્તકોની પુનઃ આવૃત્તીઓ આ સ્પર્ધા માટે લાયક ગણવામાં આવતી નથી! શરુમાં છેલ્લાં ૭ વર્ષોમાં પ્રગટ થયેલાં પુસ્તકો યોગ્ય ગણવામાં આવતાં હતાં, પછી હવે નીયમ ત્રણ વર્ષોનો કરવામાં આવ્યો. ૧૯૭૯નું સાહીત્ય અકાદમીનું ઈનામ કવી જગદીશ જોશીના ‘વમળનાં વન’ને અપાયું હતું. ૧૯૫૫થી ૧૯૭૯ સુધી ગુજરાતી ઈનામોનો રેકર્ડ કેવો છે? પ્રભાકર માચવે સાહીત્ય અકાદમીમાં વીસેક વર્ષો સુધી સેક્રેટરી રહ્યા હતા. એમણે એમની આત્મકથા ‘ફ્રોમ સેલ્ફ ટુ સેલ્ફ’માં ઘણી વાતો લખી છે, જે આપણને વાચકો માટે રોચક પણ ઈનામ

વીજેતાઓને રેચક લાગે એ પ્રકારની છે. માચવે લખે છે : ...તથાકથીત મહાન વ્યક્તીઓ, પાસેથી જોતાં, બહુ નાની લાગતી હતી. આપણા લેખકો અને વીદ્વાનોમાં ભ્રષ્ટાચાર કેટલો વ્યાપક હતો!...

ગુજરાતી સાહીત્યનાં ઈનામો ધારદાર ગુણવત્તા માટે અપાય છે કે મોટી ઉંમરના બોયસ્કાઉટને સારી વર્તણુક માટે અપાય એ ધોરણ છે? કે પછી ડોગ–શોમાં ખોળામાં ઘુસીને રમ્યા કરતા પોમેનેરીયન ગલુડીયાંને ‘બેસ્ટ લેપ–ડૉગ’ પસંદ કરાય છે એ ધોરણ છે કે સળગતી ઈયત્તાનું ધોરણ છે? જે લોકો નીયમોની બેફામ ઐસી–તૈસી કરી શકતા હોય છે એ પણ ખરેખર હીમ્મતવાન માણસો છે.

૧૯૫૫થી ૧૯૭૯ સુધી અકાદમીનાં નીયમભંગનાં થોડાં દૃષ્ટાંતો :

૧૯૬૨ : વીષ્ણુપ્રસાદ ત્રીવેદીનું પુસ્તક ‘ઉપાયન’, જે ષષ્ઠીપુર્તી અભીનંદન–ગ્રંથ છે, જેમાં અન્ય લેખકોના લખેલા લેખો, પ્રશસ્તીઓ અને બીજાં પુસ્તકો માટે લખી આપેલી પ્રસ્તાવનાઓ છે.

૧૯૬૪ : ડોલરરાય માંકડનું પુસ્તક ‘નૈવેદ્ય’, જે ૬૦ વર્ષની સમાપ્તી પર પ્રગટ થયું છે, જેનું પ્રકાશન ડોલરરાય માંકડ ષષ્ઠીપુર્તી સન્માન સમીતીએ કર્યું છે. આ પુર્તીગ્રંથમાં

૧૯૨૬થી ૧૯૫૬ સુધીનાં ત્રીસ વર્ષના સમયગાળામાં લખાયેલી કૃતીઓ છે. આટલાં જુનાં સંકલનો ગેરકાયદેસર છે.

૧૯૬૮ : સુન્દરમ્ નું પુસ્તક ‘અવલોકન’, જેમાં છેલ્લાં ૩૦થી ૩૫ વર્ષો દરમીયાન લખાયેલા લેખો સંગ્રહીત છે. સ્પર્ધા માટે અવૈધ પુસ્તક.

૧૯૭૪ : અનંતરાય રાવળનું પુસ્તક ‘તારતમ્ય’ જેમાં લગભગ પચાસ ટકા સામગ્રી આલોચનાઓ, પ્રસ્તાવનાઓ, ભાષણો, નોંધો છે જે વર્ષનું શ્રેષ્ઠ સાહીત્ય સર્જન નથી. અન્ય માટેની પ્રશંસાઓ છે.

૧૯૭૮ : હરીન્દ્ર દવેનું પુસ્તક ‘હયાતી’, જેમાં એમની જુની કવીતાઓની ચોપડીઓમાંથી પસંદ કરીને જાન્યુઆરી ૧૯૭૭માં સંગ્રહ પ્રગટ કરવામાં આવ્યો છે. જે જુનાં પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં છે, એમનાં નામો અને પ્રકાશન વર્ષો : ‘આસવ’(૧૯૬૧), ‘મૌન’(૧૯૬૬...), ‘અર્પણ’(...૧૯૭૨, ‘સમય’(૧૯૭૨...), ‘સુર્યોપનીષદ’(૧૯૭૫...)

સાહીત્ય અકાદમીના ગુજરાતી ઈનામદાતાઓ કેટલા પારદર્શક અને નીતીમત્ત થયા છે એ ખબર નથી; પણ સન ૨૦૦૫માં ગુજરાતી પારીતોષીક જાહેર થયું જેના વીજેતા કવી ડૉ. સુરેશ દલાલ હતા. ડૉ. દલાલને એમની કૃતી ‘અખંડ ઝાલર વાગે’ માટે ૨૦૦૫ના અંતમાં અકાદમીનું ઈનામ મળ્યું, જે પુસ્તક ૨૦૦૧માં પ્રગટ થયું હતું. ડૉ. દલાલે ઝાલર તો પાંચ

વરસ પહેલાં વગાડી હતી; પણ એ સંભળાય ત્યારે દોસ્તારો તરીકે ૨૦૦૬માં જોરથી તાળીઓ પાડવી એ આપણો ધર્મ છે! ડૉ. સુરેશ દલાલે મુંબઈની ગુજરાતી કવીતા માટે જે કામ કર્યું છે એ તામીલનાડુમાં સુશ્રી જયલલીતાએ કરેલા જબરદસ્ત કામ સાથે તુલના થઈ જાય એટલું સંગીન છે. ડૉ. સુરેશ દલાલ મુંબઈની ગુજરાતી કવીતાનાં 'અમ્મા' છે...! મુંબઈનું ગુજરાતી કવીતાજગત એમનું ઋણી છે, રહેશે.

ઈનામોની દુનીયા ખરેખર અજીબોગરીબ છે. શીવશંકર ગીરજાશંકર જોશી ઉર્ફે શીવકુમાર જોશી ગુજરાતીમાં ઈનામો જીતવામાં એક્કા હતા. એ નાટકો લખતા હતા, બીજું પણ લખતા હતા. શીવકુમાર જોશીને નાટકો લખવા માટે સરકારી ઈનામો મળતાં ગયાં. ૧૯૫૬થી ૧૯૬૮ સુધી ૧૨ વર્ષોમાં એમને નાટ્યલેખન માટે પ્રતીવર્ષ, એક પણ વીક્ષેપ વીના, પહેલાં–બીજાં ઈનામો મળતાં રહ્યાં. આ ૧૨ વર્ષોમાં એમને સરકારે ૧૪ ઈનામો આપ્યાં! માત્ર નાટકો લખીને દર વર્ષે પ્રથમ કે દ્વીતીય ઈનામ રુપે ૧૪ ઈનામો, એક પણ બ્રેક વીના, સતત અને સળંગ, મેળવવા માટે અસામાન્ય બુદ્ધી એ સામાન્ય લક્ષણ હોવું જોઈએ...

*ગુજરાતી ભાષાના પ્રેમીઓ માટે એક જ પ્રશ્ન પ્રસ્તુત છે :*

ગુજરાતી સાહીત્ય ડોગરી કે સીંધી કે કશ્મીરી જેવું નાનું બની રહ્યું છે કે બંગાળી કે મલયાલમ કે મરાઠી જેવું આકાશી બની રહ્યું છે?...

:ક્લોઝઅપ:

ગીણતાં ગીણતાં ઘસ ગઈ રેખા,

આંગરીયાં કી સારી..

–મીરાંબાઈ

(અર્થ : ગણતાં ગણતાં આંગળીઓની બધી જ રેખાઓ ઘસાઈ ગઈ...!)

–ચન્દ્રકાંત બક્ષી

*બક્ષીબાબુનું તા. ૨૫ માર્ચ ૨૦૦૬ ને શનીવારે અવસાન થયું અને બીજા દીવસના, તા. ૨૬ માર્ચ ૨૦૦૬ ને રવીવારના ‘દીવ્યભાસ્કર’ દૈનીકની રવીવારીયપુર્તી ‘રસરંગ’માં, એમની સાપ્તાહીક કટાર ‘વાતાયન’માં રાબેતા મુજબનો આ એમનો છેલ્લો લેખ પ્રગટ્યો. હવે? એક મર્દના કલમનો અંત..............ઉત્તમ ગજ્જર...*

@

044 : 09-04-2006

પ્રસંગવીશેષ

# ડીસ્ટીંક્શન સાથે પાસ..

–ડૉ. યોગેન્દ્ર વ્યાસ

અનુક્રમણીકા

બેએક દાયકા પહેલાંની વાત છે. મારી એક વીદ્યાર્થીનીના પીતાજી એ સમયે હાઈ કોર્ટમાં જજ હતા. ક્યારેક અમારી સંસ્થા પાસેથી સાંજે એ નીકળે તો દીકરીને પોતાની સાથે લઈ જાય. મારું ઘર રસ્તામાં એટલે ક્યારેક મને પણ ઘરે ઉતારતા જાય.

એક દીવસ સાંજે એ આવ્યા. આવનારી પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો અમે મીત્રોએ તૈયાર કર્યા હતા. તે મારે ઘરે જઈને ફેર(પુનર્લેખન) કરવાના હતા. તેનું પરબીડીયું મારા ટેબલ પર પડ્યું હતું. એમણે પુછ્યું, "આવવું છે અમારી સાથે? તમને ઉતારતાં જઈએ." મેં સહજ રીતે હા પાડી અને ટેબલ પરનું પરબીડીયું લઈ હું તેમની સાથે કારમાં ગોઠવાયો.

રસ્તામાં દરવખતની જેમ અલકમલકની વાતો ચાલી. એ પોતે પાછા રમુજી એટલે જાતજાતની રમુજો સંભળાવી હસાવતા જાય. મારું ઘર આવ્યું એટલે, "આવજો, આવજો" કહી હું ઉતરી ગયો. કાર ચાલી ગઈ અને તરત મને ભાન થયું કે

પ્રશ્નપત્રોવાળું પરબીડીયું તો કારમાં જ રહી ગયું! પરબીડીયું ખુલ્લું જ હતું ને એમાં વાર્ષીક પરીક્ષા માટે તૈયાર કરેલા બધા પ્રશ્નપત્રો હતા! મને થયું કે ભારે ભુલ થઈ!

મેં ઘરમાં જવાને બદલે સીધા પાડોશીને ત્યાં જ પ્રવેશ કર્યો. ‘‘તમારો ફોન ચાલુ છે ને?’’ મેં પ્રવેશતાં જ ખાતરી કરી લીધી. ફોન કર્યો તો એમનો ફોન એંગેજ આવતો હતો. મેં ફોન મુકી દીધો અને તરત ઘંટડી રણકી. એટીકેટ ખાતર મેં ફોન ઉપાડ્યો નહીં. પાડોશીની દીકરીએ આવી ફોન લીધો. ‘‘અંકલ, તમારે માટે ફોન છે.’’ તેણે એમ કહી મને આપ્યો. મેં ‘‘હેલો’’ કર્યું ને સામેથી જજ સાહેબનો અવાજ આવ્યો. ‘‘તમારું એક પરબીડીયું કારમાં રહી ગયું છે. હું કાલે બેબી સાથે તમને મોકલી આપીશ.’’ મેં હાશકારો અનુભવતાં કહ્યું, ‘‘બહુ સારું. હું એની ચીંતામાં જ હતો. વાર્ષીક પરીક્ષાના પ્રશ્નપત્રોનું પરબીડીયું છે. તમારા જ હાથમાં આવ્યું એ સારું થયું.’’ મેં સહજ રીતે ઉમેર્યું.

‘‘પ્રશ્નપત્રોનું પરબીડીયું છે? ખુલ્લું છે? પણ તમે ચીંતા ન કરશો. હું જાતે જ કાલે તમને પહોંચાડી દઈશ.’’ મેં તરત સામેથી કહ્યું, ‘‘ના, એમ ન કરશો. તમે એવું કરો તો એનો અર્થ એમ થાય કે મને મારી વીદ્યાર્થીની ઉપર અને તમને તમારી દીકરી ઉપર ભરોસો નથી. એની સાથે જ મોકલજો.’’

બીજે દીવસે મારી વીદ્યાર્થીનીએ એ ખુલ્લું પરબીડીયું મને આપ્યું ત્યારે મેં એને સહજ રીતે પુછ્યું, “તને ખબર છે એમાં શું છે?” એણે ડોકું હલાવી ના પાડી, એની આંખોમાં પણ ‘શું છે?’ એવો પ્રશ્ન વંચાતો હતો. મેં કહ્યું, “એમાં તારી પરીક્ષાના પ્રશ્નપત્રો છે. કુતુહલ ખાતર પણ તને આ પરબીડીયું ખોલવાનું મન ના થયું?” એણે સાવ ભોળાભાવે ના પાડી.

પરીક્ષા આપ્યા પહેલાં જ એ ડીસ્ટીંક્શન સાથે પાસ થઈ હતી.

ડૉ. યોગેન્દ્ર વ્યાસ,

લેખક સમ્પર્ક : ૩૪૭–સરસ્વતીનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૫

ફોન : (079)2675 2675

આવા જીવંત જીવન–પ્રસંગો વર્ણવતા, ‘ઉંઝાજોડણી’માં પ્રકાશીત આ ભાષાવીજ્ઞાની લેખકના પુસ્તક ‘સુવાસની લ્હાણી’માંથી સાભાર...

@

045 : 16-04-2006

# ડેડી : એક સર્વનામ

–રીવા બક્ષી

અનુક્રમણીકા

## વહાલની એક નવી પરીભાષા : 'થેંક યુ પપ્પા'

*(આગામી થોડા જ દીવસોમાં એક નવતર પુસ્તક 'થેંક યુ પપ્પા' પ્રકાશીત થઈ રહ્યું છે. જેમાં ગુજરાત તથા ભારતભરની શ્રેષ્ઠતર દીકરીઓએ તેમના પીતા વીશે વહાલ દર્શાવ્યું છે અને આવું વહાલ વરસાવવાની ઘટના ગુજરાતી પુસ્તક સ્વરુપે સૌ પ્રથમ વાર આવી છે. જેમાંના મોટા ભાગના લેખ ખાસ આ સંગ્રહ માટે લખાયેલા છે, એ આ પુસ્તકની ઉપલબ્ધી છે.*

*આ પુસ્તકમાં ગુજરાતી અને ગુજરાતેતર, જે શ્રેષ્ઠતર ૪૬ દીકરીઓએ પોતાના પીતા વીશે કલમ ચલાવી છે, એમાં વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા, હીમાંશી શેલત, શરીફા વીજળીવાળા, અદીતી દેસાઈ, વંદના પાઠક, પુરબી જોશી, રીવા બક્ષી, રીના મહેતા, કાજલ ઓઝા–વૈદ્ય, અમીષા શાહ, મનીષા મનીષ, રાજુલ મહેતા, મેઘના ગુલઝાર, નંદીતા દાસ, દીપ્તી નવલ, શબાના આઝમી, નીશા દફુણીયા સહીત ઈન્દીરા ગાંધી, બેનઝીર ભુત્તો અને મણીબહેન પટેલના લેખો અહીં સંગ્રહાયેલા છે.*

*ક્ષેત્ર સાહીત્યનું હોય કે રાજકારણનું કે સંગીત–નાટ્ય કે અભીનય કે પછી અન્ય કોઈ, દરેક ક્ષેત્રની દીકરીઓની વાત તમે*

*વાંચો તો ખબર પડે એનું 'રોલ મોડેલ' એનો પીતા જ હોય છે, લગભગ... એ એવા જ પાત્રની મહેચ્છા રાખતી હોય છે.*

*પીતા–પુત્રીના સંબંધ વીશે આ પહેલાં પણ 'દીકરી વહાલનો દરીયો' અને એક અનોખો વાર્તાસંગ્રહ 'પપ્પા–ડૅડી–પીતા' પણ થયાં છે. આમ પણ પીતા–પુત્રીનો સંબંધ વીશ્વભરમાં સૌથી વીશેષ સંબંધ ગણાયો છે અને એમાંય જ્યારે એક પક્ષે અતીપ્રસીદ્ધ વ્યક્તી પીતા કે દીકરી તરીકે હોય ત્યારે એ સંબંધ વધુ લાગણીસભર બને છે. અને એમાં જ્યારે આખા ભારતવર્ષની પુત્રીઓ પોતાની કલમ–પ્રસાદી આપી રહી હોય ત્યારે આ સાચા અર્થમાં નજરાણું બની રહે છે. 'થેંક યુ પપ્પા' એ આવું જ એક મોંઘેરું અને નવલું નજરાણું છે.*

*તાજેતરમાં આકસ્મીક અવસાન પામેલા ગુજરાતી ભાષાના અતી લોકપ્રીય સાહીત્યકાર સ્વ. ચંદ્રકાંત બક્ષીનાં પુત્રી રીવા બક્ષીએ પણ આ પુસ્તકમાં પ્રદાન કર્યું છે. આવો, માણીએ, રીવા બક્ષીએ લખેલા કેટલાક ભાવસભર અંશ... –રજુઆત : પરીક્ષીત જોશી)*

## ડૅડી : એક સર્વનામ

હું રીવા બક્ષી...

રીવા ચંદ્રકાંત બક્ષી!

મારા નામ પાછળના નામને અને એ નામના વજનને હું ફીલ કરી શકું છું. પ્રેમ કરું છું...

એ નામ મારા લોહીમાંના રક્તકણની જેમ મારા અસ્તીત્વ માટે જવાબદાર છે.

'ડૅડી'... ખરેખર કેટલો મોટો શબ્દ હોય છે! બોલતાં બોલતાં શ્વાસ ભરાઈ આવે એટલો મોટો કદાચ!

'ડૅડી' શબ્દ નથી... એ છે શબ્દનો અર્થ...'ડૅડી' between the linesનો અર્થ છે.

શું હોય છે આ 'ડૅડી' શબ્દ?...એવું કયું વજન હોય છે, જે જીન્દગી આખી તમને, તમારા સમગ્ર beingને એક અનોખો અર્થ આપ્યા કરે છે, સતત..?

સાવ નાનપણમાં મારા વાળમાંથી રેશમી રીબીનો ખોલી, એક પછી એક હેરપીન કાઢી, વાળ છુટા કરી, માથામાં ધીરેધીરે હાથ ફેરવતા મને જાતે બનાવી ચઢાવીને પરીઓની વાર્તા કહેતા ડૅડીને હું પુછતી કે પરીને ચશ્માં હોય છે? અને ડૅડી પરીને ચશ્માં પહેરાવી દેતા, કારણ કે મમ્મી પણ ચશ્માં પહેરતી! અને એ પછી એમની લખેલી વાર્તાઓ, નવલકથાઓનાં ચૅપ્ટર્સ રોજ રાતે મેં સાંભળ્યાં છે...

આજે હું પણ મારા ડૅડીની જેમ પાંચ–છ ભાષાઓ જાણું છું– એનો સંપુર્ણ યશ એમને છે. એમણે મને શીખવ્યું ભાષાને પ્રેમ કરતાં... ડૅડી મારું ઘડતર છે! જો કે ડૅડી અને ચંદ્રકાંત બક્ષી એમ બે સાવ જુદી વ્યક્તીઓ પણ મેં જોઈ છે... ડૅડી... એક perfectionist ... એક ક્રીયેટીવ સોલ્જર!

ડૅડી, આજે જીન્દગી ખુશનુમા બની ચુકી છે ત્યારે આપણે સાથે જ છીએ ને? મમ્મી ભલે શરીર સ્વરુપે હાજર નથી; પણ હું તો તમને બંનેને સાથે જ જોઉં છું… કારણ કે જીવનનાં તમામ સુખદુ:ખ આપણે આપણા ત્રણ માણસોના નાના ટાઈટ પરીવારમાં સાથે સાથે ભોગવ્યાં છે..માણ્યાં છે!

૪૭ વર્ષમાં લગ્નજીવનમાં તમે અને મમ્મી તો સતત સાથે જ રહ્યાં–હમેશાં, સુવર્ણમુદ્રાની બે બાજુઓની જેમ.

યાદ છે, મમ્મી હમેશાં મને કહેતી કે તું હંમેશાં તારા ડૅડીને જ સપોર્ટ કરે છે! પણ કદાચ એ જાણતી જ હશે કે છેવટે તો હું ડૅડી થ્રુ એને જ સપોર્ટ કરું છું! ખરું ને ડૅડી?

મને કોઈ તો કહી બતાવે કે વૃક્ષ સાચું કે એનું મુળ સાચું?

બસ! મારા માટે મારું વૃક્ષ અને મુળ એ મારાં ડૅડી અને મમ્મી છે… એકબીજાના જ પર્યાય!

….પરીવાર માટે જવાબદારી, દોસ્તો માટે વફાદારી અને ખુદ માટે ખુદ્દારી!

ડૅડીને મેં ડમ્બેલ્સ અને બારબેલ્સ લઈને આદમકદ આયના સામે વ્યાયામ કરતા જોયા છે…

એમના શરીરસૌષ્ઠવ પ્રત્યેની મર્દાના જીદ્દને જોઈ છે, અને એવી જ મર્દાના કલમ પર ન્યોચ્છાવર થતી આખી પેઢીને પણ જોઈ છે.

ડૅડીનો આવો તેજતર્રાર મીજાજ જીન્સમાં કેટલો અનાયાસ વણાઈ ગયો છે કે, બીલકુલ એમની માફક, હું પણ તકલીફના સમયે મારું શ્રેષ્ઠતમ પ્રદાન કરું છું!

ડૅડી હંમેશાં કહે કે : Never escape from the crisis... face it and today I operate my best during the crisis.

ડૅડીએ કહેલું, 'જીવન જેવી મોંઘી મીરાતને આપણે બક્ષીઓ સલામતી જેવી સસ્તી ચીજ માટે ગીરવે ન મુકી શકીએ.' ડૅડી શીખવે છે – Live dangerously!

....મારાં દાદીમા અને માનાં મૃત્યુ સીવાય ડૅડીની આંખો ભીની થતાં મેં કદી નથી જોઈ; પણ એમની લાગણી સદાય લીલીછમ્મ.

વૃક્ષના થડની કઠોર દેખાતી છાલ પણ એનાં મુળીયાંને કારણે અંદરથી તો ભીની જ રહેતી હશે ને!

ડૅડી આપણું વૃક્ષત્વ અને તેની ભીનાશ હોય છે.

અને ડૅડી અંગત મીત્ર હોય છે.

....ગોવાની હોટેલમાં પહેલીવાર બીયર એમની સાથે પીધો છે... એમની સાથે કલકત્તાની રેસમાં પહેલીવાર ગઈ છું... એટલાન્ટીક સીટીના કેસીનોમાં જુગાર રમી છું–જ્યાં હું જીતતી હતી અને ડૅડી હારતા રહ્યા હતા...

લંડનના સોહોમાં, પેરીસના પીગલમાં, ન્યુ યોર્કની ફોર્ટી સેકન્ડ સ્ટ્રીટમાં અમે સાથે પૈદલ ફર્યાં છીએ...

ફાધર અને ડૉટર– ટુગેધર!

ડૅડીએ દુનીયા ખોલી આપી છે, મારા માટે, અને તે છતાં એ જ ડૅડીએ મને શીખવ્યું કે, દુનીયામાં ડૅડી અને મમ્મી સીવાયના પણ માણસો છે અને દુનીયા સારા અને ખરાબ બધા જ પ્રકારના માણસોની બનેલી છે. એમણે મને ચોપસ્ટીકથી ચાઈનીઝ ખાતાં શીખવ્યું... ટાઈની નોટ બાંધતાં શીખવ્યું... બીયર અને વાઈનનો ફરક સમજાવ્યો... વર્લ્ડ લીટરેચરની સૈર કરાવતાં કરાવતાં વાચન રોપ્યું... ક્રાઈસીસના સમયમાં કરેજની મહાનતા સમજાવી... ક્યારેય તુટી ન શકવાની જીદ્દનાં બીજ વાવ્યાં... ગુજરાતથી દુર રહીને પણ ઈઝરાયલના જ્યુઝની જેમ ગુજરાતને પ્રેમ કરતાં શીખવ્યું... ઈમાનદારી અને ખુદ્દારીના પાઠ શીખવ્યા... પૈસો ફેંકતાં શીખવ્યું... અને દીલદારીને ગળે લગાવતાં શીખવ્યું.

હા–

‘ડૅડી’ એ શબ્દ છે જેણે મને કહ્યું કે,

'સરસ સંગીન જીવવું... એનાથી વધીને કોઈ કલા નથી, કોઈ સાહીત્ય નથી!'

કલા એ ફક્ત પરફોર્મ કરવાની વસ્તુ નથી... એને જીવી પણ શકાય...

આવું વજન હોય છે – 'ડૅડી' શબ્દનું!

આ ચંદ્રકાંત બક્ષી છે...

મારા 'ડૅડી'...

નામ નહીં–પણ સર્વનામ!

–રીવા બક્ષી

તા. ૨ એપ્રીલ ૨૦૦૬ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની 'મહેફીલ' નામક રવીવારીય પુર્તીમાંથી અને તા. ૧ એપ્રીલના 'ચીત્રલેખા'માંથી થોડા ઉમેરણ સાથે સાભાર...

@

046 : 23-04-2006

# મારાં દાદી

–બળવંત પટેલ

અનુક્રમણીકા

દાદી સાથે જઈએ બજાર,
માંડ કલાકે આવે પાર!
પ્હેલાં જાવું શાકબજાર,
ઢગલે ઢગલે ફરે નજર.

સારુંનરસું પાકી ખબર,
જાણે એમને આંખો ચાર.
પાકા કરે ભાવતાલ,
અડધા દામે માગે માલ.

કીમતકોઠો કરવા પસાર,
રકઝક ચાલે ઝાઝી વાર,
બે વાર કરાવે તોલ,
ના ચાલે કંઈ પોલંપોલ.

થતી અમને ઝાઝી વાર,

થેલીઓ બધી શાકે ચીક્કાર.
પકડાવે મનેય થેલી,
એમનાયે હાથ ના ખાલી,

પછી લૈ જાય ચોકલેટ હાટ,
કહેતાં, કેવી મોંઘીદાટ!
પણ દાદીમા આમ ઉદાર,
ચોકલેટે ખીસું કરે ચીક્કાર.

## મારા દાદા

દાદા મારા ભુલકણા,
એવા તો એ ભુલકણા;
જ્યારે જ્યારે જાય પ્રવાસ,
ભુલી આવે બીસ્તર–બેગ.

ચશ્માં મુકે પહેરણ–ખીસ્સે,
ખોળે ઘરને ખુણે ખુણે.
આઘા થાય, પાછા થાય,
‘ચશ્માં ચશ્માં’ બોલતા જાય!

શોધ્યા કરે ચારે પાસ,

ખીસ્સું બતાવું થાયે ખુશ.

રોજ પુછે બેત્રણ વાર :

‘આજે થયો કયો વાર?’

રવીવાર ના રહેતો યાદ,

પુછે કેમ ન ગયો નીશાળ?

દાદા આવા ભુલકણા,

બીજી પણ ના કોઈ મણા!

–બળવન્ત પટેલ

Plot 253/1, Sector 7/A, GANDHINAGAR -382 007
eMail : patel.balvant@gmail.com
Home : ( 079 ) 2324 6209 Mobile : 990 971 8403

@

047 : 30-04-2006

# બે અઘરા શબ્દો : ખોટું અને ખરાબ

–ચન્દ્રકાંત બક્ષી

અનુક્રમણીકા

બે ગુજરાતી શબ્દો વીદ્વાનોને પણ તકલીફ આપી રહ્યા છે. વ્યાખ્યાઓની બહાર છટકી જાય છે. દ્વી–અર્થીથી ત્રી–અર્થીથી અનેકાર્થી બની જાય છે. અને આ બે શબ્દો આપણે આ પૃથ્વી પર તદ્દન નગ્ન જનમ્યા ત્યારથી આપણી સામે આવીને ઉભા રહી ગયા છે. ભગવાન બુદ્ધ, ગાંધીજી , મુરારીદાસ હરીયાણી, તમે , હું આપણે બધા જ જનમ્યા ત્યારે માતાના ગર્ભાશયમાંથી બહાર પ્રસવરુપે પ્રકટ થયા ત્યારે તદ્દન નાગા હતા. કોઈ કપડાં પહેરીને જનમ્યું નથી. સ્ત્રીને જન્મજાત નફરત કરનારા ચુસ્ત ધાર્મીકોનો પૃથ્વી પરનો પહેલો સંપર્ક માતા નામની સ્ત્રીના સ્તનના પોષક સ્પર્શનો હતો. જે સ્ત્રીના ગર્ભાશયમાં મારું જીવન ધબકતું શરુ થયું, જેના શરીરના અંદરના રક્તથી મારું નવ મહીના પોષણ થયું એ માતાને માત્ર ‘સ્ત્રી’ સમજીને એનાથી દુર ભાગી જવું એ વાસના કરતાં પણ જઘન્ય દુર્ભાવ છે. પોતાની માતાને પણ વાસનામુર્તી તરીકે જોઈ શકનાર મનુષ્ય આ પૃથ્વી પર છે? અને પોતાની જ જન્મદાતા માતાને જોઈને મોઢું ફેરવી લેનાર બદનસીબ કે

કમજાત પુત્ર આ પૃથ્વી પર હશે? ખેર, આપણા જ્ઞાનની જેમ આપણું અજ્ઞાન પણ અમુક ક્ષેત્રોમાં સીમાઓમાં આબદ્ધ કે અંકીત થઈ જતું હોય છે.

એ બે શબ્દો છે : ખોટું અને ખરાબ! ખોટાના વીરોધી શબ્દ તરીકે આપણે ‘સાચું’ પસંદ કર્યો છે જે સંપુર્ણતઃ વીરોધી નથી. વધારે નીકટવર્તી વીરોધી ‘ન્યાય્ય’ થાય. ખરાબનો વીરોધી શબ્દ છેઃ સારું! આપણે જીવનમાં સાચા અને સારા થવું જોઈએ એ દરેક ધર્મનો આદેશ કે દરેક મઝહબની હીદાયત છે. ખોટું એટલે બૅડ અને એક જરા વીચીત્ર વ્યાખ્યા છે : ‘દરેક ખોટી વસ્તુ ખરાબ હોય છે; પણ દરેક ખરાબ વસ્તુ ખોટી જ હોય એ જરુરી છે?’ અહીં ગાંધીજી અને લેનીનની વીચારસરણીઓનો ટકરાવ છે. ગાંધીજી માનતા હતા કે સ્વચ્છ ધ્યેય માટે એ ધ્યેયપ્રાપ્તીનાં માર્ગો કે સાધનો પણ સાચાં હોવાં જોઈએ. અશુદ્ધ સાધનો દ્વારા શુદ્ધી પ્રાપ્ત થતી નથી. લેનીનનું કથન હતું કે ‘એન્ડ્ઝ સેંક્ટીફાય મીન્સ’, એટલે કે સીદ્ધી જો ઉચીત કે પવીત્ર હોય તો એની પ્રાપ્તી માટેના માર્ગો અનુચીત કે અપવીત્ર હોય તો ક્ષમ્ય છે, વાંધો નથી. એન્ડ્ઝ એટલે અને મીન્સ એટલે માર્ગો. એન્ડ્ઝ જ મહત્ત્વના છે. જો ઉદ્દેશ્ય બહુજન લોકોના લાભાર્થે હોય તો હીંસા કરવામાં દોષ નથી, એવું લેનીનનું મંતવ્ય હતું. હીંસા થઈ માટે ગાંધીજીએ ચૌરીચૌરા(બીહાર)નું પુરું આંદોલન અટકાવી દીધું હતું. ખોટાની પાછળ નૈતીક ભાવ

છે, ખરાબમાં કાનુન સંકળાયેલો છે. ખોટા અને ખરાબને સખત, જડ વ્યાખ્યાઓમાં ફીટ કરવા કઠીન છે; પણ ખોટાનો સ્વભાવ ઓબ્જેક્ટીવ કે આત્મકેન્દ્રી છે. ઈતીહાસ એક ક્રુર શીક્ષક છે. ઈતીહાસ પાસે સારા અને ખરાબ, કે સાચા અને ખોટા જેવાં ત્રાજવાં નથી. ઈતીહાસ અંતતઃ પરીણામલક્ષી હોય છે અને મુલ્યાંકનમાં તટસ્થતા હોવી જરૂરી નથી! અંગ્રેજ હોકીન્સ સુરત આવ્યો અને એને કોઠી શરુ કરવી હતી, મુઘલપાદશાહ પાસેથી ધંધો કરવા માટે પરવાનો જોઈતો હતો. બેશુમાર પ્રયત્નો કર્યા પણ પાદશાહને ખુશ કરવાનો મોકો નસીબ થતો ન હતો. એકવાર મદ્યપાનની મહેફીલ હતી અને હોકીન્સે એટલો બધો શરાબ પીધો કે મદ્યપાનનો શોખીન પાદશાહ જહાંગીર ખુશ થઈ ગયો. અને અંગ્રેજ ઈસ્ટ ઈંડીયા કંપનીને હીંદુસ્તાનમાં કોઠી સ્થાપવા અને ધંધો કરવા માટે અનુમતી મળી ગઈ! એ ઈસ્ટ ઈંડીયા કંપનીની ભારતની ધરતી પર શરુઆત હતી. શરાબ પીવો અને ખુબ શરાબ પીવો એ સારું નથી, ખરાબ છે; પણ ખોટું છે? દરેક ખોટી વસ્તુ ખરાબ હોય છે; પણ હોકીન્સે મુઘલ પાદશાહ જહાંગીરને ખુશ કરીને પરવાનો મેળવી લીધો એ ખોટું હતું? અહીં ખોટું અને ખરાબ શબ્દો એકબીજામાં ઓગળી જાય છે. વ્યક્તીગત ખરાબ કદાચ સામુહીક ખોટું ન પણ હોઈ શકે! આંતરરાષ્ટ્રીય કક્ષાની રાજનીતી કે અર્થનીતીમાં આજે પણ ‘ખરાબ’ વસ્તુઓથી દોસ્તાના થાય છે, અને સરકાર તથા

પ્રગતીના રાજમાર્ગો ઉભય પક્ષ માટે ખુલી જતા હોય છે. ૧૯૭૧ના યુદ્ધ પછી સેનાધ્યક્ષ (ફીલ્ડ માર્શલ) સેમ માણેકશા ઈસ્લામાબાદમાં જનરલ ટીકાખાનને મળી આવ્યા હતા અને ટીકાખાન પાકીસ્તાનના સરનશીન થશે એવી વાતો હવામાં હતી. મેં પ્રશ્ન પુછ્યો હતો : સર, અમેરીકા હંમેશાં પાકીસ્તાનની જ તરફદારી શા માટે કરે છે, એ ખોટા છે અને આપણે સાચા છીએ તો પણ? ત્યાં તાનાશાહી છે, અને આપણે ત્યાં લોકશાહી છે, તો પણ? અને અમેરીકા લોકશાહીનો જબરદસ્ત પુરસ્કર્તા દેશ છે, તો પણ? જનરલ માણેકશાએ આપેલી સ્પષ્ટતા રાજનીતીજ્ઞો ચકરાવામાં પડી જાય એવી છે! એમણે કહ્યું : ‘લુક!... વીસ, પચીસ વર્ષો પહેલાં પાકિસ્તાનનાં લશ્કરના જવાન અફસરોને તાલીમ માટે અમેરીકા મોકલ્યા હતા. એ વખતે જવાન પાકીસ્તાની અફસરો અને જવાન અમેરીકન ઓફીસરો દોસ્તો બન્યા. સાથે સાથે બુઝીંગ, ગેમ્બલીંગ, વુમનાઈઝીંગ કર્યું (સ્ત્રીસહવાસ, શરાબપાન, કેસીનોમાં દ્યુતરમત) અને એકબીજાને બીલ–બીલાલ, અને સેમ અને સલીમના ફર્સ્ટ નેમથી બોલાવવા માંડ્યા. બે–અઢી દશકો પછી આ જ જવાન અફસરો પાકીસ્તાન અને અમેરીકાની સેનાઓમાં ઉચ્ચ સ્થાને આવી ગયા. દોસ્તી કાયમ રહી. તરફદારી થવી સ્વાભાવીક હતી!’

એક એવી 'સેલ્ફ–રાઈટ્સ' એટલે કે પોતે જ સાચો છે એવો જડ આગ્રહી જીદ્દી વર્ગ દરેક સમામાં હોય છે જેને પોતાના આગ્રહ–પુર્વગ્રહથી વીપરીત કંઈ પણ એ ખોટું જ લાગે છે. ગુટકા પોતે જ ખાય છે માટે ખરાબ નથી; પણ શરાબ પોતે પીતા નથી માટે ખરાબ છે. દુનીયા પુરી એમના ત્રાજવાનાં પલ્લાંમાં મુકી દેવાય છે અને બીજા પલ્લાંમાં એમની વજનદાર સારાઈ મુકાય છે. એમને માટે એક બંગાળી કહેવત જ ઉપયુક્ત છે : હાથીઘોડા ગેલો તોલ/ મોશા દેખે કોતો જોલ// હાથીઘોડા ડુબીને તળીયે બેસી ગયા છે અને મચ્છરો જોઈ રહ્યા છે કે પાણી કેટલું ઉંડું છે. ખોટા અને ખરાબનો મચ્છરવાદ દરેક સમાજમાં હોય છે... અને પાણીનું ઉંડાણ માપનારા મચ્છરો ક્યારેક બહુમતીમાં પણ આવી જાય છે.

સાધન અને સાધ્ય, માર્ગ અને મંઝીલ, એન્ડઝ એન્ડ મીન્સ, ઉદ્દેશ્ય, ગતી અને ઈતીનાં દ્વંદ્વો નવાં નથી. આજના યુગમાં ભ્રષ્ટતા એક એવો વીષય છે, જે દરેક વ્યક્તીને સંરક્ષણાત્મક ભુમીકામાં મુકી દે છે. તમે ભ્રષ્ટતાના તરફદાર છો? નથી. ભ્રષ્ટતા ખરાબ વસ્તુ છે; પણ દર વખતે ખોટી છે? મારે માટે ભ્રષ્ટતા ખરાબ છે; પણ મારી છે માટે ખોટી નથી. તમારી ભ્રષ્ટતા ખરાબ છે અને ખોટી પણ છે; કારણ કે એ તમારી છે.

મુંબઈ પ્રાંતના ગર્વનર શ્રીપ્રકાશ અને પંડીત નેહરુ આઝાદીના જંગના ઘનીષ્ટ સાથીઓ હતા. એકવાર નેહરુએ ભ્રષ્ટાચારના દૈત્ય વીશે વાત કરી ત્યારે શ્રીપ્રકાશે પોતાની ફીલસુફી સ્પષ્ટ કરી : હું પૈસા લઈશ નહીં; પણ આપીશ નહીં એવું કહી શકતો નથી! પૈસા રીશ્વત રૂપે આપવા પડે છે, લાચાર થઈને, મોહતાજ બનીને. અને ભ્રષ્ટતા ભ્રષ્ટતામાં પણ ફર્ક હોય છે. ગરીબની અને અમીરની ભ્રષ્ટતામાં ફર્ક હોય છે.

હું કેટલો ખોટો છું તે હું નક્કી કરીશ; પણ હું કેટલો ખરાબ છું એ કોણ નક્કી કરશે? પરીવાર, સમાજ, ગામ, સમાચારપત્રો, મીડીયા, દુનીયા? મારે કેટલા ખરાબ થવું(એટલે કે જેમ સ્વજનો, સમાજ ખરાબ ગણે છે) એ નક્કી કરવાનો અધીકાર પણ મારે બીજાની રજાથી લેવાનો છે? અને ખરાબ શબ્દની દરેક મનુષ્યની પોતાની સ્વકેન્દ્રીત વ્યાખ્યા હોય છે. હું જે ક્રીયાને ખરાબ ગણું છું એ ક્રીયા તમારી આંખોમાં બીલકુલ ન્યાય્ય હોઈ શકે છે.

જાન્યુઆરી મહીનો રોમન દેવતા જેનસ પરથી આવ્યો છે. આ જેનસને બે મોઢાં હતાં અને બે વીરોધી દીશાઓમાં હતાં. (જાન્યુઆરી ૨૦૦૬નું એક મોઢું ડીસેમ્બર ૨૦૦૫ તરફ છે, અને બીજું મોઢું ફેબ્રુઆરી ૨૦૦૬ તરફ છે!) કદાચ ખરાબ અને ખોટા જેવા શબ્દો જેનસનાં મોઢાંઓ જેવાં છે અને જેનસનાં બન્ને મોઢાંને જે જોઈ રહ્યાં છે એમાં જુઠ કે છદ્મ નથી, સત્ય બન્ને તરફ

છે! જે મહાત્મા દેહદમન કરીને કૃશ થઈ જાય છે અને જે મહાત્મા પૌષ્ટીક આકાર લઈને હૃષ્ટપુષ્ટ થઈ જાય છે એ બેમાં ખોટું કોણ કરી રહ્યો છે? આ પ્રશ્નનો ઉત્તર મહાત્માઓ જ આપી શકશે...!

ક્લોઝ અપ

મીયાંની ભેંસને ડોબું ન કહેવાય.

–જુની ગુજરાતી કહેવત

–ચન્દ્રકાંત બક્ષી

(જન્મ : ૨૦ ઓગસ્ટ ૧૯૩૨ ::: અવસાન : ૨૫ માર્ચ ૨૦૦૬)

૧૨ માર્ચ ૨૦૦૬ના, ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકની રવીવારીય પુર્તી ‘રસરંગ’માંથી સાભાર..

@

048 : 07-05-2006

# એલોપથીને અમથી વગોવશો નહીં

## બધી ચીકીત્સાપદ્ધતીઓમાં કશુંકઅનોખું હોય છે

–ગુણવંત શાહ

અનુક્રમણીકા

દલાઈ લામાના મુખ્ય ડૉક્ટર યોશે દોન્દેને સ્વાસ્થ્યની મૌલીક વ્યાખ્યા આપી છે. માણસ એટલે માઈક્રોકૉઝમ અથવા પીંડ. વીશ્વ એટલે મેક્રોકૉઝમ અથવા બ્રહ્માંડ. ડૉક્ટર દોન્દેન કહે છે : ‘પીંડ અને બ્રહ્માંડ વચ્ચેનો યોગ્ય સંબંધ એ જ આરોગ્ય અને એ સંબંધ ખોટકાઈ પડે તેનું જ નામ રોગ.’ ભારતમાં સદીઓથી પ્રચલીત સુત્ર છે : ‘પીંડે તે બ્રહ્માંડે.’ પ્રત્યેક માણસને તંદુરસ્ત રહેવાનું ગમે છે. રોગ કોઈને ગમતો નથી. નીરોગી રહેવા માટે શું કરવું? માંડીને વાત કરીએ.

લોકો જેને દવા કહે છે તેનો ઈતીહાસ રસ પડે તેવો છે. ઈ.સ. પુર્વે ૨૦૦૦ના વર્ષમાં ઉદ્ગાર હતો : ‘અલ્યા સાંભળ! આ મુળીયું ખાઈ જા.’ ઈ.સ. ૧૦૦૦ના વર્ષમાં અભદ્ર આદીવાસીને કહેવામાં આવેલા શબ્દો હતા : ‘અલ્યા સાંભળ! આ મંત્ર બોલવા માંડ.’ ઈ. સ. ૧૮૫૦માં માણસને કહેવામાં આવ્યું : પ્રાર્થના કે મંત્ર તો વહેમ છે. અલ્યા સાંભળ! આ દવા પી લે.’ ઈ.સ.

૧૯૪૦માં માણસને કાને શબ્દો અથડાયા : ‘એ દવામાં તો સાપનું ઝેર છે. અલ્યા સાંભળ! આ ગોળી ગળી જા.’ ઈ.સ. ૧૯૮૫માં માણસને ચેતવવામાં આવ્યો : ‘એ ગોળી અસરકારક નથી. અલ્યા સાંભળ! આ ઍન્ટીબાયોટીક લેવાનું રાખ.’ ઈ.સ. ૨૦૦૦ના વર્ષમાં માણસને ડરાવવામાં આવ્યો : ‘એ ઍન્ટીબાયોટીકની પ્રતીક્રીયા જબરી છે. અલ્યા સાંભળ : આ હર્બલ દવા મુળીયાંમાંથી બની છે તે સારી રહેશે.’ ચાર હજાર વર્ષોનો આ ચકરાવો મુળીયાંથી શરુ થયોને મુળીયાંમાં પુરો થયો.

લોકો ઍલોપથીને ગાળો ભાંડતા જાય છે અને ઍલોપથીની જ સારવાર લેતા જાય છે. ફ્લર્ટીંગ કરતી વખતે માણસ બ્રહ્મચર્યની પ્રશંસા કરતો રહે તેવી વીચીત્ર આ વાત છે. કુદરતી ઉપચાર કેન્દ્રના સંનીષ્ઠ સંચાલક ધુંટણના દુખાવાથી પીડાતા હતા. ઑપરેશન દ્વારા ‘ની– રીપ્લેસ્મેન્ટ’ કરાવ્યું. પછી તેઓ સડસડાટ ચાલતા થયા. આવો જાદુ આયુર્વેદ કે હોમીયોપથી ન જ કરી શકે. ઝેરી મલેરીયા થાય ત્યારે સુદર્શન ચુર્ણ કામ ન લાગે. ઍલોપથી પાસે માઈક્રોસ્કોપ છે, ઍલોપથી પાસે બ્લડ પ્રેશર માપવાનું સાધન છે, એક્સ–રે છે, કાર્ડીયોગ્રામ છે, સ્થેટોસ્કોપ છે, કૃત્રીમ શ્વાસોચ્છ્વાસની તકનીક છે, ડાયાલીસીસ માટેનું મશીન છે, હૃદયમાં મુકી શકાય તેવો વાલ્વ છે અને બ્લડ ટેસ્ટ કરવા માટેની લેબૉરેટરી છે. ઍલોપથી પાસે તત્કાળ

રાહત આપનારી પેઈન કીલરની ગોળીઓ છે. ઑપરેશન માટે ક્લોરોફોર્મ અને લોકલ એનેસ્થેટીક માટેનું ઈન્જેક્શન છે. ઍલોપથીની દવા બજારમાં મુકાય તે પહેલાં વૈજ્ઞાનીક પ્રયોગોમાંથી પસાર થયેલી હોય છે, આમ છતાં બજારનાં બધાં દુષણોથી અને અવળી પ્રતીક્રીયાઓથી લથપથ એવી ઘણી દવાઓ ભોળા દરદીઓને ડૉક્ટર પધરાવતા જ રહે છે. પરીણામે હારેલા–થાકેલા લોકો અન્ય ચીકીત્સાપદ્ધતીઓ તરફ વળે છે. એમને બાબા રામદેવની વાતોમાં શ્રદ્ધા બેસે છે અને એ શ્રદ્ધા ખોટી પણ નથી. કુદરતી ઉપચાર કે આયુર્વેદ જીવવાની રીત છે, જીવનશૈલી છે. બધી ચીત્સાપદ્ધતીઓમાં કશુંક અનોખું હોય છે.

આયુર્વેદ પાસે સદીઓનું સંગ્રહીત ચીકીત્સા વીજ્ઞાન છે અને હરડે, ઈસબગુલ, હળદર અને લીમડા જેવી અસંખ્ય અસરકારક ઔષધીઓના ઉપચારોનો ખજાનો છે. પશ્ચીમમાં આયુર્વેદની બોલબાલા વધતી જ જાય છે. અરડુસીમાંથી ગ્લાયકોડીન બને છે. વીલો નામના વૃક્ષની છાલમાંથી એસ્પીરીન બને છે. હૃદયરોગ માટે સાદળનાં પાવડરમાંથી બનતું ઔષધ અર્જુનારીષ્ટ અકસીર સાબીત થયું છે. સીંકોન (ક્વીનીન) નામની વનસ્પતીમાંથી બનતી દવા ક્લીનીડીન હૃદયના ધબકારાને સખણા રાખવા માટે ઉપકારક છે. એ જ રીતે ડીજીટાલીસ કોર્પોરા (ધંતુરા)માંથી બનતી ડીકોક્સીનની

ગોળી હૃદયની પમ્પીંગ ક્રીયા માટે અકસીર ગણાય છે. આ યાદી લાંબી થવા જાય છે. આયુર્વેદનું ભવીષ્ય એના ભુતકાળ જેટલું જ ઉજ્જવળ છે. આમ છતાં હૃદયરોગનો હુમલો થાય ત્યારે આયુર્વેદાચાર્યોને પણ આઈ.સી.સી.યુ.માં દાખલ થવું પડે છે. કેન્સરનું નીદાન થાય પછી વૈદરાજ પાસે ન જવાય. મોરારજી દેસાઈ શીવામ્બુના ઉપચાર માટે વધારે પડતા ઉત્સાહી હતા અને એનાથી કેન્સર પણ મટે એવો દાવો કરતા હતા. એ દાવો સાવ પોકળ હતો. જેને લોકો ઓલ્ટરનેટીવ મેડીસીન કહે છે તે અંગે અતીશયોક્તીભર્યા દાવા કરવાનું બહુ ચાલ્યું છે. એમાં શ્રદ્ધા ધરાવનાર લોકો કોઈ પણ જાતની વૈજ્ઞાનીક સમજણ વીના ઍલોપથીને વગોવતા રહે છે. દાક્તરી ક્ષેત્રમાં અંધશ્રદ્ધાનો કોઈ પાર નથી. એક્યુપ્રેશર કરી આપનાર પોતાને ડૉક્ટર ગણાવે એમાં જોખમ રહેલું છે. એ જ રીતે કુદરતી ઉપચાર પદ્ધતીની પુરતી તાલીમ લીધા વીના દરદીઓને સારવાર આપવામાં, 'નીમહકીમ, ખતરેમેં જાન' જેવું રોકડું જોખમ છે. હોમીયોપથીની દવા પણ ક્યારેક અકસીર સાબીત થતી સાંભળી છે; પરંતુ ટાઈફૉઈડ થયો હોય ત્યારે બ્લડ ચેક કરાવીને ઍલોપથીની દવા લેવી સારી! માનવજાતી પર ઍલોપથીના ઉપકારો અનંત છે.

આયુર્વેદ, યુનાની, હોમીયોપથી, નેચરોપથી અને તીબેટી ચીકીત્સા પદ્ધતીના ડૉક્ટરોએ પણ હવે સ્થેટોસ્કોપ,

બ્લડપ્રેશરયંત્ર, બ્લડટેસ્ટનાં પરીણામો અને એક્સ–રે તથા કાર્ડીયોગ્રામ દ્વારા થયેલાં પરીક્ષણોનો સ્વીકાર કરી લેવો રહ્યો. લોકોએ એલોપથીની દવાઓ સંકટ સમયની સાંકળ તરીકે ન છુટકે જ લેવી જોઈએ. વાતે વાતે ગોળીઓ ગળવાનું ટાળવું જોઈએ. જે ડૉક્ટર પાસે સ્મીત ન હોય અને દરદી માટે બે હુંફાળા શબ્દ ન હોય તેને ત્યાં જવામાં માલ નથી. સારવાર કેવળ શરીર નથી માગતું; મન પણ માગે છે. હૉસ્પીટલમાં જવું જ ન પડે તે રીતે જીવવું; પરંતુ જવું પડે ત્યારે એ હૉસ્પીટલ એટલી તો સ્વચ્છ, સુઘડ અને સુંદર હોવી જોઈએ કે દરદી પ્રસન્નતા પામે.

ફ્રાંસનો ક્રાંતીપુરુષ વૉલ્ટેર કહે છે : 'જ્યારે કુદરત રોગને દુર કરી રહી હોય ત્યારે દવા ખાવાની કળા દરદીને મોજમાં રાખનારી છે.' ભ્રષ્ટાચારમાં આળોટતા કેટલાય ડૉક્ટરોએ ધોળે દહાડે લુંટવામાં કંઈ બાકી નથી રાખ્યું. પ્રામાણીક ડૉક્ટરને અડધો સંત જાણવો. પ્રસન્ન નર્સને અડધી સાધ્વી જાણવી. આઈન્સ્ટાઈન કહે છે : 'બે તત્વો કુદરતમાં કોમન છે : એક છે હાઈડ્રોજન અને બીજું તત્ત્વ તે મુર્ખતા' ભારતમાં દરદીઓની મુર્ખતા અનંત છે. બાકી આપણા બે પગ આપણા બે ડૉક્ટરો છે. નીયમીત કસરત એ જ આપણા હેલ્થ ઈન્સ્યોરન્સનું પ્રીમીયમ છે. મનની શાંતી માટે ધ્યાન કરવું એ જ તાણગૌરીથી બચવાનો ખરો ઉપાય છે. રોગનું ચડી વાગે

ત્યારે ઍન્ટીબાયોટીક દવા લેવામાં અપરાધભાવ રાખવાની જરૂર નથી. વારંવાર ડૉક્ટરને ત્યાં જવું પડે એ અધુરા જીવનની નીશાની છે. બાબા રામદેવની શીખામણ શાણી છે. આયુર્વેદને આપણે ત્યાં ઉપવેદ કહ્યો છે.

પ્રત્યેક વૃદ્ધ વ્યક્તીએ સંતાનોને કહી રાખવું જોઈએ કે અંતકાળ નજીક જણાય ત્યારે પ્રાર્થનામંત્રોની કેસેટ ચાલુ કરવી. તે ક્ષણે એલ.એસ.ડી. જેવી ગોળી ગળી અધ્ધરતાની અનુભુતી કરવામાં કશું ખોટું નથી. સંતાનોને કહી રાખવું કે નાકમાંથી ઑક્સીજનની નળી કાઢી લેવી અને ચક્ષુદાન અને શક્ય હોય તો કીડનીદાન કરવાનો આગ્રહ રાખવો. સંતાનોએ મરણોન્મુખ માતા કે પીતાને પ્રણામપુર્વક કહેવું કે :'હે જીવ! રામજીનું રૉકેટયાન તમારે માટે તૈયાર છે. તમારી અવકાશયાત્રા હવે શરુ થવાની તૈયારીમાં છે. તમને શાશ્વત શાંતી પ્રાપ્ત થાઓ.' વીદાય પ્રાર્થનાયુક્ત હોય તેથી રુડું શું?

કોઈ કલાકાર પોતાની કલાકૃતી પુર્ણ કરતી વખતે જે પ્રસન્નતા પામે તેવી પ્રસન્નતા સાથે વીદાય થવા માટે પ્રત્યેક દીવસને માંજીને સ્વચ્છ અને ચળકતો કરવો રહ્યો. સમય વેડફે તે માણસ જીવન વેડફે છે. આ કંઈ ઍલોપથી, હોમીયોપથી કે નેચરોપથીની વાત નથી. આ તો 'જીવનપથી'ની વાત છે. જીવન ઉત્સવ બને તો મૃત્યુ મહોત્સવ બને.

–ગુણવંત શાહ

૧૬ એપ્રીલ ૨૦૦૬ના ‘સંદેશ’ દૈનીકની સાપ્તાહીક રવીવારીય પુર્તી ‘સંસ્કાર’માંથી સાભાર...

સમ્પર્ક : ‘ટહુકો’, 139–વીનાયક સોસાયટી, જે. પી. રોડ, વડોદરા–390020

Blog : http://gunvantshah.wordpress.com/

@

049 : 14-05-2006

# ચાણક્ય અને ચાર્વાક

–ચન્દ્રકાન્ત બક્ષી

અનુક્રમણીકા

હીન્દુ વીચારધારામાં વીરોધને સમ્પુર્ણ અવકાશ છે. તર્કની સામે પ્રતીતર્ક કે વીતર્ક, વાદની સામે પ્રતીવાદ, સાદની સામે પ્રતીસાદ, પક્ષની સામે વીપક્ષ, સંકલ્પની સામે વીકલ્પ, જેવા શબ્દો છે. માતાનો વીરોધી શબ્દ કુમાતા કે પુરુષનો વીરોધી શબ્દ કાપુરુષ કદાચ સંસ્કૃત સીવાય અન્ય પ્રમુખ ભાષાઓમાં આયાસ કરીને શોધવા પડે. આપણી સંસ્કૃતી માટે અપસંસ્કૃતી શબ્દ આપણે વાપરતા નથી. તર્કની સામે વીતર્ક કરનારને પણ આપણે સ્થાન આપ્યું છે અને એ જ આપણી શક્તી પણ છે અને અશક્તી પણ છે. ઈસ્લામમાં કુરાનની ખીલાફ કંઈ નથી, કંઈ થઈ શકે નહીં. કેથલીક વીચારધારા એટલી જ જલદ છે. સ્પેનમાં ૭૦૦ વર્ષો સુધી મુળ આરબોએ રાજ કર્યું; પણ સ્પેનમાંથી મુસ્લીમોને કાઢી મુકાયા; કારણ કે કેથલીક ધર્મ પણ સખત કટ્ટર હતો. પુરા દક્ષીણ અમેરીકાની પ્રજા લગભગ કેથલીક છે, સ્પેનીશભાષી છે; (માત્ર બ્રાઝીલ પોર્ટુગીઝ બોલે છે) પણ ત્યાં એ પુરા ખંડમાં, મુસ્લીમો નથી! પશ્ચીમ અને ભારતવર્ષના ફરક વીશે એક વાર મારે

ઈતીહાસકાર ડૉ. મોરાએસ સાથે ચર્ચા થતી હતી. મેં કહ્યું કે જોન ઓફ આર્કથી જ્યોર્ડાનો બ્રુનો સુધી, એ પહેલાં અને પછી પણ હજારો માણસોને પશ્ચીમે વીરોધ, વીતર્કી વીચારધારા માટે જીવતા સળગાવી મુક્યા છે. (એક કીસ્સામાં લોહી ન પડવું જોઈએ એ 'દયાભાવ' રાખીને એ ચીન્તકને જીવતો સળગાવ્યો હતો! એ વખતે સ્પેનમાં ઈન્ક્વીઝીશન ચાલતું હતું.) હીન્દુઓએ વીતર્ક માટે કોઈને જીવતો સળગાવ્યો હોય એવું ઈતીહાસમાં પ્રમાણ મળતું નથી. પછી ઈતીહાસકાર ડૉ. એલ. બી. કેણી સાથે આ વાત કરતો હતો ત્યારે ડૉ. કેણીએ કહ્યું કે આપણે ત્યાં ચાર્વાકને જીવતો સળગાવ્યો હતો એવી કથા છે! ચીન્તક ચાર્વાક હીન્દુ પારમ્પરીક વીચારધારાથી બીલકુલ વીરોધી વીચારો ધરાવતો હતો. એના વીશે ચુપ રહેવાનું ષડ્યંત્ર આપણા આધ્યાત્મીકોએ સદીઓથી અપનાવેલું છે. ચાણક્ય બીજો એક ચીન્તક હતો; પણ  તેની વીરોધીતા જરા નમ્ર પ્રકારની હતી, ચાર્વાક જેટલી ઉદ્દીપક ન હતી. ચાણક્યનાં ઘણાં કથનો આપણી પ્રણાલીકા માટે ખંડનાત્મક હતાં. આપણે ખંડનના નહીં; પણ મંડનના સંસ્કાર શીખ્યા છીએ અથવા આપણને પાવામાં આવ્યા છે. ચાણક્યને પ્રમાણમાં ઓછો અન્યાય થયો છે, ચાર્વાકને સમ્પુર્ણ અન્યાય કરવામાં આવ્યો છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને પુરી ગીતા સંભળાવ્યા પછી કહે છે કે, ‘‘મેં તને ગુહ્યથી ગુહ્યતમ વાતો

સમજાવી છે; પણ હવે તને યોગ્ય લાગે એમ જ કર(યથેચ્છસી કુરુ).'' અન્ય ધર્મોમાં આ પ્રકારનું વ્યક્તીસ્વાતન્ત્ર્ય ઓછું અથવા નહીંવત્ જોવા મળે છે. આપણા ધર્મગ્રન્થો હમ્મેશાં નીર્વીકલ્પ સત્ય જ કહેતાં હોય એવી ધર્માચાર્યોની પ્રસ્તુતી હોય છે. એમાં ક્યારેક અપવાદ સ્વરુપ વીધાનો પણ મળતાં રહે છે, જે વીતર્કના પ્રાન્તમાં આવે છે. ચાણક્ય કહે છે કે : 'જેને પોતાની બુદ્ધી નથી, એને શાસ્ત્ર પણ શું કરી શકે (તસ્ય નાસ્તી સ્વયમ્ પ્રજ્ઞા શાસ્ત્રમ્ તસ્ય કરોતી કીમ્)?' સન ૬૦૦ની આસપાસ ધર્મકીર્તી નામક દાર્શનીક થઈ ગયા, એમનો એક શ્લોક મહાપંડીત રાહુલ સાંકૃત્યાયને એમના પુસ્તક 'દોર્જેલીંગ પરીચય'માં મુક્યો છે : 'વેદને અથવા કોઈ ગ્રન્થને પ્રમાણ માનવો, કોઈ ઈશ્વરને જગતનો સર્જનહાર માનવો, સ્નાનને ધર્મ માનવો, જાતીભેદને માનવો અને પાપમાંથી મુક્તી માટે ઉપવાસ આદી કરવા એ અક્કલ વગરના લોકોની જડતાનાં પાંચ લક્ષણો છે.' જ્યાં સ્ત્રીઓનો આદર થતો હોય ત્યાં દેવતાઓનો નીવાસ હોય છે, એવું મનુસ્મૃતીમાં લખ્યું છે; પણ ચાણક્યનીતી કહે છે છળ તો સ્ત્રીઓ પાસેથી જ શીખવું (સ્ત્રીભ્ય: શીક્ષેત્ કૈવતમ્). સંસ્કૃત સુભાષીતો ક્યારેક યથાર્થવાદી બની જતાં હોય છે. દૃષ્ટાન્ત રુપે : 'દૈન્યે, વીસ્મૃતીભોજન:' એટલે કે દુ:ખી હાલત આવી પડતાં; જે ખાવું–પીવું ભુલી જાય છે એ મુર્ખ છે...

ચાણક્યનીતીના કેટલાય શ્લોકો પ્રવાત બની ગયા છે અને સામાન્ય સ્વીકૃત જનમાન્ય સત્યથી વીપરીત છે. ચાણક્ય કહે છે : 'કુળના બચાવને માટે એકને, ગામના બચાવને માટે કુળને, દેશના બચાવને માટે ગામને અને પોતાના બચાવને માટે પૃથ્વીને પણ જરુર પડે તો ત્યજી દેવાં. વીદ્યાથી શોભતો હોય એવા દુર્જનનો પણ ત્યાગ કરવો; કારણ કે મણીથી શોભતો નાગ ભયંકર નથી?... લોભીયાને ધનથી, અક્કડને હાથ જોડીને, મુર્ખને તેની મરજી પ્રમાણે ચાલીને અને પંડીતને યથાર્થપણાથી વશ કરાવા... બહુ લામ્બું ખેંચનારો નાશ પામે છે (દીર્ઘ સુત્રી વીનશ્યતી)... ધન, મીત્ર, પત્ની તથા પૃથ્વી એ બધું ફરીથી મળી શકે છે; પણ શરીર ફરીથી મળતું નથી... લોકો હમ્મેશાં ગતાનુગતીક એટલે એકની પાછળ બીજો એમ ચાલનારા હોય છે, વીચાર કરનારા નથી... રાજા સદાચારી હોય તો પ્રજા સદાચારી હોય છે અને રાજા પાપી હોય તો પ્રજા પાપ કરનારી બને છે. પ્રજા રાજાને જ અનુસરે છે, જેવો રાજા તેવી પ્રજા. (યથા રાજા તથા પ્રજા)!'

વીતર્ક અને ભેદ લગભગ સગોત્ર છે. વીચારભેદ, રુચીભેદ, રસભેદ, મતભેદ, મનભેદ, દૃષ્ટીભેદ જેવા વ્યક્તી અને વ્યક્તીની વચ્ચે ભેદો હોઈ શકે છે અને એ માટે ભારતીય સંસ્કૃતીમાં વ્યક્તીનું હનન કરવામાં આવતું નથી, આવ્યું નથી. મતભેદ છે એટલે આધુનીક લોકશાહી ઉભી છે, મતભેદ જ

લોકશાહીની બુનીયાદ છે, લોકશાહીનો મુલાધાર છે. દરેક પ્રશ્નનો એકમાત્ર ઉત્તર જ હોવો જરુરી નથી, વીકલ્પ હોઈ શકે છે. તો જ નવા વીચારો પ્રગટી શકે છે. પશ્ચીમના ગમ્ભીર વીચારકો માને છે કે ઈસ્લામમાં માનનારાઓની 100 કરોડની આબાદી પૃથ્વી પર છે. મોરોક્કોથી અફઘાનીસ્તાન સુધીના ઈસ્લામી વીશ્વની સમ્પત્તી પુરા વીશ્વની સમ્પત્તી કરતાં વધી શકે છે; પણ એવું થયું નથી અને સૌથી પછાત આ ઈસ્લામી વીશ્વના દેશોના સમાજો છે, અશીક્ષીત, મુફલીસ, શોષીત, દીશાહારા, વસ્તુહારા. સ્ત્રીઓની પરતન્ત્રતા પણ એક પ્રમુખ નકારાત્મક આયામ છે, એવું ચીન્તકો માને છે. લગભગ બધા જ ઈસ્લામી દેશોમાં વીરોધપક્ષો કે વીરોધવીચારો લગભગ નગણ્ય છે. તર્કની સામે વીતર્ક નથી. એકતા છે; પણ અનેકતાને દબાવી દેવામાં આવે છે.

ચાર્વાક વીશે બહુ સાહીત્ય પણ લભ્ય નથી. જ્યારે જ્યારે ચાર્વાકના નામનો ઉલ્લેખ આવે છે ત્યારે એક વાક્ય સાથે સાથે જ બોલાય છે, જે ચાર્વાકે કહ્યું હતું : ‘દેવું કરીને પણ ઘી પીવું!’ ચાર્વાક હેડોનીસ્ટ છે, એપીક્યુરીયન છે, આજની ભાષામાં કહીએ તો અંશત: એક્ઝીસ્ટેન્સીએલીસ્ટ અથવા અસ્તીત્વવાદી છે. જુના સન્દર્ભ પ્રમાણે કહેવું હોય તો સ્થાપીત મુલ્યો સામે નવાં વીપ્લાવક અને ક્રાન્તીકારક મુલ્યોની મશાલ પ્રગટાવનાર વીચારક છે. એ આવતી કાલ કે અનાગતમાં માનતો નથી,

www.gujaratilexicon.com

એનો અભીગમ જીવનવાદી છે. પ્રાચીન કાળમાં આવા વીચારો પ્રગટ કરતા રહેવાનું દુ:સાહસ ચાર્વાક માટે કુપરીણામ બની ગયું. કીમ્વદન્તી એવી છે કે ચાર્વાકને એના વીચારો માટે જીવતો સળગાવી દેવામાં આવ્યો. એનું સર્જન પણ ખાસ ઉપલબ્ધ નથી. શક્ય છે કે નાશ કરી નાખવામાં આવ્યું હોય; પણ જે પ્રાપ્ત છે એ સ્ફોટક છે. ચાર્વાકના સમય વીશે મતાન્તર છે. ડૉ. રાધાકૃષ્ણનના મતાનુસાર ચાર્વાકનો સમય ઈસા પુર્વ ૩૦૦થી ૨૦૦નો હોવો જોઈએ; પણ કેટલાક વીદ્વાનો આનાથી વીપરીત અભીપ્રાય આપે છે. અનાચાર, કામાચાર, વામાચાર ચાર્વાકના વીચારોમાંથી જન્મેલી વીરાસત છે એવો એક મત છે. ચાર્વાકની ફીલસુફીને સંપુણત: ચરીતાર્થ કરે એવો અતી પ્રસીદ્ધ શ્લોક છે. એ શ્લોકનો ભાવાર્થ : 'જ્યાં સુધી જીવતા રહો, સુખથી જીવતા રહો. દેવું કરીને પણ ઘી પીઓ; કારણ કે ભસ્મ થઈ ગયેલા દેહનું ફરીથી આગમન કેવી રીતે થઈ શકે?' ચાર્વાકના વીચારો આજના યુગમાં પણ ક્રાંતીકારી અને ધારદાર મૌલીક લાગે છે તો એ ૨૨૦૦ કે ૨૩૦૦ વર્ષો પહેલાં કેટલા વીસ્ફોટક લાગતા હશે?

ચાર્વાકના કેટલાક વીચારોની સુચી એકત્ર થઈ શકી છે : 'સ્વર્ગ નથી અને નર્ક નથી, પરલોકથી સમ્પર્ક કરી શકે એવો કોઈ આત્મા નથી. વર્ણાશ્રમ સમ્બન્ધીત ક્રીયાઓ પણ ફલપ્રદ નથી. અગ્નીહોત્ર, ત્રણ વેદો, ત્રીદંડ ધારણ કરવું, ભસ્મનો લેપ

કરવો, આ બધું બુદ્ધીહીન અને પૌરુષહીન લોકોની આજીવીકા માટેનાં સાધનો છે. જો યજ્ઞમાં મારી નાખેલું પશુ સ્વર્ગમાં જતું હોય તો યજમાન પોતાના પીતાને જ યજ્ઞમાં મારીને સ્વર્ગમાં કેમ મોકલતો નથી? શ્રાદ્ધ મૃતકોને તૃપ્તી પહોંચાડતું હોય તો બુઝાઈ રહેલા દીપકને કેમ પ્રજ્વલીત કરી શકતું નથી? અહીં કરેલું દાન જો સ્વર્ગસ્થ વ્યક્તીને મળી શકતું હોય તો મકાનના ભોંયતળીયે અપાયેલું દાન મકાનની અગાશીમાં બેઠેલાને કેમ પહોંચતું નથી? મૃતકની પાછળ શ્રાદ્ધ એ બ્રાહ્મણોએ પોતાની આજીવીકા માટે ગોઠવેલું આયોજન છે. વેદની અન્દર જ એવું કહેવાયું છે કે અશ્વમેધીય અશ્વ–શીશ્ન યજમાનની પત્ની દ્વારા ગ્રાહ્ય છે.' આવી ઘણી વાતો કહી છે.

ચાર્વાકનું કહેવું છે કે : 'પ્રત્યક્ષ એ જ પ્રમાણ છે. આત્મા નથી, શરીર એ જ આત્મા છે, સ્વર્ગ આદી પરલોક નથી. પુણ્ય અને પાપ જેવા શબ્દો પણ માન્ય નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર ઘટકો પુરુષાર્થના નથી. પુરુષાર્થના બે જ ઘટકો છે, અર્થ અને કામ. વીષયસુખ અને મરણ એ બે જ મોક્ષ છે. મન એક જ ઈન્દ્રીય છે. જ્ઞાન પણ તત્વતઃ એક પ્રકારની ક્રીયા જ છે.' ચાર્વાકના તત્કાલીન વીચારો આજની અસ્તીત્વવાદી વીચારધારાની બહુ નીકટ આવી જાય છે. ચાર્વાક વીશે આપણી પાસે બહુ માહીતી નથી; પણ એ કદાચ આપણો સોક્રેટીસ હતો...!

www.gujaratilexicon.com

: ક્લોઝ અપ :

શક્કર ઘોલે જુઠ કી, ઐસે મીત્ર હજાર,

ઝેર પીલાવે સાંચ કો, એ વીરલા સંસાર (પ્રાચીન દુહો)

–ચન્દ્રકાન્ત બક્ષી

રવીવાર તા. 19 ફેબ્રુઆરી 2005ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની રવીવારીય પુર્તી 'રસરંગ'માંથી સાભાર..

(આ દૈનીકના પહેલા અંકના પ્રકાશનથી જ બક્ષીબાબુ એના કટારલેખક છે....હતા – એમ આજે તો લખવું પડે. છેલ્લે છેલ્લે લખાયેલા અને હજી ગ્રંથસ્થ નહીં થવા પામેલા કેટલાક લેખો સંઘર્યા છે તે હવે આપવા ઉમ્મીદ છે.. હવે એકે નવો લેખ થોડો મળી શકવાનો છે એમની પાસેથી! એક એક લેખ એટલે જાણે પાસાદાર હીરો! સમ્મત થવું, અર્ધસમ્મત થવું કે નાસમ્મત થવું કંઈ ફરજીયાત થોડું હોય?..ઉત્તમ ગજ્જર..)

@

050 : 21-05-2006

# આનંદઘનકો ક્યા?

–મધુકાન્તા ગજ્જર

અનુક્રમણીકા

વર્ષો પહેલાં 'આનંદઘન' નામના જૈન સાધુ થઈ ગયા. એમનું એક ભજન 'રામ કહો રહમાન કહો કોઉ' તો 'આશ્રમભજનાવલી'માં પણ છે જે ગાંધીજીને બહુ પ્રીય હતું.

તેઓ સંઘમાં નહીં ફરતાં, એકલા જ ફરવાનું પસંદ કરતા.

ફરતાં ફરતાં એકવાર તેઓ જોધપુર શહેરમાં આવી ચડ્યા. ત્યાં ઘણા જૈનો રહે. આનંદઘનને ત્યાં બધા ચમત્કારી સાધુ તરીકે ઓળખે. સૌએ રાજાને આ વાત જણાવી.

હવે જોધપુરના રાજાને ત્રણ ત્રણ રાણી. પણ એકેને પેટે સંતાન નહીં. રાજા અને પ્રજાને તેની ચીંતા સતાવે. બધા આનંદઘન સાધુને લઈ રાજાને મહેલે પધાર્યા. સાધુ માંડ માન્યા અને એક તાવીજ–માંદળીયું બનાવી આપી કહ્યું કે : 'એક

રાણીને બાવડે આ બાંધી રાખજો.' આટલું કહી મહારાજશ્રી તો વીહાર કરી ગયા.

પણ ત્યાં તો પછી ચમત્કાર થયો! જે રાણીને બાવડે તાવીજ બાંધ્યું હતું તે રાણીએ કુંવરને જન્મ આપ્યો. રાજા–પ્રજા સૌના આનંદનો તો પાર નહીં! સૌ આનંદઘેલા થઈ ગયા. સાધુ આનંદઘનની બધે તપાસ કરાવડાવી. પણ સાધુનો પત્તો જ નહીં લાગ્યો.

પછી ઓચીંતા બાર વર્ષે આનંદઘન જોધપુર પધાર્યા. પધરામણીની જાણ થતાં રાજા–પ્રજાએ તો આખું શહેર શણગાર્યું. વાજતે–ગાજતે સાધુ આનંદઘનની પધરામણી થઈ. રસ્તે સાધુ સૌને સતત પુછતા રહે કે : 'આ બધું છે શું? શેનો આવડો આનંદોત્સવ!!'

રાજમહેલમાં રાજાએ બધી વાત કરી. માંદળીયું આપ્યાની વાત આનંદઘનના સ્મરણમાં તો નહોતી; છતાં કહ્યું, ''લાવો તો, તે માંદળીયું! જોઉં તો ખરો!'' રાણીએ તે માંદળીયું આપ્યું.

સૌની વચ્ચે જ આનંદઘને તે ખોલ્યું અને અંદરથી એક લખેલી ચીઠ્ઠી કાઢી. તેમાં લખ્યું હતું:

‘રાની કો લડકા હુઆ, તો આનંદઘન કો ક્યા?
રાની કો લડકી હુઆી, તો આનંદઘન કો ક્યા?
ઔર અગર રાની કો કુછ ભી ન હુઆ તો,
આનંદઘન કો ક્યા?’

સાધુ આનંદઘને કહ્યું, “ચમત્કાર જેવું કંઈ છે જ નહીં. સાચા દીલની દુઆ કદાચ કામ કરતી હોય; પણ તેનીય સાબીતી શી? અને એમ હોય તો તેમાંય, ‘આનંદઘન કો ક્યા?’’, કહી સાધુ વીહાર કરી ગયા.

જીવનના આપણા બધા ઉધામા–અજંપા માટે આપણે આવો ભાવ કેળવી શકીએ તો!!

–મધુકાંતા ઉત્તમ ગજ્જર,
53-ગુરુનગર, વરાછા રોડ, સુરત–395006
ઈ–મેઈલ: madhuttamgajjar@gmail.com

@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧ થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો : ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com – સુરત